# आराहणा पणगं



# ※ शरणाष्टकम् ※

अनाद्यनन्तविश्वेऽस्मिन्नश्रान्तं भ्राम्यतो मम ।
अधुना केवलं ह्येकं, त्वमेव शरणं विभो ! ॥१॥
यत्र वा तत्र वा गत्वा, यं वा तं वा प्रणम्य च ।
यन्मयोपार्जितं पापं, तत्सर्वं क्षमयाम्यहम् ॥२॥
पिता माता तथा बन्धु-र्दयितो दयिताऽथवा ।
स्वामिन्नालं समुध्दर्तुं, निमज्जन्तं भवाम्बुधौ ॥३॥
गृहे वा विपिने वाऽपि, पण्ये वोपवनेऽपि वा ।
चेतस्त्वय्येव संसक्तं, रतिं न लभते मम ॥४॥
कीदृशो मन्दभाग्योऽहं, सति नाथे भवादृशे ।
मुक्त्वा त्वच्चरणोपास्तिं, विलसामि भवेऽनिशम् ॥५॥
हस्तमादाय मां नाथ !, त्वमिहानीतवानसि ।
मार्गमध्ये निराधार - मथ मां किं विमुञ्चसि ? ॥६॥
गुणानां नास्ति ते पार-मौदार्यं चाप्यनुत्तरम् ।
गुणमेकं न किं मह्यं, तेभ्यो नाथ ! प्रयच्छसि ॥७॥
इदं सुनिश्चितं विद्धि, करुणाम्भोनिधि ! प्रभो ! ।
त्वां मुक्त्वा कोटिकपटैः, श्रये देवं नचापरम् ॥८॥

श्री विजय देवसूरि ग्रंथमाळा

# આરાહણા પઈણ્ણગં

(સાનુવાદ)

* અનુવાદ *

પૂજ્ય આચાર્ય મ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ

* શુભાશીર્વાદ *

પૂજ્ય સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી મહારાજના શિષ્યા
પૂજ્ય સાધ્વીજીશ્રી સરસ્વતીશ્રીજી મ.

* નિમિત્ત *

પૂ. સાધ્વીજીશ્રી પદ્મલતાશ્રીજી મ.ના ૪૦ વર્ષના દીર્ઘ
દીક્ષાપર્યાયની અનુમોદના તથા તેઓનો સ્વાધ્યાય

* સંકલન *

પૂ. સાધ્વીજીશ્રી હેમલતાશ્રીજી મ.
તથા તેઓના શિષ્યા
સાધ્વીજીશ્રી ઈક્ષિતજ્ઞાશ્રીજી મ.

* પ્રકાશક *

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા
અમદાવાદ

❑ **પ્રકાશક :**
**શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા**
**અશોકભાઈ હિંમતભાઈ શાહ**
૩૩, અમૂલ સોસાયટી, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

❑ **પ્રાપ્તિસ્થાન :**
❑ **મહેશભાઈ શાંતિલાલ ભગત**
C/o દર્શન ટ્રેડર્સ
૬૦૮, રેલ્વેપુરા, જુના રેલ્વે સ્ટેશન સામે,
અમદાવાદ-૩૮૦ ૦૦૨.

❑ **શરદભાઈ ઈશ્વરલાલ શાહ**
બી/૧ વી.ટી. એપાર્ટમેન્ટ, કાળા નાળા,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

❑ **શ્રી સુશીલાબેન ઈશ્વરલાલ જૈન પૌષધશાળા**
ઠે. ચિંતામણિ સોસાયટી, હાઈવે,
સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫.

વીર સં. ૨૫૨૧ ★ વિ.સં. ૨૦૫૧ ★ સને ૧૯૯૫

❑ પ્રથમ આવૃત્તિ નકલ : ૧૦૦૦

❑ મૂલ્ય રૂપિયા દશ

❑ મુદ્રક : **એમ. બાબુલાલ પ્રિન્ટરી,**
રતનપોળ, અમદાવાદ-૧.



* પૂજ્ય સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મ. *

## અર્પણ

કરુણા સરળતા અને વત્સલતાની

આદર્શ મૂર્તિસમા

પરમતપસ્વિની પૂજ્ય સાધ્વીજી

## *શ્રી પદ્મલતાશ્રીજી મહારાજ*

## *(પૂજ્ય બા મહારાજ)*

ના પાવન કરકમલમાં

તેમનો મનગમતો આ

પાંચ આરાધનાનો સંગ્રહ

સાદર સમર્પણ કરી

યત્કિંચિત્

કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

– સાધ્વી હેમલતાશ્રી

– સાધ્વી ઈક્ષિતજ્ઞાશ્રી

# ※ અનુક્રમણિકા ※

પહેલી શ્રી મણિરથ મુનિરાજની આરાધના

ગાથા ૧ થી ૪૨ પાના નં. ૧ થી ૧૪

બીજી શ્રી કામગજેન્દ્ર મુનિરાજની આરાધના

ગાથા ૪૩ થી ૮૧ પાના નં. ૧૪ થી ૨૪

ત્રીજી શ્રી વજ્રગુપ્ત મુનિરાજની આરાધના

ગાથા ૮૨ થી ૧૩૦ પાના નં. ૨૪ થી ૩૬

ચોથી શ્રી સ્વયંભૂદેવ મહર્ષિની આરાધના

ગાથા ૧૩૧ થી ૨૩૭ પાના નં. ૩૭ થી ૬૬

પાંચમી શ્રી મહાયશ મુનિવરની આરાધના

ગાથા ૨૩૮ થી ૩૩૫ પાના નં. ૬૭ થી ૯૭

શ્રી શત્રુંજય તીર્થાધિરાજ સ્તોત્ર (સાનુવાદ)

પાના નં. ૯૮ થી ૧૧૧

નિન્દ્યો ન કોપિ વગેરે આઠ શ્લોક (પદ્યાનુવાદ)

પાના નં. ૧૧૨ થી ૧૧૫

# અનુમોદના

અમે અનુમોદના કરીએ છીએ તે
બે મહાનુભાવોની શ્રુતભકિતની કે જેઓએ
પરમ તપસ્વિની પૂજ્ય સાધ્વીજી
**શ્રી પદ્મલતાશ્રીજી મહારાજ (બા મહારાજ)**
પ્રત્યેની અપૂર્વ ભકિતથી પ્રેરાઈને
સામેથી આવો લાભ લેવાની ભાવના પ્રદર્શિત કરી અને
**'આરાહણા પણગં'** પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધો.

* * *

**ભાવનગર નિવાસી**
**શાહ લક્ષ્મીચંદ મનસુખલાલ, અ.સૌ. જસુમતીબેન**
**શાહ નરેન્દ્રકુમાર લક્ષ્મીચંદ, અ.સૌ. જયોતિબેન**
**ભાઈ રાકેશ, રીમલ, અભિષેક આદિ પરિવાર**
**(ભાવના પ્રેસવાળા)**
**તથા**
**અમદાવાદ (નીલમ ફલેટ્) નિવાસી**
**વોરા બાવચંદ પ્રેમજીભાઈ, શ્રી શાન્તાબેનના સુપુત્રો**
**વોરા નાથાભાઈ, ચંદુભાઈ, કિશોરભાઈ, અશોકભાઈ.**
**પુત્રવધૂઓ**
**અ.સૌ. રસિલાબેન, નિરંજનાબેન, રેખાબેન, દર્શનાબેન**
**પૌત્ર કેતનુકમાર, અ.સૌ. માનસીબેન,**
**પ્રપૌત્ર : કુશળકુમાર**
**તથા બેન નીલા, રમા, મનીષા આદિ પરિવાર.**

# પ્રકાશકીય

પૂજ્ય દાક્ષિણ્યચિહ્ન જૈનાચાર્ય શ્રી વિજય **ઉદ્યોતનસૂરીશ્વરજી મહારાજ** વિરચિત કુવલયમાલા કથામાં આવતી પાંચ મુનિરાજોની આરાધનાને અનુવાદ સહિત **'આરાહણા પણગં'** નામે અહિં પ્રકાશિત કરવામાં આવી રહી છે.

આરાધનાના અર્થી આત્માઓ માટે આ એક ખૂબ જ મજાનો સંગ્રહ છે, આના વાચન/મનનથી હૈયાની કોમળતા અને કર્મોની લઘુતા પ્રાપ્ત થયા વગર રહેશે નહિં. પૂ. આચાર્યશ્રી **હેમસાગર-સૂરીશ્વરજી** મહારાજે કરેલ અનુવાદના આધારે સાધ્વીજી શ્રી **હેમલતાશ્રીજી** મહારાજ તથા સાધ્વીજી શ્રી **ઈક્ષિતજ્ઞાશ્રીજી** મહારાજે આનું સંકલન કરીને તૈયાર કરેલ છે.

સાધ્વીજીશ્રી **પદ્મલતાશ્રીજી** મહારાજને આવી આરાધના ખૂબ ગમતી હોવાથી તેઓના સ્વાધ્યાય માટે જ આ ગ્રંથ પ્રકાશિત કરેલ છે. જે કોઈ અર્થી આત્માઓ એનો ઉપયોગ કરશે તેને પણ અચૂક લાભ થયા વગર નહીં રહે. આમાં પાપ કર્મના વિનાશમાં કારણભૂત ગણાતા તથાભવ્યત્વભાવના પરિપાકમાં સાધનભૂત 'ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા તથા સુકૃતની અનુમોદના' આ ત્રણનું સારી રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. છેલ્લે શ્રી શત્રુંજય તીર્થાધિરાજ સ્તોત્ર તથા 'નિન્દ્યો ન કોઽપિ' એ આઠ શ્લોકનો પદ્યાનુવાદ આપેલ છે. તથા **પૂ. સાધ્વીજીશ્રી પદ્મલતાશ્રીજી મ.**ના જીવનની આછી રૂપરેખા આપવામાં આવી છે.

**પ્રકાશક**

# વાત્સલ્યનો અખૂટ ઝરો

**લેખક - ગુણાનુરાગી**

સંસાર છોડી સંયમનો સ્વીકાર કરનાર કોણ એવો હોય કે જેના હૈયામાં વૈરાગ્ય ના હોય અને એવા વૈરાગ્ય વગર ભલા ! સંસાર છોડાય જ નહિં ને ?

પણ **સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મ.**ના હૈયામાં જે વૈરાગ્યની તીવ્રતા હતી તે બહુ ઓછામાં જોવા મળે. પૂર્વના કોઈ અજબ/ગજબના સંસ્કાર લઈને અવતરેલો એ આત્મા ભૂલભૂલમાં જ જાણે સંસારમાં આવી ચડ્યો હોય એવું લાગે, માનસ સરવોરનો હંસલો જાણે ભૂલો પડી નાનાશા તલાવડામાં આવી ગયો.

**જન્મભૂમિ અને ઉછેર**

ભરૂચ પાસેનું **આમોદ** ગામ એ એમનું જન્મસ્થાન. ગામ નાનું પણ સંસ્કારી, તાલુકાનું ગામ ગણાય, વેપારધંધો પણ સારો, આજુબાજુના ગામવાળા હટાણું કરવા ત્યાં આવે ગામમાં લાડવા-શ્રીમાળી અને વીશાશ્રીમાળી બન્ને જ્ઞાતિના જૈનોના ઘર હતા. નાના સરખા ગામમાં પણ ત્રણ જિનમંદિર, બે ઉપાશ્રયો અને ધાર્મિક પાઠશાળા હોવાથી સૌ ભાવથી ધર્મઆરાધના કરે.

અવારનવાર સાધુ-સાધ્વીજી મહારાજના ચોમાસાં પણ થાય. તેમના દ્વારા ધર્મની પ્રેરણા મળતી રહે.

ત્યાં વસતા વીશાશ્રીમાળી જ્ઞાતિના **શાહ વીરચંદ છોટાલાલ કાપડિયા** એ એમના પિતા. જેઓ પોતાની અટક પ્રમાણે જ કાપડનો ધંધો કરે. ગામમાં બાહોશ/પ્રામાણિક અને પ્રતિષ્ઠિત વેપારી તરીકેની તેમની છાપ.

જન્મદાત્રી માતાનું નામ **ઈચ્છાબેન**, પણ ફક્ત બે વર્ષની વયમાં જ કુદરતે એ શિરચ્છત્ર ઝૂંટવી લીધું. મા વિનાના બાળકનો ઉછેર કેવો મુશ્કેલીભર્યો હોય છે, એ કોનાથી અજાણ્યું છે ? પણ સદ્‌ભાગ્યે એમને દાદીમા **પાર્વતીબેન**ની છાયા મળી ગઈ. એમણે માની ગેરહાજરી વર્તાવા ન દીધી, એટલું જ નહિં પણ મા કરતાં સવાયાં લાડકોડથી એમણે એમને ઉછેર્યા. તેઓ ભદ્રિક સ્વભાવના અને ધાર્મિક વૃત્તિના હતા. તેની અસર પ્રભાબેનના મન ઉપર સારી પડી.

અપરમાતા **મોતિબેન** પણ તેમના ઉપર એવા જ હેત ને પ્રીત રાખતાં. મોટાભાઈ **સાકરચંદ** તથા નાના છ ભાઈ/બહેનો હતાં. તેમાં **શાંતિલાલ, મનુભાઈ** અને **વિનોદકુમાર** એ ત્રણ ભાઈઓ અને **પદ્માબેન, વિમળાબેન** અને **રમણબેન** એ ત્રણ બેનો. બધાના મનમાં પ્રભાબેનનું મોટાબેન તરીકેનું આદરભર્યું સ્થાન.

પોતાના કાકા **ડૉ. ત્રિભોવનદાસ** ઘણા જ ધાર્મિક વૃત્તિના, પૂજા/સામાયિક/પ્રતિક્રમણ વગેરે નિયમિત કરે. કાને ઓછું સાંભળતા પણ દવાખાનું બરાબર ચલાવે. એમને કુદરતી રીતે જ પ્રભાબેન ઉપર ઘણો સ્નેહ. તેઓ તેમને ધાર્મિક અભ્યાસ કરાવે, સંસ્કાર આપે અને ધર્મની સારી સારી બોધક વાતો પણ સંભળાવે.

આમ અંદરમાં રહેલા ધાર્મિક સંસ્કારોને જાગૃત થવાનું સુંદર નિમિત્ત મળી આવ્યું.

વહેવારિક છ ચોપડીનો અભ્યાસ આમોદમાં જ કરેલો, ચૌદ વર્ષની ઉમર સુધી દાદીમા પાર્વતીબેનની હૂંફ એમને મળી.

### ગૃહસંસાર

**અણખી** (જંબૂસર પાસે) ગામના વતની **શાહ દીપચંદ જીવચંદ શેઠ** તથા શ્રી **ડાહીબેન**ના નાના સુપુત્ર **હીરાલાલ**ની સાથે યોગ્યવયે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા. વ્યવસાયના કારણે તેઓ ત્યાંથી નીકળી

અમદાવાદ/સાબરમતી અને ગિરધરનગર આવીને વસેલા.

બન્ને ધાર્મિકવૃત્તિવાળા હતા પણ તેમાં પ્રભાબેનની ધર્મભાવના થોડી ચડિયાતી. આમેય મોટાભાગે બહેનોમાં ધાર્મિકવૃત્તિ વિશેષ જોવા મળતી જ હોય છે.

સાબરમતીના વસવાટ દરમ્યાન તેમને ઘણો મોટો લાભ થયો, ત્યાં રામનગરમાં દેરાસર/ઉપાશ્રયની એકદમ નજદીક જ ઘર. રોજ દર્શન/પૂજન અને વ્યાખ્યાન શ્રવણ કરવાનો નિયમ, ત્યાં બિરાજમાન **શ્રી આશા પૂરણ પાર્શ્વનાથ** તથા **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ** પ્રત્યે અપાર શ્રદ્ધા, મન મૂકીને તેની ભકિત કરે. વળી પૂ. સાધુ/સાધ્વીજીની ભકિત કરવાનો પણ ઘણો ઊંચો ભાવ. છોકરાઓ હરીફાઈ કરી પૂ. સાધુ/સાધ્વી મ.ને દોડતા ઉપાશ્રયે જઈ વહોરવા તેડી લાવે. ઉપાશ્રયની નજીક ઘર અને ભકિતની પ્રબળ ભાવના - આ કારણથી સાધુ/સાધ્વીજી ભગવંતો પણ હોંશથી તેમના ઘેર પધારતાં. પરિવારમાં બેન **ઈન્દુમતી**, ભાઈ **ધનસુખ**, ભાઈ **હસમુખ**, બેન **હંસા** તથા ભાઈ **પ્રવીણ** એમ ત્રણ પુત્રો અને બે પુત્રીઓ હતા. આ બધામાં ધાર્મિક સંસ્કાર પડે, તેઓ ધાર્મિક અભ્યાસ બરાબર કરે તે માટે પૂરી કાળજી અને કડકાઈ પણ રાખે, કોઈકવાર પૂજા કરવામાં કે પાઠશાળા જવામાં ગરબડ થઈ છે એવું જાણવા મળે તો એની કડક શિક્ષા કર્યા વિના રહે નહિં. તેઓ બધા પણ એવા જ સંસ્કાર લઈને આવેલા એટલે બહુ ઓછા પ્રયત્ને ધર્મના માર્ગે વળવા લાગ્યા અને ઓછાવત્તા વૈરાગ્યના રંગે પણ રંગાવા લાગ્યા.

## એક મહાન સુયોગ

પૂર્વના કેટલાએ મહાપુરુષોના જીવન પ્રસંગમાં જેવું જોવા મળે છે કે તેઓના જીવનના ઉત્થાનનું બીજ કોઈ સાધુ પુરુષના સમાગમથી જ થયું હોય, તેવું જ પ્રભાબેનના જીવનમાં પણ બન્યું.

વિ.સં. ૨૦૦૨માં પૂજ્ય આચાર્ય મ. **શ્રી વિજય અમૃત-સૂરીશ્વરજી મ.**ના ચાતુર્માસમાં મુનિરાજ **શ્રી દેવવિજયજી મ.** (હાલ આચાર્યશ્રી)નો પરિચય થયો. તેઓના લાગણીશીલ સ્વભાવે તથા વિશેષ પ્રેરણાએ આખા પરિવારને ધર્મની લગની લગાડી. બધા છોકરાઓ પણ તેમની પાસે ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા, તેમાં નવ વર્ષની વયના ભાઈ હસમુખમાં તેમને કંઈક વિશેષ ભાવના દેખાઈ. અને મનમાં એમ થયું કે એના ઉપર વિશેષ ધ્યાન દેવાય તો કંઈક સારું પરિણામ જરૂર આવશે. યોગાનુયોગ વિ.સં. ૨૦૦૩માં શાસન સમ્રાટશ્રી **વિજય નેમિસૂરીશ્વરજી મ.શ્રી**નું ચાતુર્માસ પણ શ્રી સંઘના અતિ આગ્રહથી સાબરમતી થયું. મુનિરાજ**શ્રી દેવવિજયજી મ.** (હાલ આચાર્યશ્રી) પણ ત્યાં બીજું ચાતુર્માસ તેઓશ્રીની નિશ્રામાં રહ્યા, તેમજ મુનિરાજ **શ્રી મેરુવિજયજી મ.** (સ્વ. આચાર્યશ્રી) પણ તે ચાતુર્માસમાં પૂજ્ય શાસનસમ્રાટ્ શ્રી આદિ સાથે ત્યાં પધાર્યા, ચાર માસ પર્યંત તેઓ બન્નેના સમાગમનો સુયોગ પ્રાપ્ત થવાથી પરસ્પર વિશેષ આત્મીયતા જન્મી તથા સ્નેહ/સદ્‌ભાવના પણ પ્રગટી.

બીજો પણ સુંદર સુયોગ આ જ અરસામાં તેઓને સાંપડ્યો અને તે એ કે -

પૂજ્ય સાધ્વીજીશ્રી **ચંપકશ્રીજી મ.**, પૂજ્ય સાધ્વીજી શ્રી **ચારિત્રશ્રીજી મ.** તથા પૂજ્ય સાધ્વીજી **શ્રી સરસ્વતીશ્રીજી મ.** આદિના પણ ત્રણ ત્રણ ચાતુર્માસનો લાભ. **સાબરમતી જૈન સંઘ** પણ આથી ધન્યતા અનુભવવા લાગ્યો. ભક્તિ વૈયાવચ્ચ કરવાના આવેલા અવસરને પામી પ્રભાબેનનો મનમોરલો નાચી ઉઠ્યો. ભક્તિ કરવા બેસે ત્યારે શરીર અને સ્થિતિ બધું જ વિસરી જાય.

તેઓનો સમાગમ/પ્રેરણા તથા વાત્સલ્યભાવ પણ પ્રભાબેનની ધર્મભાવના તથા વૈયાવચ્ચ ભાવનાને પુષ્ટ કરવામાં ઘણા જ નિમિત્તભૂત બન્યાં. આ બધાથી મનમાં ચોક્કસપણે એવું થઈ ગયું કે -

આપણે તો કોઈ એવા કર્મોદયે સંસારમાં પડ્યા પણ આપણા બાળકો-માંથી જેની પણ ભાવના થાય તેને આપણે રાજીખુશીથી સંયમના માર્ગે જવાની અનુમતિ આપવી, એટલું જ નહિં એ માટે પ્રેરણા પણ કરવી. ફળસ્વરૂપ ભાઈ હસમુખને એક વર્ષ પર્યંત પૂ. મહારાજશ્રીની પાસે અભ્યાસ માટે મૂકયો. એનાથી એની વૈરાગ્યભાવના પ્રબળ બની.

## મહાન કાર્યનો મંગળ પ્રારંભ

વિ.સં. ૨૦૦૫ના મહા વદિ પાંચમના દિવસે કોઠ (ગાંગડ) મુકામે સગાવહાલાં/સંબંધીઓની વિપુલ હાજરીમાં ખૂબ જ ઉલ્લાસથી બાર વર્ષની વયે ભાઈ **હસમુખ**ને પૂ. મુનિરાજ **શ્રી મેરૂવિજયજી મ.** (સ્વ. આચાર્યશ્રી) તથા પૂ. મુનિરાજશ્રી **દેવવિજયજી મ.** (હાલ આચાર્યશ્રી)ના વરદ હસ્તે દીક્ષા આપી એક પુણ્યાત્માને શાસનના ચરણે સમર્પિત કર્યો અને એથી પરિવારમાં એક મહાન કાર્યનો મંગલ પ્રારંભ થયો.

સાધ્વીજીશ્રી ચંપકશ્રીજી મ. તથા સાધ્વીજી શ્રી ચારિત્રશ્રીજી મ.ના પરિચય/પ્રેરણાએ બેન હંસાના હૃદયમાં પણ વૈરાગ્યના અંકુરા પ્રગટાવ્યાં અને તેમણે પણ તેઓની સાથે રહી અભ્યાસ/સંસ્કાર મેળવી ત્યાગમય જીવન જીવવાની ભૂમિકા તૈયાર કરી.

## આદર્શ ગણાય તેવી હિંમત

વિ.સં. ૨૦૦૯ના ફાગણ સુદિ ૫ના શ્રી રાણકપુર તીર્થની ઐતિહાસિક પ્રતિષ્ઠાના પ્રસંગે પૂજ્ય શાસનના સમ્રાટ્શ્રીનો મોટો સમુદાય વિહાર કરી રાજસ્થાન ગયો હતો.

બેન હંસાને દીક્ષા લેવાની પ્રબળ ભાવના જાગી.

અમદાવાદમાં એકાદ બનેલા એવા પ્રસંગના કારણે નાની ઉંમરનાને દીક્ષા આપવા/અપાવવાની કોઈ હિંમત કરે નહિં. આથી

બેન હંસાને રાજસ્થાનમાં જ દીક્ષા આપવામાં આવે તો સારું, એવું બધાએ વિચારીને નક્કી કર્યું. પૂજ્ય મહારાજશ્રીએ **સાદડી જૈન સંઘ**ને આ માટે વાત કરતાં તેઓએ સહર્ષ તે વાત વધાવી લીધી અને ઉત્સાહપૂર્વક દીક્ષાનો પ્રસંગ ઉજવવાની તૈયારી બતાવી. હીરાભાઈને એવા જ અનિવર્યા સંયોગના કારણે ત્યાં જઈ શકાય એવું હતું નહિ તેથી પ્રભાબેન એકલા બેન હંસાને લઈને સાદડી આવ્યા. ત્યાં પૂજ્ય આચાર્ય મ. **શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ.** આદિના વરદ હસ્તે ફાગણ વદ ૨ના દિવસે ઉલ્લાસપૂર્વક દીક્ષા અપાવી અને પોતે એકલા હિંમતપૂર્વક અમદાવાદ પરત આવી પણ ગયા. આ પ્રસંગ પછી પોતે જ્યારે જ્યારે વિચાર કરતા ત્યારે ત્યારે એ વખતે પોતાનામાં આવી ગયેલી હિંમત બદલ ખરેખર પોતે પણ આશ્ચર્ય અનુભવેલું, તો બીજાને આશ્ચર્ય થાય એમાં તો શી નવાઈ?

પોતાની મોટી પુત્રી **ઈન્દુમતી** તથા મોટા પુત્ર ભાઈ **ધનસુખ**ને સંયમના માર્ગે વાળવા માટેનો તેમને ઘણો ભાવ હતો પણ તેઓની તેવી ભવિતવ્યતાના કારણે તે સફળ થઈ શકયો નહિં.

## દીક્ષા માટેની તીવ્ર ઝંખના તથા દીક્ષા સ્વીકાર

પુત્ર/પુત્રીના સંયમ સ્વીકાર બાદ તથા મોટા પુત્રભાઈ ધનસુખના પાલેજના વતની શાહ અમૃતલાલ નાથાલાલની પુત્રી **કુમુદબેન**ની સાથે લગ્ન થયા બાદ પોતાની એક જવાબદારી પૂરી થવાથી પ્રભાબહેનને સંસાર વાસ આકરો લાગવા માંડ્યો. સંસારમાં રહે, જવાબદારીઓ પણ સંભાળે, છતાં મન માને નહિં. આમ પણ પહેલેથી જ એમને મોહ/માયા અને મમતાના એવાં વળગણો તો હતાં જ નહિં, તેમ છતાં જે થોડાં/ઘણાં પણ હતાં તેમાં એકદમ ઘટાડો થઈ ગયો.

દિવસને રાત બસ એક જ ઝંખના, કયારે મને સંયમ મળે અને કયારે આ જંજાળમાંથી હું મુકત થાઉં. વૈરાગ્યના તીવ્ર રંગે રંગાયેલા

તેમણે પોતાના આઠ-નવ વર્ષના પુત્ર ભાઈ પ્રવીણ ઉપરના મોહને એકદમ ઉતારી દીધો હતો.

સંયમ માટેની તીવ્ર તાલાવેલી સમયે સમયે તેઓ પોતાના પતિની આગળ રજૂ કરે અને સંસારમાં રહેવા અંગેનો તીવ્ર અણગમો પણ વ્યકત કરે. તે સાંભળી તેઓ હા, બરાબર છે, તમને અમારે દીક્ષા આપવી જ છે પણ હજી થોડીક વાર છે એમ કહીને વાયદા ઉપર વાયદા બતાવ્યા કરે. રોજે રોજ અપાતા એ વાયદાથી એકવાર તો તેઓ એકદમ અકળાઈ ગયા અને એ અકળામણ આવેશપૂર્વક ઘરમાં રજૂ પણ કરી, એનું સારું પરિણામ એ આવ્યું કે હીરાભાઈનું મન વિલંબ ન કરતાં તાત્કાલિક એમને દીક્ષા અપાવવા માટે ઉત્સાહિત થઈ ગયું.

એમનામાં રહેલા સંયમના દૃઢ રાગના કારણે જ તેઓના પ્રત્યેના મોહને ઉતારી, એમના વગર પડનારી અગવડતાને પણ લક્ષમાં લીધા સિવાય તરત જ પાંજરાપોળ આવી પૂ. પંન્યાસ શ્રી મેરુવિજયજીમ. (સ્વ. આચાર્યશ્રી)ને વાત કરી પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. પાસે દીક્ષાનું શુભ મુહૂર્ત જોવરાવ્યું. દિવસ આવ્યો વિ.સં. ૨૦૧૨ના જેઠ સુદિ ૩. દિવસ તો વચમાં માત્ર ચાર જ આડા હતાં. પણ એમને તો કયાં કશાનો મોહ હતો ? ન હોતી છપાવવી કંકોત્રી કે નહોતાં જમવા વાયણાં કે ન હોતાં કરવા ઘેર ઘેર પગલાં, લગની એક જ લાગી હતી સંયમ સ્વીકારવાની, દિવસો ભલે ટૂંકા હતા પણ ભાવ અદકેરો હતો ને ? અને એ ભાવે જ ખરેખર ચમત્કાર સર્જ્યો.

પાંજરાપોળમાં પૂ.આ.મ. **શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ.**, પૂ.આ. મ. **શ્રી વિજય નન્દનસૂરીશ્વરજી મ.** આદિના વરદ હસ્તે ધામધૂમથી વરસીદાનના વરઘોડાપૂર્વક અપૂર્વ આનંદોલ્લાસથી સંયમનો સ્વીકાર કર્યો.

દિવસોના દિવસો સુધી તૈયારી કરવા છતાં જેવો પ્રસંગ ન ઉજવાય તેવો ગણત્રીના કલાકો છતાં ઉજવાઈ ગયો. જોનારા સૌ આશ્ચર્યચકિત થઈ અત્યંત અનુમોદના કરવા લાગ્યાં.

## પરસ્પરનો અનુરૂપ સંયોગ

સંયમ સ્વીકાર્યા પછી તેઓ આરાધનામાં એકદમ લાગી ગયા. દાદી ગુરુ મહારાજ સાધ્વીજી **શ્રી ચંપકશ્રીજી મહારાજ** પાસેથી એમને એવા અપૂર્વ વાત્સલ્યની પ્રાપ્તિ થઈ કે જેથી સંસારના કોઈ સગાંસ્નેહી/ સંબંધીને યાદ કરવાનું એમને મન જ ન થાય.

વળી તેમના ગુરુમહારાજ **શ્રી ચારિત્રશ્રીજી મ.** પણ એવા જ ત્યાગી વૈરાગી અને પ્રભુભક્તિના રસીયા. કોઈની પણ સાથે ઝાઝી લપ્પન/છપ્પન કદી કરે નહિં. એ ભલાં ને એમનો સ્વાધ્યાય ભલો. જિનમંદિરમાં જાય એટલે દુનિયા આખી વિસરી જાય, ખાવા/પીવાનું પણ ભૂલી જાય. તેઓ મધુર કંઠથી સ્તુતિ સ્તવન ગાઈ પ્રભુ ભક્તિ કરતાં હોય કે પ્રતિક્રમણમાં સ્તવન/સજ્ઝાય બોલતાં હોય ત્યારે તે સાંભળવા દેરાસર કે ઉપાશ્રયની બહાર લોકો ટોળે વળતાં. ગુરુને શિષ્યા અને શિષ્યાને ગુરુ ભાવી.ગયા. જાણે સરખે સરખો યોગ જામી ગયો.

પોતાના સંસારી દીકરી સાધ્વી **શ્રી હેમલતાશ્રીજી મ.** પણ જ્ઞાનાભ્યાસ તથા તપ/ત્યાગમાં સારા આગળ વધી ગયા હતા. વિનય/વિવેક અને સરળતા તથા નમ્રતાદિ ગુણોના કારણે તેઓ પણ સાધ્વીસમુદાયમાં જુદા જ તરી આવતા હતા. તેઓ માતાની આરાધના/સાધનામાં બરાબર સહયોગી બની ગયા.

## આજ્ઞાસ્વીકાર એજ પરમાર્થ

આપણો વિચાર ગમે તે હોય અને સંયોગો પણ ગમે તેવા હોય પણ

ગુરુની આજ્ઞા એટલે આજ્ઞા, એમાં કોઈ બીજા વિકલ્પને અવકાશ જ ન હોવો જોઈએ.

આ વાત **પ્રભાબહેન**ના જીવનમાં ત્યારે ચરિતાર્થ થતી જણાઈ કે - જ્યારે ગિરધરનગરથી સુશ્રાવક શા. હીરાભાઈ તથા રતિભાઈ પટવા તેમની દીક્ષા ગિરધરનગરના આંગણે જ ઉજવાય તે માટે ભારપૂર્વક વિનંતિ કરવા આવેલા, અને પોતે પણ સાથે આવેલા. તેમના મનમાં એવું તો ખરું કે ગુરુ મહારાજ જો વિનંતિ સ્વીકારે ને દીક્ષા ગિરધરનગર થાય તો સારું જ છે. પણ જ્યારે પૂ. પંન્યાસ **શ્રી મેરુવિજયજી મહારાજે** તેમને એમ કહ્યું કે દીક્ષા પાંજરાપોળ થાય એ જ યોગ્ય છે. ત્યારે વચમાં કાંઈ પણ દલીલ કે તર્ક લાવ્યા સિવાય 'આપ જે કહો તે પ્રમાણ' એમ કહી ગુરુભગવંતની આજ્ઞાને હર્ષભર્યા હૈયે વધાવી લીધી.

**તારવાની તીવ્ર તાલાવેલી**

પોતે તો સંસારમાંથી નીકળ્યા પણ પોતાનો નાનો પુત્ર તથા પતિ પણ સંસારમાંથી કેમ જલ્દી નીકળે તેવી રોજ ભાવના ભાવે અને અવસર આવે ત્યારે તે માટે સચોટ પ્રેરણા પણ આપે. એમ કહેવાય છે ને કે સાચા દિલની ભાવના ફળ્યા સિવાય રહેતી નથી. એમની એ ભાવના ફળી અને વિ.સં. ૨૦૧૭ના માગસર સુદ ૫ના સૂરત મુકામે નાના પુત્ર ભાઈ **પ્રવીણે** પૂજ્ય ઉપા. **શ્રી મેરુવિજયજી મહારાજ** આદિના વરદ હસ્તે તથા એજ વર્ષે જેઠ સુદ ૪ના પોતાના પતિ **હીરાભાઈ**એ પણ અમદાવાદ ગિરધરનગરમાં મહોત્સવપૂર્વક પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.** શ્રી આદિના વરદ હસ્તે સંયમ સ્વીકાર્યું. અને તેઓ અનુક્રમે મુનિશ્રી **પ્રદ્યુમ્નવિજયજી** તથા **મુનિ શ્રી હીરવિજયજી**ના નામે જાહેર થયા.

**શબ્દો સાચાં પડ્યાં**

ભાઈ પ્રવીણ જ્યારે પાડાપોળ ઉપાશ્રયે અમદાવાદથી નીકળતી વેળાએ સાધ્વીજીને વંદન કરવા ગયેલો ત્યારે સાધ્વીજીશ્રી પદ્મલતાશ્રીજીના મુખમાંથી એકાએક શબ્દો સરી પડેલાં કે હવે જ્યારે તું મળે ત્યારે બીજા વેશમાં મળજે. મારે તને ફરી આ વેશમાં હવે જોવો નથી.

નિર્મળ હૃદયમાંથી નીકળતા શબ્દોનો પણ કેવા અજબગજબનો પ્રભાવ હોય છે, એમના એ શબ્દો જે સમયે બોલાયેલાં ત્યારે તો એની સફળતાના કોઈ ચિહ્નો દેખાતાં જ ન હતાં છતાં માતાના વાત્સલ્યભર્યા હૃદયમાંથી નીકળેલા એ શબ્દો જાણે મંત્રરૂપ જ શું હોય નહિ એ રીતે અચૂક ફળ્યા, એટલું જ નહિં પણ ખૂબ ઝડપથી ફળ્યાં, સારી રીતે ફળ્યાં, અને સૌનાં હૈયાં પુલકિત થઈ જાય તે રીતે ફળ્યાં.

**ઉત્કૃષ્ટ તપ/ત્યાગ અને સાધના**

પ્રભાબહેને ચાલુ વરસીતપમાં જ સંયમ લીધું હતું - એટલે તેના પારણાં થયાં કે તરત જ વર્ધમાનતપનો પાયો નાંખ્યો અને ક્રમશઃ આયંબિલ પ્રત્યે અથાગ પ્રીતિ કેળવવા લાગ્યા. ઓળી ઉપર ઓળી કરવા જ માંડી. વિહાર હોય કે સ્થિરતા હોય, ઉનાળો હોય કે શિયાળો હોય એમને મન બધું જ સરખું, આયંબિલમાં પણ અમુક દ્રવ્યો વાપરવાનો નિયમ રાખે. મૌન તો હાલતા/ચાલતાં કરે. વિ.સં. ૨૦૩૩માં શાંતિનગરના ચાતુર્માસમાં ૭૪/૭૫ બે વર્ધમાનતપની ઓળી મૌનપૂર્વક કરી. તન/મન તપના રંગે એવા તો રંગાઈ ગયા કે ઓળી પૂરી થવા આવે એટલે મન બેચેન બની જાય આગ્રહ કરીને પારણું કરાવવું પડે.

સો ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તેનો પ્રસંગ અમદાવાદ શાહીબાગ

**શેઠ જમનભાઈ ભગુભાઈ**ના બંગલે પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજય મેરુપ્રભસૂરીશ્વરજી મ.**, પૂજ્ય આચાર્ય **શ્રી દેવ-સૂરીશ્વરજી મ.** આદિ વિશાળ સંખ્યક સાધુ/સાધ્વીજીની હાજરીમાં ૬૮ છોડનું ઉજમણું તથા ભવ્ય જિનેન્દ્રભકિત મહોત્સવપૂર્વક ઉજવવામાં આવ્યો.

★ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી હતી.

★ એકવાર ૧૬ ઉપવાસ કર્યા. વર્ષમાં એકવાર અઠ્ઠમ અવશ્ય કરે જ છે.

★ વર્ષો થયાં આસો અને ચૈત્રમાસની શાશ્વતી ઓળી ગમે તેવા સંયોગોમાં પણ મૂકી નથી.

★ નવ વાર મૌનપૂર્વક ૨૦ દિવસમાં લાખ નવકારનો જાપ કર્યો.

★ વિ.સં.૨૦૪૨ થી કડા વિગઈનો તથા ફ્રૂટ-મેવો તથા મોટે ભાગે મિષ્ટાન્નો ત્યાગ કરેલ છે.

★ સ્તવન/સજ્ઝાય મધુર કંઠે/હલકથી ગાય એમાં ય 'બંભસારે વનમાં ભમતા' એ અનાથિમુનિની સજ્ઝાય ગાય ત્યારે તો પોતે તલ્લીન બની જાય અને સાંભળનારા ય ઠરી જાય. 'ટાઢક રહે તુજ સંગમાંરે, આકુલતા મીટી જાય' વગેરે તેમની મનગમતી સ્તવન પંકિતઓ છે.

## તીર્થયાત્રા તથા પ્રભુદર્શનની લગની

તીર્થયાત્રાનું નામ પડે કે તેઓ માંદા હોય તોયે સાજા થઈ જાય. દીક્ષા પહેલાં પાંચ વર્ષના ભાઈ પ્રવીણને પાડાપોળમાં રહેતા **જાસુદબેન**ને ભળાવી **સમેતશિખરજી**ની યાત્રા કરી આવેલા તથા **આબૂ - રાણકપુર - ગિરનાર - પાલીતાણા - કેસરીયાજી** વિ. તીર્થોની યાત્રા પણ કરેલી. પાનસર-શેરીસા-ભોયણી વગેરે નજીકના તીર્થોની યાત્રા તો પ્રસંગે પ્રસંગે કરતા જ રહેતા.

દીક્ષા પછી કચ્છની યાત્રા, ગિરનાર તીર્થની ત્રણવાર યાત્રા, **કાવી, ગાંધાર, જગડીયા, ઉપરિયાળા, શંખેશ્વર** વિ. તીર્થોની યાત્રા કરી તથા **શત્રુંજય ગિરિરાજ**ની ચારવાર નવ્વાણું યાત્રા કરી.

ભગવાનની ભક્તિ કરવાનો ખૂબ ઊંચો ભાવ, વિહારમાં પણ એમ ખબર પડે કે બે/ત્રણ માઈલ ઉપર અમુક ગામમાં દેરાસર છે અને પ્રાચીન ભગવાન છે. તો ત્યાં ગયેજ છુટકો કરે. કો'ક વાર પાછળથી ખબર પડે કે અમુક ગામમાં દેરાસર હતું ને ત્યાં જવાનું રહી ગયું તો જીવ બળી જાય. સાબરમતીમાં હોય ત્યારે રોજ બધા જ દેરાસરોના દર્શન કરવા જાય. એકાસણું હોય એટલે ખાવા/પીવાની તો ચિંતા જ ના હોય, દેરાસર/ઉપાશ્રય/વંદન/વ્યાખ્યાન શ્રવણ વગેરેમાં ખોવાઈ જાય. તપસ્વીને જોઈને બહુરાજી થાય, તેની હૃદયથી અનુમોદના કરે, તેઓને શાતા પૂછે અને તેમની કાંઈ પણ ભક્તિ હોય તો ખૂબ જ ભાવથી કરે.

## નિરાળું વ્યક્તિત્વ

નેહ નિતરતાં નમણાં નેત્રો, વાત્સલ્યના અખૂટ ઝરા સમું હૈયું અને તપ/સંયમના અપાર્થિવ તેજથી ઝળહળતી તેમજ સદાય સુપ્રસન્ન મુખમુદ્રા.

આમ સૌ કરતાં નિરાળું તેમનું વ્યક્તિત્વ, જોતાંની સાથે જોનારાના હૈયામાં અહોભાવ જાગ્યા વિના રહે નહિ અને આપોઆપ બે હાથ જોડાઈ જાય અને મસ્તક પણ ઝૂકી જ પડે. વિકસિત કમળના જેવી નિરંતર સ્મિત વેરતી તેમની મુખાકૃતિ તેમના હૈયામાં અવિરત વહેતા શાન્તરસના ઝરણાંની પ્રતીતિ કરાવ્યા વિના રહેતી નથી. તેઓ જ્યાં બેઠા હોય ત્યાં ચોમેર એવું શાન્ત/મધુર અને પ્રસન્ન આભામંડળ-વાતાવરણ છવાઈ જાય છે કે ત્યાં આવનાર અવશ્ય તેનો અચૂક અનુભવ કર્યા સિવાય રહે નહિં.

શું **'ૐ શ્રી શાન્તિનાથાય નમઃ'**ની નિયમિતપણે રોજ ગણાતી ૩૦૦ માળાનો જ એ પ્રભાવ કેમ ના હોઈ શકે એમ પરિચિતોને મનમાં વિચાર આવી જાય. પોતાના નિકટના સ્વજનો પ્રત્યે કે પરિચિતો પ્રત્યે એમણે કદી મોહ/મમતા કે માયા તો રાખ્યાં જ નથી. કોઈ આવે તો સંસારની કે કોઈની ટીકા/ટિપ્પણની વાત નહિં. પોતાની પાસે કોઈ આવ્યો તો કંઈક ધર્મ પામીને જ જવો જોઈએ. એવું એમને મનમાં રહે, આવનારને પ્રભુપૂજા/સામાયિક/પ્રતિક્રમણ, રાત્રિ- ભોજન તથા અભક્ષ્ય ભક્ષણ ત્યાગની વાત સમજાવે અને તેનો નિયમ આપે. એમની કહેવાની રીત એવી કે સામી વ્યકિત તેનો ઈન્કાર કરી શકે નહીં.

એમના શિષ્યા સાધ્વી **શ્રી મોક્ષલતાશ્રીજી (મુનિ શ્રી રાજહંસવિજયજીના સંસારી માતુશ્રી)** ચારેક વર્ષ દીક્ષા પર્યાય પાળી સુંદર આરાધના કરી વિ.સં. ૨૦૪૬માં ભાવનગરમાં સમાધિપૂર્વક કાળ- ધર્મ પામ્યા.

એમના હૈયામાં રહેલા વૈરાગ્યભાવનો સચોટ પરિચય તો તેમના સંસારી પુત્ર ભાઈ **ધનસુખલાલ** સં. ૨૦૫૧ના ભાદરવા સુદ ૧ના એકાએક સ્વર્ગવાસી થયાના સમાચાર જાણવા મળતાં મનમાં કે મુખ ઉપર શોક સંતાપનો ભાવ વ્યક્ત ન થવાં દેતાં તે વખતે સંસારની અસારતા અને જીવનની ક્ષણ ભંગુરતાનો વિચાર કરી જે સ્વસ્થતા રાખી હતી તેનાથી સૌને થયો. એમના હૈયામાં રહેલી દઢ ધર્મભાવનાના કારણેજ એક જ ઘરમાંથી પોતાની સાથે પાંચ/પાંચ આત્માઓ સંયમ સ્વીકારનારા બન્યા. તેમાં **મુનિરાજ શ્રી હીરવિજયજી મ.** ૨૩ વર્ષનો દીક્ષા પર્યાયપાળી ખૂબજ સુંદર આરાધના કરી વિ.સં. ૨૦૪૧ કારતક સુદ ૧૫ના દિવસે અમદાવાદ દેવકીનંદનમાં સમાધિપૂર્વક સ્વર્ગે સંચર્યા. **આચાર્ય શ્રી વિજય**

**હેમચંદ્રસૂરીશ્વરજી મ.** તથા પૂજ્ય પંન્યાસ**શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ** અપૂર્વ વિદ્વતા મેળવી સાહિત્યની મહાન સેવા કરી રહ્યા છે તથા વ્યાખ્યાનાદિ દ્વારા ધર્મોપદેશ આપી જિનશાસનની મહાન પ્રભાવના કરી રહ્યા છે. તથા સાધ્વીજી **શ્રી હેમલતાશ્રીજી મ.** પણ તપ/ત્યાગ અને નિર્મળ સંયમની આરાધના કરવા પૂર્વક અનેક આત્માઓને ઉપદેશ/ પ્રેરણા આપી કલ્યાણ કરી રહ્યાં છે. નાની નાની ઉંમરની ગ્રેજયુએટ બહેનો તેમના ઉપદેશથી પ્રતિબોધ પામી સંયમી બન્યા છે. તેઓ પણ ૧૯/૨૦ જેટલી સંખ્યામાં જ્ઞાન/ધ્યાન અને તપ/ત્યાગની આરાધના કરી સ્વ/પર કલ્યાણ કરી રહ્યા છે.

બા મહારાજના વ્હાલસોયા નામથી જાણીતા અને સૌના માનીતા તેઓ અત્યારે ૮૨ વર્ષ જેવી બુઝર્ગ વયે પણ અદમ્ય ઉલ્લાસથી તપ/સંયમની આરાધનામાં પોતાનું બળ/વીર્ય ફોરવી રહ્યા છે.

શરીર ભલે ઘરડું થયું અને પગ પણ ભલે થાકયા છતાં મનનો ઉત્સાહ કદીયે ઓછો થયો નથી. લગની એક જ કર્મ ખપાવવાની અને ઝટપટ મુક્તિ મેળવવાની, તેઓની સરળતા, નિર્દોષતા, નિર્મોહિતા, ભવભીરુતા અને મન્દકષાયિતા વગેરે ગુણો જ્યારે જોઈએ ત્યારે એવું લાગ્યા વગર રહેજ નહિં કે આ આત્મા અલ્પસમયમાં પોતાનો અવશ્ય નિસ્તાર કરી દેશે.

**પૂ. સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મહારાજે** વિ.સં. ૨૦૧૬માં સૂરત મુકામે પૂ. મહારાજજીની પાસે સંસારીપણામાં અભ્યાસ કરી રહેલા પૂ. પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજ સાહેબને શિખામણ આપતો લખેલો પત્ર.

પૂજ્ય ચંપકશ્રીજી મહારાજ તથા પૂજ્ય ચારિત્રશ્રીજી મહારાજ તથા હેમલતાશ્રીજી તથા પદ્મલતાશ્રીજી આદિ ઠાણા સૂરત મધ્યે ધર્મપ્રેમી સુશ્રાવક ભાઈ પ્રવીણ - તારો કાગળ મળ્યો. વાંચી અત્યંત આનંદ થયો છે. તેં આઠ દિવસના પૌષધ કર્યા તેમજ બે ઉપવાસ કર્યા તેની પણ અનુમોદના કરીએ છીએ. ભાઈ તેં તો મહારાજજીની છાયામાં રહીને ઘણો જ તફાવત કરી દીધો લાગે છે. ભાઈ ખરૂં તો એ જ છે કે અત્યારે તું જે કાર્ય કરી રહ્યો છે એ જ સાચું છે. તે તું સમજી ગયો તો મારા જીવને ઘણો જ આનંદ થયો છે. ભાઈ તું જે રસ્તે જવા માગે છે એને માટે મારા ખરા હૃદયથી તને આશીર્વાદ આપું છું કે - તું પ્રભુના શાસનને શોભાવનાર થજે અને જૈન ધર્મનું મહત્ત્વ વધારીને પોતાનું તથા પારકાનું કલ્યાણ કરનાર થજે. શાસનદેવ તને સહાય કરે એવી મારી આશા છે. ઈન્દુબેન ત્યાં આવે તો ધર્મલાભ કહેજે અને કહેજે કે ખામણાનો પણ કાગળ લખ્યો નથી. મહારાજજીની ભકિત કરવી જોઈએ તો ભકિત જરૂરથી કરતો રહેજે. ઉપકારીનો બદલો હંમેશા હૃદયમાં ખટકવો જોઈએ. કાગળ અવારનવાર લખજે. એજ -

**દ. પદ્મલતાશ્રીજીના ધર્મલાભ**

# પૂ. સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મહારાજને મનગમતી

## શ્રી અનાથી મુનિની સજ્ઝાય

(રાગ - પ્રભુ પાસનું મુખડું જોવા)

બંભસારે વનમાં ભમતાં, ઋષિ દીઠો રયવાડી રમતાં
રૂપ દેખીને મન રીજ્યો, ભારે કર્મી પણ ભીંજ્યો... ૧

પાણિ જોડીને એમ પૂછે, સંબંધ તમારે શું છે,
નરનાથ હું છું અનાથ, નથી મારે કોઈ નાથ... ૨

હરખે જોડી કહે નાથ, હું થાઉં તમારો નાથ,
નરનાથ તું છે અનાથ મુજને કરે છે સનાથ... ૩

મગધાધિપ હું છું મોટો, શું બોલે છે ભૂપ ખોટો,
તું નાથપણું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે... ૪

નયરી કોશાંબીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી,
એક દિન મહારોગે ઘેર્યો, કેને તે પાછો ન ફેર્યો... ૫

માતપિતા છે મુજ બહુ મહિલા, વહેવરાવે આંસુના રેલા,
વડા વડા વૈદ્યો તેડાવે, પણ વેદના કોઈ ન હઠાવે... ૬

એહવું જાણી તવ શૂલ, મેં ધાર્યો ધર્મ-અમૂલ,
રોગ જાયજો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત... ૭

એમ ચિંતવતા વેદના નાઠી, આખડી બાંધી મેં કાઠી,
બીજે દિન સંયમભાર, લીધો ન લગાડી વાર... ૮

અનાથ સનાથનો વહેરો, દાખ્યો તુમને કરી ચહેરો,
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ... ૯

શ્રેણિક સમકિત તિહાં પામ્યો, અનાથીને શિર નામ્યો
મુગતે ગયા મુનિરાય, ઉદયરત્ન વંદે ઉવજ્ઝાય... ૧૦

# પૂજ્ય સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મહારાજને મનગમતું
# શ્રી ઋષભદેવ ભગવાનનું સ્તવન

જી રે આજ સફળ દિન માહરો, દીઠો પ્રભુનો દેદાર (૨)
લય લાગી જિનજી થકી, પ્રગટ્યો પ્રેમ અપાર (૨) ... ૧

ઘડીએ ન વિસરો હો સાહિબા, સાહિબા ઘણો રે સનેહ (૨)
અંતરજામી છો માહરા, મરુદેવીના નંદ, સુનંદા કંત - ઘડીયે ... ૨

સાહિબા લઘુ થઈ મન માહરું તીહાં રહ્યું, તમારી સેવા ને કાજ (૨)
તે દિન કયારે આવશે, હોશે સુખનો આવાસ. (૨) ઘડીએ ... ૩

જી રે પ્રાણેશ્વર પ્રભુજી તમે, આતમના રે આધાર. (૨)
મ્હારે પ્રભુજી તુમ એક છો, જાણજો નિરધાર. (૨) ઘડીએ... ૪

સાહિબા એક ઘડી પ્રભુજી તુમ વિના, જાએ વરસ સમાન (૨)
પ્રેમ વિરહ હવે કેમ ખમું ? જાણો વચન પ્રમાણ (૨) ઘડીએ ... ૫

સાહિબા અંતરગતની વાતડી, કહો કેમે કહેવાય ? (૨)
વ્હાલેશ્વર વિસવાસીયા, કહેતાં દુખઃ જાય, સુણતાં સુખ થાય.
ઘડીએ ... ૬

સાહિબા દેવ અનેક જગમાં વસે, તેહની ઋદ્ધિ અનેક, (૨)
તુમ વિના અવરને નહિં નમું, એહવી મુજ મન ટેક (૨) ઘડીએ ... ૭

જી રે પંડિત વિવેક વિજય તણો, પ્રણમે શુભ પાય, (૨)
હરખવિજય શ્રી ઋષભના, જુગતે ગુણ ગાય (૨) ઘડીએ ... ૮

# आराहणापणगं

## (આરાધનાપંચક-સાનુવાદ)

'जयउ सव्वण्णु सासणं'

नमो नमियनमियाणं, परमगुरुवीयरागाणं ।

सिरिणेमिसूरीसपयंबुजे नमो ।

सिरिउज्जोयणसूरिविरइय कुवलयमालाकहा अंतग्गयं

अंतगडकेवलिपणग- कयकम्मझोसणानिरूवगं

# आराहणापणगं

## (गा. १-४. अंतगडकेवलिनामनिद्देसपुव्वं कम्मझोसणापरूवणं)

मणिरहकुमारसाहू कामगइंदो वि मुणिवरो भयवं ।
वईरगुत्तो य मुणी सयंभुदत्तो (? देवो) महरिसि त्ति ॥१॥

महरहसाहू य तहा पंच वि एए तवं च काऊग ।
वीरवरस्स भगवओ अंते आलोयणं दाउं ॥२॥

आराहेऊण तओ जिणोवइट्ठेण चेव मग्गेणं ।
निट्ठवियअट्ठकम्मा अंतगडा केवली जाया ॥३॥

जह मुणिवरेहिं एएहिं झोसियं कम्मसेन्नमसुहं पि ।
तह अन्नेण वि मुणिणा झोसेयव्वं पयत्तेणं ॥४॥

## પૂજ્ય આચાર્ય શ્રી ઉદ્યોતનસૂરિ
## વિરચિત કુવલય માળા કથા

# અન્તર્ગત પાંચ અંતગડ કેવલીએ કરેલી
# કર્મખપાવવાની ક્રિયાનું નિરૂપણ કરનાર

# આરાધના પંચક

## (ગા.૧-૪) અંતગડ કેવલીના નામનિર્દેશપૂર્વક
## કર્મસંલેખના નિરૂપણ)

શ્રી મણિરથકુમાર સાધુ, બીજા કામગજેંદ્ર મુનિવર, ત્રીજા વજ્રગુપ્ત મુનિ અને ચોથા સ્વયંભૂદત્ત નામના મહર્ષિ. ૧

પાંચમા મહારથ સાધુ - આ પાંચે મુનિવરોએ તપ કરીને તથા વીર પરમાત્માની પાસે આલોચના આપીને. ૨

ત્યારબાદ શ્રી જિનેશ્વર દેવે ઉપદેશેલા માર્ગ વડે જેઓએ આઠ કર્મ ખપાવ્યા એવા તે પાંચે અંતકૃત્ કેવલી થયા. ૩

જેમ આ મુનિવરોએ અશુભ એવા કર્મ સૈન્યને હરાવ્યું - દૂર કર્યું તેજ રીતે બીજા મુનિએ પણ પ્રયત્ન પૂર્વક ખપાવવું જોઈએ. ૪

## (सु. ५ भगवंवद्धमाणसामिवयणेण मणिरहमुणिणो संलेहणापडिवत्ती)

साहियं च भगवया सव्वण्णुणा मणिरहकुमारसाहुणो जहा तुज्झ थोवं आउयं ति जाणिऊण जहासुहं संलेहणाकम्मं पडिवज्जिऊण उत्तिमठाणाराहणं (? काउं) ति।

तओ मणिरहकुमारेण वि 'इच्छं' ति अणुमण्णमाणेण समाढत्ता चउखंधा आराहणा काउं। कयसंलेहणाकम्मो दिण्णालोयणवित्थरो णिसण्णो तक्कालप्पाओग्गे फासुयसंथारए ॥५॥ तत्थ भणिउं समाढत्तो, अवि य -

## (गा. ६-४१. मणिरहमुणिकया चउक्खंधा आराहणा)

पणमामि तित्थनाहं तित्थे तित्थाहिवं च उसभजिणं।
अवसेसे तित्थयरे वीरजिणिंदं च नमिऊणं ॥६॥

णमिऊण गणहरिंदे आयरिए धम्मदायए सिरसा।
णमिऊण सव्वसाहू चउव्विहाराहणं वोच्छं ॥७॥

णाणे १ दंसण २ चरणे ३ वीरिय ४ आराहणा चउत्थी उ।
णाणे अट्ठवियप्पा, तं चिय वोच्छामि ता निउणं ॥८॥

## (ભગવાન વર્ધમાન સ્વામીના વચનથી મણિરથમુનિએ કરેલો સંલેખનાનો સ્વીકાર)

સર્વજ્ઞ ભગવાને મણિરથકુમાર મુનિને કહ્યું કે - હવે તારું અયુષ્ય થોડું બાકી છે એમ જાણીને યથાસુખ સંલેખના-કર્મ અંગીકાર કરી ઉત્તમ સ્થાનની આરાધના કર.

ત્યાર પછી મણિરથકુમારે 'ઈચ્છ' એમ કહી તે આજ્ઞાને અનુસરીને ચાર સ્કંધવાળી (પ્રકારની) આરાધના શરૂ કરી - સંલેખના કર્મ કર્યું, આલોચના વિસ્તારથી સ્વીકારી. તે કાળને યોગ્ય ફાસુક (નિર્દોષ) સંથારામાં તે બેઠા અને ત્યાં કહેવાની શરૂઆત કરી. ૫

## શ્રી મણિરથ મુનિએ કરેલી ચાર વિભાગની આરાધના

હું તીર્થનાથ, તીર્થ અને તીર્થાધિપતિ ઋષભદેવને તથા વીર જિનેશ્વરને અને બાકીના જિનેશ્વરોને પ્રણામ કરું છું. ૬

મસ્તક વડે ગણધર ભગવંત તથા ધર્મદાયક આચાર્યોને નમસ્કાર કરીને, સર્વ સાધુઓને નમસ્કાર કરીને ચાર પ્રકારની આરાધના કહીશ. ૭

તેમાં જ્ઞાનની, દર્શનની, ચારિત્રની અને વીર્યાચાર આ ચારની આરાધના કહીશ. તેમાં પ્રથમ જ્ઞાનના આઠ પ્રકારો કહીશ. ૮

(णाणाराहणा-१ )

पढमं काले विणए बहुमाणुवहाण तह अणिण्हवणे।
वंजण अत्थ तदुभए णाणस्साऽऽराहओ तेसु ॥९॥

जो काले सज्झाओ सो ण कओ, जो कओ अकालम्मि।
जं जहकालं ण कयं तं णिंदे तं च गरिहामि ॥१०॥

अब्भुट्ठाणं अंजलि आसणदाणं च विणयपडिवत्ती।
जा न कयऽम्ह गुरूणं तमहं निंदामि भावेणं ॥११॥

भावेण अणुदिणं चिय एस गुरू पंडिओ महप्पा य।
ण कओ जो बहुमाणो मिच्छा हो दुक्कडं तस्स ॥१२॥

जं जत्थ तवच्चरणं अंगोवंगेसु तह पइण्णेसु।
ण कयं उवहाणं मे इण्हिं निंदामि तं सव्वं ॥१३॥

असुयं पि सुयं भणियं, सुयं पि असुयं ति मूढभावेणं।
अण्णाए णिण्हवियं तमहं णिंदामि भावेणं ॥१४॥

मत्ता-बिंदुवियप्पं काउं अण्णत्थ जोडियं अत्थं।
वंजणविवंजणेण य एण्हिं निंदामि तं पावं ॥१५॥

अमयप्पवाहसरिसे जिणवयणे जं कहाविमूढेण।
अत्थस्स विवज्जासो रइओ निंदे तयं पावं ॥१६॥

કાળ, વિનય, બહુમાન, ઉપધાન, ન ઓળવવું, વ્યંજન, અર્થ, તદુભય એમાં જ્ઞાનની આરાધના છે. ૯

જે કાળે સ્વાધ્યાય કહ્યો તે કાળે તે ન કર્યો. અકાળે કર્યો. યોગ્ય કાળે જે ન કર્યું તેની નિંદા કરું છું અને ગર્હા કરું છું. ૧૦

ગુરુમહારાજ આવતાં અભ્યુત્થાન (ઊભા થવું), અંજલિ કરવી (નમસ્કાર કરવા), આસન આપવું વગેરે રૂપ વિનય મારાથી ન સેવાયો, તેની ભાવથી નિંદા કરું છું.

ગુરુમહારાજ પંડિત મહાત્મા છે એમ ભાવથી હંમેશા બહુમાન ન કર્યું એ મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૧૨

અંગ, ઉપાંગ, પયન્નાદિ સૂત્રમાં મેં યોગવહન ન કર્યા તે સર્વની હું નિંદા કરું છું. ૧૩

મેં મૂઢ ભાવથી અશ્રુતને શ્રુત કહ્યું, શ્રુતને અશ્રુત કહ્યું, અજ્ઞાનથી શ્રુત છુપાવ્યું તેની ભાવથી નિંદા કરું છું. ૧૪

માત્રા, બિંદુ, વિકલ્પ કરી જુદો અર્થ કર્યો, વ્યંજન આડો અવળો જોડ્યો તે પાપને હું નિંદું છું.૧૫

અમૃત જેવા જિનવચનોનો કથા કહેવામાં મૂઢ એવા મેં વિપરીત અર્થ કર્યો તે પાપની નિંદા કરું છું. ૧૬

सुत्त-ऽत्थाणं दोण्ह वि मोहेण व अहव होज्ज हासेणं।
जो कह वि विवज्जासो एण्हि निंदामि तं पावं ॥१७॥

उस्सुत्तो उम्मग्गो य अकरणिज्जो व्व एत्थ जो जोगो।
मोहंधेण ण दिट्ठो संपइ आराहिमो णाणं ॥१८॥

एसो णाणायारो भयवं जइ खंडिओ मए कह वि।
मिच्छामि दुक्कडं तं, संपइ अह दंसणं वोच्छं ॥१९॥

(दंसणाराहणा -२)

णिस्संकिय णिक्कंखिय णिव्वितिगिच्छा अमूढदिट्ठी य।
उववूह थिरीकरणे वच्छल्ल पभावणे अट्ठ ॥२०॥

सच्चं जिणाण वयणं, एत्थ वियप्पो ण चेव कायव्वो।
'एवं होज्ज ण होज्ज व ?' जह मह संका तयं णिंदे ॥२१॥

गिण्हामि इमं दिक्खं एयं लिंगं इमो य परमत्थो।
मूढेण कंखिओ मे मिच्छा हो दुक्कडं तस्स ॥२२॥

'मह होज्ज ण वा मोक्खो ?' आयरियाईण जा य वितिगिच्छा।
जइ मे कह वि कया सा णिंदामिह पावयं एण्हिं ॥२३॥

दट्ठूण रिद्धिपूयं परवाईणं कुतित्थिमग्गेसु।
जइ मह दिट्ठी मूढा एण्हिं णंदामि तं पावं ॥२४॥

સૂત્ર અને અર્થ બંનેનો અજ્ઞાનથી તથા હાસ્યથી જે કંઈ વિપરીતાર્થ (જુદો અર્થ) કર્યો તે પાપની નિંદા કરું છું. ૧૭

મેં મોહાન્ધે ઉત્સૂત્ર, ઉન્માર્ગ, ન કરવા લાયક યોગ જોયાં નહિ. હવે જ્ઞાનારાધના કરું છું. ૧૮

હે ભગવંત ! મેં કોઈ પણ પ્રકારે આ જ્ઞાનાચાર ખંડિત કર્યો હોય તો તેનું પાપ નિષ્ફળ જાઓ. હવે દર્શનારાધના કહું છું. ૧૯

શંકારહિત, આકાંક્ષારહિત, વિચિકત્સારહિત, અમૂઢ દષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ દર્શનાચારના આચારો છે. ૨૦

જિનેશ્વરોનાં વચન સત્ય છે. એમાં વિકલ્પ કે શંકા ન કરવી. 'આ વાત સત્ય હશે કે કેમ ?' એવી શંકા કરી હોય તો તેની હું નિંદા કરું છું. ૨૧

'બીજા મતનાં દીક્ષા કે વેષ ગ્રહણ કરું છું. એમાં જ પરમાર્થ છે.' એવી આકાંક્ષા મૂઢતાથી મેં કરી હોય તો તે મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૨૨

મોક્ષ હશે કે કેમ ? એવી શંકા કરી, તથા આચાર્ય વગેરેની જો મેં કંઈ પણ વિચિકિત્સા કરી હોય તો તે પાપની હું અહીં નિંદા કરું છું. ૨૩

પરવાદી, કુતીર્થ કે કુમાર્ગની ઋદ્ધિ તથા પૂજા જોઈને જો મને મૂઢ દૃષ્ટિ થઈ હોય તો તે પાપની હું નિંદા કરું છું. ૨૪

खमगं वेयावच्चं सज्झाए चेव वावडं साहुं।
उववूहणा य ण कया एस पमाओ तयं णिंदे ॥२५॥

साहूकिरियासु कासु वि दट्ठुं सीयंतयं मुणिं ण कया।
बहुदोसु माणुस्से थिरिकरणा निंदिरे तमहं ॥२६॥

गुरु-बाल-तवस्सीणं समाणधम्माण वा वि सव्वाणं।
वच्छल्लं ण कयं मे आहाराईहिं तं निंदे ॥२७॥

मेरु व्व णिप्पकंपं जिणाण वयणं तहा वि सत्तीए।
ण कयं पभावणं मे एस पमाओ तयं निंदे ॥२८॥

पावयणी धम्मकही वाई णेमित्तिओ तवस्सी य।
विज्जासिद्धो य कवी अट्ठेव पभावया भणिया ॥२९॥

सव्वाणं पि पसंसा कायव्वा सव्वहा विसुद्धेण
सा ण कया तं णिंदे सम्मंत्ताराहणा सा हु ॥३०॥

## (चरित्ताराहणा -३ )

पंच समिईओ सम्मं गुत्तीओ तिण्णि जाओ भणियाओ।
पवयणमाईयाओ चारित्ताराहणा एसा ॥३१॥

इरियावहे पवत्तो जुगमेत्तणिहित्तणयणणिक्खेवो।
जं ण गओ हं तइया मिच्छा मिह दुक्कडं तस्स ॥३२॥

તપસ્વી સાધુની વૈયાવચ્ચ તથા સ્વાધ્યાયમાં લીન સાધુની ઉપબૃંહણા (પ્રશંસા, પુષ્ટિ, વૃદ્ધિ વગેરે) ન કરી હોય તો તે પ્રમાદની હું નિંદા કરું છું. ૨૫

સાધુક્રિયામાં સીદાતા કોઈ મુનિને જોઈ તથા બહુ દોષવાળા મનુષ્યોને જોઈને સ્થિરીકરણ ન કર્યું તેની હું નિંદા કરું છું. ૨૬

ગુરુ, બાલ સાધુ, તપસ્વી તથા સાધર્મિક વગેરે સર્વેનું આહારાદિ વડે મેં વાત્સલ્ય ન કર્યું તેની હું નિંદા કરું છું. ૨૭

જિનવચન મેરુ જેવું અચલિત છે એમ જાણવા છતાં શક્તિ પ્રમાણે પ્રભાવના ન કરી એ મારા પ્રમાદની નિંદા કરું છું. ૨૮

પ્રાવચની, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યા-સિદ્ધ, કવિ અને પ્રભાવક એ આઠ પ્રભાવક કહેલા છે. ૨૯

સર્વથા વિશુદ્ધ મનથી એ સર્વની પ્રશંસા કરવી જોઈએ. તે ન કરી તેની નિંદા કરું છું આ પ્રમાણે સમ્યગ્દર્શનની આરાધના કહી. ૩૦

પાંચ સમિતિ તથા જે ત્રણ ગુપ્તિ કહી એ આઠ પ્રવચન માતાની સેવા તે ચારિત્રની આરાધના. ૩૧

યુગમાત્ર ભૂમિ પર નજર નાંખીને ચાલવું તે ઈર્યાસમિતિ એ પ્રમાણે હું ન ગયો તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૩૨

जंपंतेणं तइया भासासमिएण जं ण आलत्तं।
तस्स पमायस्साहं पायच्छित्तं पवज्ञामि ॥३३॥

वत्थे भत्ते पाणे पत्तेसणगहणघासमादीया।
एसणसमिई ण कया तं आणाखंडणं निंदे ॥३४॥

आयाणभंडमत्ते णिक्खेवण गहण ठावणे जं च।
दुपमज्ञियपडिलेहा एस पमाओ तयं निंदे ॥३५॥

उच्चारे पासवणे खेले सिंघाण जल्ल समिईओ।
दुप्पडिलेण-पमज्ञिय उम्मग्गो णिंदिओ सो हु ॥३६॥

भंजंतो सीलवणं मत्तो मणकुंजरो वियरमाणो।
जिणवयणवारिबंधे जेण ण गुत्तो तयं निंदे ॥३७॥

जो वयणवणदवग्गी पज्ञलिओ डहइ संजमारामं।
मोणजलेण ण सित्तो एस पमाओ तयं निंदे ॥३८॥

अयगोलओ व्व काओ जोगफुलिंगेहि डहइ सव्वजिए।
कुंडेण सो ण गुत्तो संजममइएण तं निंदे ॥३९॥

इय एत्थ अईयारो पंचसु समिईसु तिसु य गुत्तीसु।
जो कोइ महं जाओ तं निंदे तं च गरिहामि ॥४०॥

બોલતાં ભાષાસમિતિનો ઉપયોગ ન રાખ્યો તે પ્રમાદને માટે હું પ્રાયશ્ચિત અંગીકાર કરું છું. ૩૩

વસ્ત્ર, ભાત, પાણી, પાત્રા, નિર્દોષ ગ્રહણ કરવાં આ એષણા સમિતિ ન કરી, તે આજ્ઞા ખંડનને હું નિંદું છું. ૩૪

પાત્રા ગ્રહણ કરવામાં સ્થાપન કરવામાં બરાબર પ્રમાર્જન અને પ્રતિલેખના ન કરી આ પ્રમાદ છે તેને નિંદું છું. ૩૫

મલ, મૂત્ર, થૂંક શ્લેષ્મ, કફ, નાકનો મેલ, શરીરનો મેલ, તેને પરઠવતાં પ્રમાર્જના ન કરી આ ઉન્માર્ગની નિંદા કરું છું. ૩૬

શીયળરૂપી વનનો નાશ કરતો, અને એમ તેમ ફરતો મદોન્મત્ત મનરૂપી હાથી જિનવચનરૂપી વારિબંધમાં ગોપવી ન શકયો અને તેની હું નિંદા કરું છું. ૩૭

સંયમરૂપી ઉદ્યાનને બાળી રહેલા પ્રજ્વલિત વચનરૂપી દાવાનલને શમાવવા મૌનરૂપી જળ સિંચવાનું મળવા છતાં જે પ્રમાદ થયો છે તેની નિંદા કરું છું. ૩૮

લોઢાના ગોળાની જેમ, આ કાયા યોગરૂપી અગ્નિના કણીયા વડે સર્વ જીવોને બાળે છે. સંયમમતિરૂપ કુંડ વડે જો રક્ષણ ન કરાયું હોય તો તેને નિંદું છું. ૩૯

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં આ પ્રમાણે જે કોઈ અતિચાર મેં કર્યો હોય તેને હું નિંદું છુ અને ગર્હા કરુ છું. ૪૦

## (तवाराहणा-४)

बारसविहिम्मि वि तवे सब्भिंतरबाहिरे जिणक्खाए।
संते विरियम्मि मए निगूहियं जं तयं निंदे ॥४१॥

## (सु. ४२. मणिरहमुणिणो अंतगडकेवलित्तं)

एवं च चउक्खंधं आराहणं आराहिऊण मणिरहकुमार-साहू अउव्वकरणेण खवगसेढीए अणंतवरणाण-दंसणं उप्पाडिऊण तक्काले कालस्स खययाए अंतगडकेवली जाओ त्ति ॥४२॥

## ॥ प्रथमा आराधना समाप्ता ॥

## (सु. ४३. कामगइंदसाहुस्स संलेहणापडिवत्ती)

एवं च वच्चमाणसु दियहेसु कामगइंदसाहू वि नियआउक्खयं जाणिऊण कयसंलेहणाकप्पो णिसण्णो संथारए ॥४३॥ तत्थ भणिउमाढत्तो, अवि य -

## (गा. ४४-८०. कामगइंदमुणिकया आराहणा)

णमिऊण तिलोयगुरुं उसभं तेल्लोक्कमंगलं पढमं।
अवसेसे य जिणवरे करेमि सामाइयं एण्हि ॥४४॥

एस करेमि य भंते ! सामाइय तिविहजोगकरणेण।
राग-द्दोसविमुक्को दोण्ह वि मज्झम्मि वट्टामि ॥४५॥

જિનેશ્વર ભગવાને કહેલા, બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારના તપમાં વીર્ય હોવા છતાં છુપાવ્યું તેને હું નિંદું છું. ૪૧

આ પ્રમાણે ચાર સ્કંધવાળી (જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યાચાર રૂપ) આરાધના કરીને મણિરથકુમાર સાધુ અપૂર્વકરણ વડે ક્ષપકશ્રેણીથી અનન્ત કેવળ જ્ઞાન - દર્શનને ઉત્પન્ન કરીને તે કાલે કાળનો ક્ષય થવાથી અંતગડકેવલી થયા. ૪૨

**આ પ્રમાણે પ્રથમ આરાધના સમાપ્ત થઈ.**

## (૨) શ્રી કામગજેન્દ્ર સાધુની આરાધના

એ પ્રમાણે કેટલાક દિવસ પસાર થયા પછી પોતાના આયુષ્યનો ક્ષય નજીક જાણી સંલેખના - કલ્પ કરનાર કામગજેન્દ્ર સાધુ સંથારા પર બેઠા અને ત્યાં બોલવા લાગ્યા કે. ૪૩

ત્રણ લોકના ગુરુ, ત્રણ લોકના પ્રથમ મંગળરૂપ ઋષભદેવ તેમ જ બાકીના જિનેશ્વરોને પ્રણામ કરી હું સામાયિક ઉચ્ચરું છું. ૪૪

હે ભગવંત ! ત્રિવિધ યોગ-કરણ વડે આ સામાયિક કરું છું. રાગદ્વેષથી મુકત થઈ તે બંને વચ્ચેના માધ્યસ્થ્ય ભાવમાં વર્તુ છું. ૪૫

जं सुहुम बायरं वा पाणवहं ल़ोह-मोहजुत्तेणं।
तिविहेण कयं तिविहं तिविहेण वि वोसिरे सव्वं ॥४६॥

जं कह वि मुसं भणियं हास-भयक्कोध-लोभ-मोहेहिं।
तं तिविहकालजुत्तं तिविहेणं वोसिरे तिविहं ॥४७॥

थोवं बहुं व कत्थइ दव्वं पारक्कयं तु जं गहियं।
तं तिविहम्मि वि काले वोसिर तिविहं पि तिविहेणं ॥४८॥

जं णर-तिरिक्ख-दिव्वे मेहुणसंजोगभावियं चित्तं।
तं तिविहम्मि वि काले वोसिर तिविहं पि तिविहेणं ॥४९॥

चित्ता-ऽचित्तो मीसो परिग्गहो कह वि भावसंजुत्तो।
तिविहम्मि वि तं काले वोसिर तिविहं पि तिविहेणं ॥५०॥

राईए जं भुत्तं असणं पाणं व खाइमं अण्णं।
तिविहम्मि वि तं काले वोसिर तिविहं पि तिविहेणं ॥५१॥

जो मह धणे ममत्तो महिलासु य सुंदरासु तरुणीसु।
रयणेसु रूवएसु व तिविहं तिविहेण वोसिरिओ ॥५२॥

वत्थेसु जो ममत्तो पत्तेसु य डंडगोवगरणेसु।
सीसेसु जो ममत्तो सव्वो तिविहेण वोसिरिओ ॥५३॥

લોભ કે મોહથી યુક્ત મારા વડે સૂક્ષ્મ કે બાદર પ્રાણવધ ત્રિવિધે ત્રિવિધે થયો હોય તે સર્વ ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૪૬

હાસ્ય, ભય, ક્રોધ, લોભ અને મોહથી હું જે કંઈ અસત્ય બોલ્યો હોઉ તો તે ત્રિવિધ કાલયુકતને ત્રિવિધે વોસિરાવું છું. ૪૭

ત્રિવિધ કાળયોગે પારકું કંઈ પણ વગર આપેલું થોડું કે બહુ લીધું હોય તો તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૪૮

મનુષ્ય, તિર્યંચ કે દિવ્ય જે કોઈ મૈથુનસંયોગ ત્રિવિધ કાલયોગે ચિત્તમાં ચિંતવ્યો હોય તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૪૯

સચિત્ત, અચિત્ત કે મિશ્ર પરિગ્રહ ત્રિવિધ કાલયોગે કોઈ પણ ભાવથી એકઠો કર્યો હોય તો તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૫૦

રાત્રે રાંધેલા અશનાદિક ત્રિવિધકાલે આરોગ્યાં હોય તો તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૫૧

ધન, સુંદર તરૂણ સ્ત્રીઓ વિશે તથા સુંદર રત્નો અને રૂપા વિશે મમત્વભાવ થયો હોય તો તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૫૨

વસ્ત્ર, પાત્ર, દાંડો, ઉપકરણ, શિષ્યોનો મને જો મમત્વ ભાવ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૫૩

पत्तेसु जो ममत्तो धूयासु य सुंदरेसु भिच्चेसु।
अहवा सहोयरेसु य सव्वो तिविहेण वोसिरिओ ॥५४॥

भइणीसु जो ममत्तो माया-वित्तेसु अहव मित्तेसु।
सो सव्वो वि दुरंतो तिविहं तिविहेण वोसिरिओ ॥५५॥

सामिम्मि जो ममत्तो सयणे सुयणे व्व परिजणे वा वि।
भवणे व्व जो ममत्तो सव्वो तिविहेण वोसिरिओ ॥५६॥

बंधुम्भि जो ममत्तो सेज्जा-संथार-फलहए वा वि।
उवगरणम्मि ममत्तो सव्वो तिविहेण वोसिरिओ ॥५७॥

देहम्भि जो ममत्तो मा मे सीयाइ होज्ज देहस्स।
सो सव्वो वि दुरंतो तिविहं तिविहेण वोसिरिओ ॥५८॥

णिययसहावममत्तो 'अम्ह सहावो' त्ति सुंदरो एसो।
सो सव्वो वि दुरंतो वोसिरिओ मज्झ तिविहेण ॥५९॥

देसेसु जो ममत्तो 'अम्हं गामो य अम्ह नगरं' ति।
सद्देसु जो ममत्तो तिविहेण वोसिरे सव्वं ॥६०॥

जो कोइ कओ कोवो कम्मि वि जीवम्मि मूढभावेणं।
वोसिरिओ सो सव्वो एण्हिं, सो खमउ मह सव्वं ॥६१॥

સુંદર પુત્ર, પુત્રી, નોકર, ભાઈઓ ઉપર મને જો મમત્વ-ભાવ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૫૪

બ્હેનો, માતા, પિતા મિત્રો ઉપર જો મને દુરંત મમત્વભાવ થયો હોય તો તે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૫૫

માલિક, સ્વજન, સુજન, પરિજન, ભવન ઉપર જો મને મમત્વ ભાવ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૫૬

બધું પ્રત્યે સ્નેહ, શય્યા, પાટ સંથારા વગેરે ઉપકરણો પરત્વે જે મમત્વભાવ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૫૭

મારા દેહને કંઈ કષ્ટ ન થાઓ. આવો શરીર પ્રત્યે મમત્વભાવ થયો હોય તો તે સર્વ દુરંત ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું. ૫૮

અમારો સ્વભાવ સુંદર છે એવો પોતાના સ્વભાવ માટે દુરંત મમત્વ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૫૯

અમારું નગર, અમારો દેશ, એવો દેશ પરત્વે મમત્વ ભાવ થયો હોય તો અથવા શબ્દ (સંગીત વગેરે) પરત્વે મમત્વભાવ થયો હોય તો તે સર્વ ત્રિવિધે વોસિરાવું છું. ૬૦

મેં કોઈ પણ જીવ ઉપર મૂઢભાવથી કોપ કર્યો હોય તો તે સર્વ વોસિરાવું છું. અને મને તેઓ ક્ષમા આપે. ૬૧

जो कोइ कओ माणो कम्मि वि जीवम्मि मूढभावेणं।
सो खमउ ममं सव्वं, वोसिरिओ सो मए माणो ॥६२॥

जा काइ कया माया कम्मि वि जीवम्मि मूढहियएण।
सो खमउ ममं सव्वं, वोसिरिया सा मए माया ॥६३॥

जो कोइ कओ लोहो परस्स दव्वम्मि मूढहियएण।
सो खमउ महं सव्वं, वोसिरिओ सो मए लोहो ॥६४॥

जो कोइ मए वहिओ कम्मि वि कालम्मि रागरत्तेणं।
सो मज्झ खमउ एण्हिं, मिच्छा मिह दुक्कडं तस्स ॥६५॥

जो मे दुक्खावियओ ठाणा ठाणं व संकमं णीओ।
सो खमउ मज्झ एण्हिं, मिच्छा मिह दुक्कडं तस्स ॥६६॥

पेसुण्णं जस्स कयं अलिए सच्चे व भाणिए दोसे।
रागेण व दोसेण व एण्हिं सो खमउ मह सव्वं ॥६७॥

निट्ठुर-खरफरुसं वा दुव्वयणं जस्स किंचि मे भणियं।
विद्धं च मम्मवेहं सो सव्वं खमउ मम एण्हिं ॥६८॥

दाऊण ण दिण्णं चिय आसाभंगो व्व जस्स मे रइओ।
दिज्जंतं व निरुद्धं सो एण्हिं खमउ मह सव्वं ॥६९॥

જો કોઈ જીવ ઉપર મૂઢભાવથી મેં માન કર્યું હોય તો તે સર્વ વોસિરાવું છું. અને તેઓ મને ક્ષમા આપે. ૬૨

જો કોઈ જીવ ઉપર મૂઢભાવથી મેં માયા કરી હોય તો તે સર્વ વોસિરાવું છું અને તેઓ સર્વ મને ક્ષમા આપે. ૬૩

મેંકોઈ દ્રવ્ય માટે મૂઢભાવથી લોભ કર્યો હોય તો તે લોભ હું વોસિરાવું છું. અને તેઓ મને કામા આપે. ૬૪

જો કોઈ પણ કાળે મારાથી રાગરક્ત બની કષાયો સેવાયાં હોય તો તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. અને મને તેની ક્ષમા આપો. ૬૫

## પાપનું પ્રતિક્રમણ અને મોક્ષગમન

જે મેં કોઈ જીવને એક સ્થાનથી બીજા સ્થાનમાં સંક્રમણ કરી દુભવ્યો હોય તો તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૬૬

જો મેં રાગ કે દ્વેષથી કોઈની ચાડી ખાધી હોય, સાચાં જૂઠા કર્યાં હોય તો તે સર્વ મને ક્ષમા આપો. ૬૭

જો મેં નિષ્ઠુર, કઠોર કર્કશ, દુર્વચન કોઈને કહ્યું હોય અને મર્મવચન કહી હૃદય વીંધ્યું હોય તો તે સર્વને માટે મને ક્ષમા આપો. ૬૮

જો મેં કોઈને આપવાનું આપ્યું ન હોય, આશાભંગ કર્યો હોય, દેતાં અટકાવ્યો હોય તો તે સર્વને માટે મને ક્ષમા આપો. ૬૯

जो दीणो परिभूओ गहगहिओ रोरवाहिपरिभूओ ।
हसिओ विडंबणाहिं एण्हिं सो खमउ मह सव्वं ॥७०॥

अण्णेसुं पि भवेसुं जो जं भणिओ अणिट्ठकडुयं वा ।
सो खमउ मज्झ एण्हिं, एसो मे खामणाकालो ॥७१॥

मित्तं पि खमउ मज्झं, खमउ अमित्तो वि, खमउ मज्झत्थो ।
मित्ता-ऽमित्तविमुक्को मज्झत्थो एस मे जीवो ॥७२॥

खामेमि अहं मित्ते, एस अमित्ते वि हं खमावेमि ।
खामेमि दो वि वग्गे, मज्झत्था होंतु मे सव्वे ॥७३॥

मित्तो होइ अमित्तो, होंति अमित्ता खणेण ते मित्ता ।
मित्ता-ऽमित्तविवेओ काऊण ण जुज्जए एण्हिं ॥७४॥

सयणा खमंतु मज्झं, खमंतु तह परियणा वि, खामेमि ।
सयणो परो व्व संपइ दोण्णि वि सरिसा महं होंतु ॥७५॥

देवत्तणम्मि देवा, तिरिया तिरियत्तणम्मि जे केई ।
दुक्खेण मए ठविया खमंतु ते मज्झ सव्वे वि ॥७६॥

नरयम्मि य नेरइया, मणुया मणुयत्तणे वि जे केइ ।
दुक्खेण मए ठविया खमंतु ते मज्झ सव्वे वि ॥७७॥

જે દીન, પરાભાવિત, ગ્રહથી ઘેરાયેલો કે રોગવ્યાધિ ભરેલો હોય તેની વિડંબનાપૂર્વક મશ્કરી કરી હોય તો તે સર્વ મને ક્ષમા આપો. ૭૦

બીજા ભવોમાં મેં જો કોઈને અનિષ્ટ કે કટુ વચન કહ્યું હોય તો તે સર્વ મને આ ક્ષમાપના કાળે ક્ષમા આપજો. ૭૧

મિત્ર મને ક્ષમા આપો. અમિત્ર-શત્રુ કે મધ્યસ્થ ક્ષમા આપો. મારો આ જીવ હવે મિત્રામિત્રથી વિમુક્ત મધ્યસ્થ થયો છે. ૭૨

હું મિત્રને ક્ષમા આપુ છું. અમિત્રને પણ હું ક્ષમા આપુ છું. હું મધ્યસ્થને ક્ષમા આપુ છું. સર્વે મારા પ્રત્યે મધ્યસ્થ થાઓ. ૭૩

શત્રુ મિત્ર થાય છે. અને મિત્ર હોય તે ક્ષણમાં શત્રુ થાય છે. એટલે એમાં મિત્રામિત્રનો વિવેક કરવો યોગ્ય નથી. ૭૪

સ્વજનો મને ક્ષમા આપો, હું સ્વજનોને ક્ષમા આપું છું, પરજનને પણ ક્ષમા આપું છું. સ્વજન કે પરજન હવે મને બંને સરખા છે. ૭૫

દેવલોકમાં દેવોને કે તિર્યંચપણામાં તિર્યંચોને મેં દુઃખમાં નાખ્યાં હોય તો તે સર્વ મને ક્ષમા આપો. ૭૬

નારકીમાં નારકી જીવોને કે મનુષ્યપણામાં મનુષ્યોને મેં દુઃખમાં નાખ્યાં હોય તો તે સર્વ મને ક્ષમા આપો. ૭૭

छण्ह वि जीवणिकायाण जं मए किंचि मंगुलं रइयं।
ते मे खमंतु सव्वे एस खमावेमि सव्वे वि ॥७८॥

से जाणमजाणं वा राग-द्दोसेहि अहव मोहेणं।
जं दुक्खविया जीवा खमंतु ते मज्झ सव्वे वि ॥७९॥

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।
मेत्ती मे सव्वभूएसु वेरं मज्झ ण केणइ ॥८०॥

## (सु. ८१. कामगइंदमुणिणो अंतगडकेवलित्तं)

एवं च कयसावज्जजोगवोसिरणो पुव्वदुक्कयदूमिय-जंतुखामणापरो वड्ढमाणसुहज्झवसायकंडओ अउव्व-करणपडिवण्णखवगसेढिपरिणामो उप्पण्णकेवलनाण-दंसणधरो जाओ अंतगडो कामगइंदमुणिवरो त्ति ॥८१॥

## ॥ द्वितीयाऽऽराधना समाप्तेति ॥

## (सु. ८२. वइरगुत्तमुणिणो संलेहणापडिवत्ती)

एवं च वच्चमाणेसु दियहेसु वइरगुत्तसाहू वि णाऊण अत्तणो आउयकम्मक्खयं दिन्नालोयणो उद्धरिय-सव्वसल्लो कयकायव्वो णिसन्नो संथारए ॥८२॥

तत्थ भणिउमाढत्तो, अवि य -

## (गा. ८३-१२९. वइरगुत्तमुणिकया आराहणा)

છ જીવનિકાયમાં કોઈનું પણ મેં અશુભ કર્યું હોય તો તે હું ભાવથી ખમાવું છું. તે સર્વે પણ ક્ષમા આપો. ૭૮

સર્વથા રાગ, દ્વેષ, અથવા મોહથી જાણતાં કે અજાણતાં જે જીવોને દુઃખી કર્યા હોય તે સર્વે મને ક્ષમા આપો. ૭૯

હું સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો સાથે મારે મૈત્રી છે. કોઈ સાથે મારે વિરોધ નથી. ૮૦

એવી રીતે સર્વ સાવદ્યયોગ વોસિરાવી, પૂર્વે કરેલ દુષ્કૃત્યની નિંદા કરી, દુભાવેલ જીવોને ખમાવી. વધતા શુભ પરિણામની ધારાથી અપૂર્વકરણ ક્ષપકશ્રેણિના પરિણામ-વાળા ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન - દર્શનને ધારણ કરનાર કામગજેન્દ્ર મુનિવર અંતકૃત્ થયા. (અંતગડ થયા - મોક્ષે સિધાવ્યા) ૮૧

આ પ્રમાણે બીજી આરાધના પૂર્ણ થઈ.

## (૩) શ્રી વજ્રગુપ્ત મુનિની આરાધના

આમ દિવસો જતાં જેમણે આલોયણા લીધી છે, અને સર્વ શલ્યનો ઉદ્ધાર કર્યો છે અને કરવા યોગ્ય કાર્યો જેમણે કરી લીધાં છે. એવા શ્રી વજ્રગુપ્ત સાધુ પોતાનાં આયુષ્ય કર્મનો ક્ષય જાણી સંથારા પર બેઠા અને બોલવા લાગ્યા કે - ૮૨

एस करेमि पणामं जिणवरतित्थस्स बारसंगस्स ।
तित्थयराणं च णमो, णमो णमो सव्वसाहूणं ॥८३॥

काऊण णमोक्कारं धम्मायरियस्स धम्मजणयस्स ।
भावेण पडिक्कमणं एसो काहामि सव्वं पि ॥८४॥

कयसामाइयकम्मो सोहियइरियावहो समणचित्तो ।
इच्छियगोयरचरिओ पगामसेज्जाए विरओ य ॥८५॥

मम मंगलमरहंता, सिद्धा, साहू य बंभ-तवजुत्ता ।
केवलिणा पण्णत्तो धम्मो ताणं च सरणं च ॥८७॥

जिणधम्मो मह माया, जणओ य गुरू, सहोयरो साहू ।
सहधम्मयरा मह बंधवा य, सेसं पुणो जालं ॥८८॥

किं सारं ? जिणधम्मो, किं सरणं ? साहुणो जए सयले ।
किं सोक्खं ? सम्मत्तं, को बंधो नाम ? मिच्छत्तं ॥८९॥

अस्संजमम्मि विरओ, राग-द्दोसे य बंधणं निंदे ।
मण-वयण-कायदंडे विरओ तिण्हं पि डंडाणं ॥९०॥

गुत्तीहिं तीहिं गुत्तो, निस्सल्लो तह य तीहिं सल्लेहिं ।
मायानियाणसल्ले पडिक्कमे तह य मिच्छत्ते ॥९१॥

શ્રી જિનેશ્વર ભગવંતને, તીર્થને, બાર અંગને હું પ્રણામ કરું છું. તીર્થંકરોને નમસ્કાર કરું છું તથા સર્વ સાધુઓને નમસ્કાર કરું છું. ૮૩

ધર્મ આપનાર ધર્માચાર્યોને ભાવથી નમસ્કાર કરીને હવે આ સમયે હું પાપનું પ્રતિક્રમણ કરું છું. ૮૪

સામાયિક કરવાના ચિત્તવાળો તથા ઈરિયાવહીથી આત્માને શોધતો. ગોચરી તથા પગામસેજ્જામાં આવતા દોષોનું પ્રતિક્રમણ કરું છું. ૮૫

અરિહંતો, સિદ્ધો, જ્ઞાન અને વિનયરૂપ ધનવાળા સાધુઓ અને કેવળીએ પ્રરૂપેલો ધર્મ એ મને મંગળરૂપ હોજો. ૮૬

અરિહો સિદ્ધો, બ્રહ્મચર્ય તપથી યુકત સાધુ અને કેવળી-ઓએ પ્રરૂપેલો ધર્મ એનું મને શરણ હોજો. ૮૭

જૈન ધર્મ એ મારી માતા, ગુરુ એ પિતા અને ધર્મપરાયણ સાધુઓ મારા બંધુઓ છે. તે સિવાય અન્ય જંજાળ છે. ૮૮

જગતમાં સાર શું? જૈન ધર્મ. શરણ ક્યું? સાધુ. સુખ ક્યું? સમ્યકત્વ અને બંધન ક્યું? મિથ્યાત્વ. ૮૯

અસંયમથી હું વિરમું છું. રાગદ્વેષરૂપી બંધનને નિંદું છું, મન વચન અને કાયાના ત્રપે દંડોથી વિરમું છું. ૯૦

ત્રણ ગુપ્તિથી ગુપ્ત, ત્રણ શલ્યથી રહિત બની માયા-નિયાણ અને મિથ્યાત્વ શલ્યનું પ્રતિક્રમણ કરું છું. ૯૧

इड्ढीगारवरहिओ, सात-रसागारवे पडिक्कंतो ।
नाणविराहणरहिओ, संपण्णो दंसणे चरणे ॥९२॥

तह कोह-माण-माया-लोभकसायस्स मे पडिक्कंतं ।
आहार-भय-परिग्गह-मेहुणसण्णं परिहरामि ॥९३॥

इत्थिकह-भत्त-देसे रायकहा चेव मे पडिक्कंता ।
अट्टं रोद्दं धम्मे सुक्कज्झाणे पडिक्कमणं ॥९४॥

सद्द-रस-रूव-गंधे फासे य पडिक्कमामि कामगुणे ।
काइय-अहिगरणादीपचहिं किरियाहिं संकप्पे ॥९५॥

पंचमहव्वयजुत्तो पंचहिं समईहिं समियओ अहयं ।
छज्जीवनिकायाणं संरक्खणमाणसे जुत्तो ॥९६॥

पडिकंतो छल्लेसा, सत्तभयट्ठाणवज्जिओ अहयं ।
पम्हुट्ठइट्ठचेट्ठो अट्ठमयट्ठाणपब्भट्ठो ॥९७॥

नवबंभगुत्तिगुत्तो, दसविहधम्मम्मि सुट्ठु आउत्तो ।
समणोवासगपडिमाएक्कारसयं पडिज्झंतो ॥९८॥

बारसभिक्खूपडिमासंजुत्तो, तेरसाहिं किरियाहिं ।
चोद्दसभूयग्गामे पडिक्कमे खंडियं जं मे ॥९९॥

ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવથી રહિત, જ્ઞાન-દર્શન, ચારિત્રની વિરાધનાને પ્રતિક્રમુ છું. ૯૨

ક્રોધ, માન, માયા, લોભ એ કષાયો પ્રતિક્રમું છું. આહાર, ભય, પરિગ્રહ અને મૈથુનની સંજ્ઞાનો ત્યાગ કરું છું. ૯૩

સ્ત્રી, દેશ, ભકત અને રાજની કથા પ્રતિક્રમું છું. ધર્મધ્યાન શુકલધ્યાનમાં થઈ ગયેલ આર્ત અને રૌદ્ર ધ્યાનને પ્રતિક્રમું છું. ૯૪

શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શ એ કામગુણોને તથા કાયિક અધિકરણ આદિ પાંચ ક્રિયાઓ સંબંધી સંકલ્પને પ્રતિક્રમું છું. ૯૫

પાંચ મહાવ્રતથી યુકત, પાંચ સમિતિથી સમિત, છ જીવનિકાયના સંરક્ષણ કરવાના ભાવવાળો હું પાપનું પ્રતિક્રમણ કરું છું. ૯૬

## પાપનું પ્રતિક્રમણ

છ લેશ્યા, અને સાત ભયસ્થાનથી વર્જિત, આઠ મદ-સ્થાન-થી રહિત નષ્ટ થયેલી ઈષ્ટ ચેષ્ટા- વાળો હું પ્રતિક્રમું છું. ૯૭

બ્રહ્મચર્યની નવગુપ્તિથી ગુપ્ત, દશપ્રકારના યતિધર્મમાં સાવધાન મનવાળો, શ્રાવકની અગિયાર પ્રતિમાવાળો હું પ્રતિક્રમણ કરું છું. ૯૮

બાર ભિક્ષુપ્રતિમાથી તથા તેર ક્રિયાસ્થાનોથી, ચૌદ ભૂતગ્રામવાળો હું જે કંઈ વ્રત મેં ખંડિત કર્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું. ૯૯

परमाहम्मियठाणे पण्णरसं ते मए पडिक्कंते।
गाहासोलसएहिं पडिक्कमे सोलसेहिं पि ॥१००॥

अस्संजमम्मि सत्तारसम्मि, अट्ठारसे य अब्बंभे।
एणूगवीससंखे पडिक्कमे णायअज्झयणे ॥१०१॥

असमाहिट्ठाणाणं वीसण्हं, एक्कवीससबलेहिं।
बावीसपरीसहवेयणम्मि एत्थं पडिक्कंतो ॥१०२॥

तेवीसं सूयगडे अज्झयणा ताण हं पडिक्कंतो।
चउवीसं अरहंते अस्सद्दहणे पडिक्कंतो ॥१०३॥

वीसं पंच य सिट्ठा समए जा भावणाओ ताणं पि।
छव्वीसं दस कप्पे ववहारा सद्दहे ते वि ॥१०४॥

अणगारपकप्पाणं सत्तावीसा य सद्दहे अहयं।
अट्ठावीसविधम्मि आयारपगप्पगहणम्मि ॥१०५॥

पावसुयपसंगाणं अउणत्तीसाण हं पडिक्कंतो।
तीसं च मोहिणिज्जे ठाणा णिंदामि ते सव्वे ॥१०६॥

एक्कतीसं च गुणे सिद्धादीणं च सद्दहे ते वि।
बत्तीसजोगसंगह पडिक्कमे सव्वठाणेसु ॥१०७॥

પંદર પરમાધામી સ્થાનોનું હું પ્રતિક્રમણ કરું છું. સોળે સોળ પ્રકારની ગાથાઓને હું પ્રતિક્રમું છું. ૧૦૦

સત્તર પ્રકારના અસંયમ, અઢાર પ્રકારના અબ્રહ્મ, ઓગણીસ પ્રકારના જ્ઞાતા સૂત્રના અધ્યયન હું પ્રતિક્રમું છું. ૧૦૧

વીસ અસમાધિ સ્થાનકો, એકવીસ શબલ, બાવીસ વેદનાના પરિષહ એ સર્વનું હું અહીં પ્રતિક્રમણ કરું છું. ૧૦૨

સૂત્રકૃતાંગના ત્રેવીશ અધ્યયનું હું પ્રતિક્રમણ કરું છું. ચોવીશ અરિહંતની અશ્રદ્ધાનું હું પ્રતિક્રમણ કરું છું. ૧૦૩

પચ્ચીશ ભાવના, છવ્વીશ દશાકલ્પ વ્યવહાર અધ્યયન, સત્યાવીશ અણગાર કલ્પ અને અઠ્ઠાવીશ પ્રકારના આચાર કલ્પની હું શ્રદ્ધા કરું છું. ૧૦૪, ૧૦૫

ઓગણત્રીસ પાપશ્રુત પ્રસંગોનું પ્રતિક્રમણ કરું છું. ત્રીસ મોહનીય સ્થાનો તે સર્વની હું નિંદા કરું છું. ૧૦૬

સિદ્ધના એકત્રીસ ગુણોની હું શ્રદ્ધા કરું છું. બત્રીશ યોગસંગ્રહનું હું સર્વ સ્થાને પ્રતિક્રમણ કરું છું. ૧૦૭

तेत्तीसाए आसायणाहिं अरहंतआइया एगा ।
अरहंताणं पढमं णिंदे आसायणा जा उ ॥१०८॥

सिद्धाणाऽऽयरियाणं तह य उवज्झाय-सव्वसाहूणं ।
समणीण सावयाण य सावियवग्गस्स जा वि कया
॥१०९॥

देवाणं देवीणं इहलोग-परे य साहुवग्गस्स ।
लोगस्स य कालस्स य सुयस्स आसायणा जा उ ॥११०॥

सुयदेवयाए जा वि य वायणाआयरिय-सव्वजीवाणं ।
आसायणा उ रइया जा मे सा णिंदिया एण्हिं ॥१११॥

हीणक्खर अच्चक्खर विच्चामेलिय तहा य वाइद्धं ।
पयहीण घोसहीणं अकालसज्झाइयं जं च ॥११२॥
सव्वहा,

छउमत्थो मूढमणो केत्तियमेत्तं च संभरइ जीवो ।
जं पि ण सुमरामि अहं मिच्छा मिह दुक्कडं तस्स ॥११३॥

सम्मत्त-संजमाइं किरियाकप्पं च बंभचेरं च ।
आराहेमि य नाणं, विवरीयं वोसिरामि त्ति ॥११४॥ अहवा -

जं जिणवरेहिं भणियं मोक्खपहे किंचि साहगं वयणं ।
आराहेमि तयं चिय, मिच्छावयणं परिहरामि ॥११५॥

અરિહંત વગેરેની તેત્રીસ આશાતાનાઓમાંથી અરિહંતની જે કંઈ આશાતના થઈ હોય તેને હું પ્રથમ નિંદું છું. ૧૦૮

વળી સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, સર્વ સાધુ સાંધ્વી, શ્રાવક તથા શ્રાવિકા વર્ગની જે આશાતના કરી હોય. ૧૦૯

તથા દેવતાઓ, દેવીઓ, આલોક-પરલોકના સાધુ-વર્ગની, લોકની, કાળની, શ્રુતની જે આશાતના થઈ હોય. ૧૧૦

તથા શ્રુતદેવતાની વાચનાચાર્યની, સર્વ જીવોની મેં જે કોઈ આશાતના કરી હોય તે સર્વની હું નિંદા કરું છું. ૧૧૧

સૂત્રમાં હીનાક્ષર, અધિકાક્ષર, આડાઅવળા અક્ષર તથા અડધા અક્ષર બોલાયા હોય, પદપર્યાય ન બોલાયું હોય, ઘોષ યથાર્થ ન બોલ્યો હોઉં, અકાળે સ્વાધ્યાય કર્યો હોય, સર્વથા હું છદ્મસ્થ ભૂલકણો કેટલા દોષોને યાદ કરું ? જે દોષો યાદ ન આવ્યા હોય તે સર્વનું પણ મારું પાપ નિષ્ફળ થાઓ. ૧૧૨, ૧૧૩

સમ્યક્ જ્ઞાન-દર્શન, સંયમ, ક્રિયાકલ્પ, બ્રહ્મચર્યની જ્ઞાનપૂર્વક આરાધના કરું છું. એનાથી વિપરીતનું પ્રતિક્રમણ કરું છું. ૧૧૪

અથવા મોક્ષમાર્ગમાં જિનેશ્વરોએ જે કંઈ વચનો કહ્યાં છે, તેની આરાધના કરું છું. અને મિથ્યા વચનનો ત્યાગ કરું છું. ૧૧૫

णिग्गंथं पावयणं सच्चं तच्चं च सासयं कसिणं।
सारं गुरुसुंदरयं कल्लाणं मंगलं सेयं ॥११६॥

पावारिसल्लगत्तणसंसुद्धं सिद्धसुद्धसद्धम्मं।
दुक्खारिसिद्धिमग्गं अवितहनिव्वाणमग्गं च ॥११७॥

एत्थं च ठिया जीवा सिज्झंती, कम्मुणा विमुच्चंति।
पालेमि इमं तम्हा, फासेमि य सुद्धभावेणं ॥११८॥

सम्मत्त-गुत्तिजुत्तो विलुत्तमिच्छत्त अप्पमत्तो य।
पंचसमिईहिं समिओ समणो हं संजओ एण्हिं ॥११९॥

कायव्वाइं जाइं भणियाइं जिणेहिं मोक्खमग्गम्मि।
जह तह ताहं तइया न कयाइं पडिक्कमे तस्स ॥१२०॥

पडिसिद्धाइं जाइं जिणेहिं एयम्मि मोक्खमग्गम्मि।
जइ मे ताइं कयाइं पडिक्कमे ताइं सव्वाइं ॥१२१॥

दिट्ठंत-हेउजुत्तं तेहिं विउत्तं च सद्दहेयव्वं।
जइ किंचि ण सद्दहियं ता मिच्छा दुक्कडं तस्स ॥१२२॥

जे जह भणिए अत्थे जिणिंदचंदेहिं समियपावेहिं।
विवरीए जइ भणिए मिच्छा मिह दुक्कडं तस्स ॥१२३॥

સમગ્ર નિર્ગ્રંથ-પ્રવચન સત્ય, તથ્ય, શાશ્વત, સારભૂત, ખૂબ સુંદર, કલ્યાણ અને મંગળરૂપ છે. ૧૧૬

સંશુદ્ધ, સિદ્ધ, શુદ્ધ-સદ્ધર્મ એ શલ્યો પાપના શત્રુઓ છે. સિદ્ધિમાર્ગ-સાચો નિર્વાણમાર્ગ દુ:ખનો શત્રુ છે. ૧૧૭

અહીં રહેલા જીવો સિદ્ધિ પામે છે, કર્મથી મુકત થાય છે. એટલા માટે હું શુદ્ધ ભાવથી તેનું બરાબર પાલન કરીશ. ૧૧૮

સમ્યક્ત્વયુક્ત, ગુપ્તિયુક્ત, મિથ્યાત્વથી રહિત, અપ્રમાદી, પાંચ સમિતિ સહિત હું શ્રમણ બન્યો છું. ૧૧૯

જિનેશ્વરોએ મોક્ષમાર્ગને માટે કહેલા કરવા યોગ્ય કાર્યો કરીશ એમ સ્વીકાર કરીને એવાં જે કાર્યો ન કર્યાં હોય તેનું પ્રતિક્રમણ કરું છું. ૧૨૦

આ મોક્ષમાર્ગમાં જિનેશ્વરોએ પ્રતિષેધેલાં જે કાર્યો મેં ન કર્યા હોય તે સર્વનું પ્રતિક્રમણ કરું છું. ૧૨૧

હેતુયુકત દૃષ્ટાંતની અથવા તેથી રહિત શ્રદ્ધેયની જે કંઈ પણ શ્રદ્ધા ન કરી હોય તો તે દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૧૨૨

પાપને શાંત કરનાર જિનેશ્વરોએ જે અર્થ કહ્યાં હોય તેનાથી વિપરીત પ્રરૂપણા કરી હોય તો તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. ૧૨૩

उस्सुत्तो उम्मग्गो ओकप्पो जो कओ अईयारो ।
तं णिंदण-गरहाहिं सुज्झउ आलोयणेणं च ॥१२४॥

आलोयणाए अरिहा ज दोसा ते इहं समालोए ।
सुज्झंति पडिक्कमणे दोसाओ पडिक्कमे ताण ॥१२५॥

उभएण वि अइयारा केवि विसुज्झंति ते विसोहेमि ।
पारिट्ठावणिएणं अहसुध्दी तं चिय करेमि ॥१२६॥

काउस्सग्गेण तहा अइयारा केइ जे विसुज्झंति ।
अहवा तवेण अन्ने करेमि अब्भुट्ठिओ तं पि ॥१२७॥

छेएण विसुज्झंति, मूलेण वि के वि ते पवन्नो हं ।
अणवट्ठावणजोग्गे पडिवन्नो जाव पारंची ॥१२८॥

दसंविहपायच्छित्ते जे जहजोग्गा कमेण ते सव्वे ।
सुज्झंतु मज्झ संपइ भावेण पडिक्कमंतस्स ॥१२९॥

## (सु. १३०. वइरगुत्तमुणिणो अंतगडकेवलित्तं)

एवं च आलोइयपडिक्कंतो विसुज्झमाणलेसो अउव्वकरणावन्नो खवगसेढीए समुप्पण्णणाण-दंसणो वीरिय-अंतरायआउक्खीणो अंतगडो वइरगुत्तमुणिवरो त्ति ॥१३०॥

## ॥ तृतीयाराधना समाप्तेति ॥

ઉત્સૂત્ર, ઉન્માર્ગ, એકલ્પાચરણ, એ જે કોઈ અતિચાર કર્યા હોય તેની નિંદા, ગર્હા અને આલોયણા કરીને આત્માને શુદ્ધ કરું છું. ૧૨૪

આલોયણા યોગ્ય જે દોષો થયા હોય તેની અહીં યોગ્ય આલોયણા લઉ છું. પ્રતિક્રમણ કરવાથી દોષોની શુદ્ધિ થાય છે. માટે તેનું હું પ્રતિક્રમણ કરું છું. ૧૨૫

બંને પ્રકારે કેટલાક અતિચારોની શુદ્ધિ થાય છે. તેની શુદ્ધિ કરું છું. પરઠવવાથી શુદ્ધિ થાય છે. તે પણ કરું છું. ૧૨૬

કાઉસ્સગ્ગ કરવાથી કેટલાક અતિચારો શુદ્ધ થાય છે તે કરવા માટે તૈયાર થયો છું. ૧૨૭

કેટલાક દોષો (ચારિત્રપર્યાયના) છેદથી, કેટલાક મૂળ પ્રાયશ્ચિતથી, કેટલાક અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તથી કેટલાક પારાંચિક પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે તે અંગીકાર કરવા હું તૈયાર થયો છું. ૧૨૮

દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત યથાયોગ્ય ક્રમે લઈ શકાય છે. તેથી હું પ્રતિક્રમણ કરી શુદ્ધ થાઉ છું. ૧૨૯

આ પ્રમાણે આલોયણા, પ્રતિક્રમણ કરતાં, વિશુદ્ધ લેશ્યા-વાળા, અપૂર્વકરણ પામેલા, ક્ષપકશ્રેણીમાં ચડેલા, ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન કેવળદર્શનવાળા તથા ક્ષીણવીર્યાન્તરાય આયુષ્યવાળા શ્રી વજ્રગુપ્ત મુનિવર અંતકૃત્ કેવળી થયા ૧૩૦

**આ પ્રમાણે ત્રીજી આરાધના સમાપ્ત થઈ.**

## (सु. १३१उ सयंभुदेवमुणिणो संलेहणापडिवत्ती)

एवं च सयंभुदेवमहरिसी वि जाणिऊण नियआउयपरिमाणं कयदव्वभावसंलेहणाकम्मो कयकायव्ववावारो य निसण्णो संथारए, भणिउं च समाढत्तो ॥१३१॥ अवि य -

## (गा. १३२-२३६. सयंभुदेवमुणिकया आराहणा)

नमिऊण सव्वसिद्धे, निद्धूयरए पसंततसव्वभए।
वोच्छं मरणविभत्तिं पंडिय-बालं समासेणं ॥१३२॥

नाऊण बालमरणं पंडियमरणेण नवरि मरियव्वं।
बालं संसारफलं, पंडियमरणं च नेव्वाणं ॥१३३॥

को बालो ? किं मरणं ? बालो नामेण राग-दोसत्तो।
दोहिं चिय आगलिओ जं बद्धो तेण बालो त्ति ॥१३४॥

मरणं पाणच्चाओ, पाणा उस्सासमाइया भणिया।
ताणं चाओ मरणं, सुण एण्हिं तं कहिज्जंतं ॥१३५॥

कललावत्थासु मओ अब्बुयभावे वि कत्थइ विलीणो।
गलिओ पेसीसमए गब्भे बहुयाण णारीणं ॥१३६॥

पिंडीमेत्तो कत्थइ गलिओ खारेण गब्भवासाओ।
अट्ठियबंधे वि मओ, अणट्ठिबंधे वि गलिओ हं ॥१३७॥

## (૪) શ્રી સ્વયંભૂદેવ મહર્ષિની આરાધના

એવી રીતે સ્વયંભૂદેવ મહર્ષિએ પણ પોતાનું આયુષ્ય-પ્રમાણ જાણીને દ્રવ્ય, ભાવ-ઉભય સંલેખના કરીને, કરવા યોગ્ય વ્યાપાર કરીને સંથારા પર બેસી બોલવાનું શરૂ કર્યું. ૧૩૧

સર્વ રજ જેમણે દૂર કરી છે, સર્વ ભય જેમના પ્રશાંત થયા છે. તેવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી સંક્ષેપથી પંડિત અને બાલમરણના વિભાગ કહીશ. ૧૩૨

બાલમરણ જાણ્યા પછી પંડિત મરણથી મરવું જોઈએ. બાળમરણ સંસારનું કારણ છે. અને પંડિત મરણથી નિર્વાણ થાય છે. ૧૩૩

બાળ શું છે ? અને મરણ શું ? રાગ અને દ્વેષથી યુકત તેનું નામ બાલ, એ બે થી યુકત બંધાય તે માટે તે બાળ કહેવાય. ૧૩૪

પ્રાણ ત્યાગ તે મરણ છે, શ્વાસોશ્વાસને પ્રાણ કહે છે. તેનો ત્યાગ તે મરણ એ હવે કહું છું તે સાંભળો. ૧૩૫

કોઈ વખત ગર્ભમાં કલકલાવસ્થામાં મર્યો, કોઈ વખત અવ્યકત ભાવમાં જ વિલીન થઈ ગયો. કોઈ વખત પેસી થવા સમયે ઘણી સ્ત્રીઓના ગર્ભમાં ગળી ગયો. ૧૩૬

કોઈ વખત પિંડ થવાના સમયે ક્ષારથી ગર્ભવાસમાં નીકળી ગયો, હાડકાં બંધાવાના સમયે મરી ગયો અને કોઈ વખત હાડકાં વગર પણ ગળી ગયો. ૧૩૭

खरखारमूलदड्ढो पंसुलि-समणी-कुमारी-रंडाणं।
गलिओ लोहियवाहा बहुसो हं नवर संसारे ॥१३८॥

कत्थइ भएण गलिओ, कत्थइ आयास-खेयवियणत्तो।
कत्थइ जणणीए अहं फालियपोट्टाए गयजीवो ॥१३९॥

कत्थइ दरनीहरिओ जणणीजोणीए हं मुओ बहुसो।
कत्थइ नीहरिओ च्चिय गुरुवियणाभिंभलो गलिओ
॥१४०॥

कत्थइ जणणीए अहं ठइयमुहो थणमुहेण वहिओ हं।
कत्थइ पक्खित्तो च्चिय सवसयणे जीवमाणो वि॥१४१॥

जायावहारिणीए कत्थइ हरिओ मि छट्ठदियहम्मि।
कत्थइ बलि च्चिय कओ जोगिणिसमयम्मि जणणीए
॥१४२॥

कत्थइ पूयणगहिओ, कत्थइ सउणीगणेण गहिओ हं।
कत्थइ बिरालिगहिओ हओ मि वालग्गहगहेणं ॥१४३॥

कत्थइ खासेण मओ, कत्थइ सोसेण सोसियसरीरो।
कत्थइ जरेण वहिओ, कत्थइ उयरेण भग्गो हं ॥१४४।

कत्थइ कुट्ठेण अहं सडिओ सव्वेसु चेव अंगेसु।
कत्थइ भगंदरेणं दारियदेहो गओ निहणं ॥१४५॥

અતિક્ષાર કે મૂળિયાંથી બળી ગયો. દુશ્ચારિણી, પરિ-વ્રાજિકા, કુમારી અને રંડા સ્ત્રીના ગર્ભમાંથી લોહી વહન થઈ સંસારમાં ઘણી વખત ગર્ભભ્રષ્ટ થયો. ૧૩૮

કોઈ વખત ભયથી ગળી ગયો, કોઈ વખત વધારે પડતાં શ્રમને કારણે નીકળી ગયો, કોઈ વખત માતાનું ઉદર ચીરી નાખવાથી મૃત્યુ પામ્યો. ૧૩૯

કોઈ વખત માતાની યોનિમાંથી થોડો બહાર નીકળી ને, મરી ગયો, કોઈ વખત બહાર નીકળ્યો પણ ઘણી વેદનાથી વ્યાકુલ બનેલો મરી ગયો. ૧૪૦

કોઈ વખત માતાએ સ્તનમુખેથી વછોડી મારી નાંખ્યો. કોઈ વખત માતાને જીવતો સ્મશાન કે ચિતામાં ફેંક્યો. ૧૪૧

કોઈ વખત જન્મેલાં બાળકોને ઉપાડી જનારીથી છઠ્ઠીના દિવસે હરણ કરાયો, કોઈ વખત માતાએ યોગિની સમક્ષ બલિ કર્યો. ૧૪૨

કોઈ વખત ડાકિની કે પક્ષીથી પકડાયો. કોઈ વખત બિલાડીથી કે કોઈ વખત નોકરથી હણાયો. ૧૪૩

કોઈ વખત ઉધરસથી મર્યો, કોઈ વખત શોષથી શરીર શોષાઈ ગયું, કોઈ વખત ભાવથી મર્યો, કોઈ વખત પેટના રોગથી મર્યો. ૧૪૪

કોઈ વખત કુષ્ઠરોગથી સર્વ અંગે સડી ગયો. કોઈ વખત ભગંદરથી શરીર વિનાશ પામ્યું. ૧૪૫

दंतवियणाए कत्थइ, कत्थइ निहओ मि कण्णसूलेणं।
अच्छीदुक्खेण पुणो, सिरवियणाए गओ निहणं ॥१४६॥

कत्थइ रुहिरपवाहेण नवर णित्थामयं गयं जीयं।
कत्थइ पुरीसवाहो ण संठिओ जाव वोलीणो ॥१४७॥

कत्थइ लूयाए हओ, कत्थइ फोडीए कह वि निहओ हं।
कत्थइ मारीए पुणो, कत्थइ पडिया चडिक्का मे ॥१४८॥

कत्थइ फोडेहिं मओ, कत्थइ सूलेण णवर पोट्टस्स।
कत्थइ वज्जेण हओ, कत्थ वि पडिओ मि टंकस्स ॥१४९॥

कत्थइ सूलारूढो, कत्थइ उब्बंधिऊण वहिओ हं।
कत्थइ कारिमसेवा, कत्थइ मे गुग्गुलं धरियं ॥१५०॥

कत्थइ जलणपविट्ठो, कत्थइ सलिलम्मि आगया मच्चू।
कत्थइ गएण मलिओ, कत्थइ सीहेण गिलिओ हं ॥१५१॥

कत्थइ तण्हाए मओ, कत्थइ सुक्को बुभुक्खवियणाए।
कत्थइ सायवखद्धो, कत्थइ सप्पेण डक्को हं ॥१५२॥

કોઈ વખત દાંતની વેદનાથી અને કોઈ વખત કર્ણશૂળથી મૃત્યુ પામ્યો. કોઈક વખત આંખના દુઃખાવાથી અને કોઈક વખત મસ્તકની વેદનાથી મૃત્યુ પામ્યો. ૧૪૬

કોઈક વખત રૂધિરના પ્રવાહથી નિર્બળ બનતાં જીવ ગયો. કોઈક વખત ઝાડાનો રોગ ન મટતાં મૃત્યુ પામ્યો. ૧૪૭

કોઈક વખત ખસ ખુજલીથી મૃત્યુ પામ્યો. કોઈક વખત કોઈક પ્રકારના ફોલ્લાથી મૃત્યુ પામ્યો. કોઈક વખત મરકીથી મરણ પામ્યો. કોઈક વખત ઉપચાર ઊલટો થતાં મર્યો. ૧૪૮

કોઈક વખત વિસ્ફોટકથી અને કોઈક વખત પેટના શૂળથી મરણ પામ્યો. કોઈક વખત વજ્રથી હણાયો. કોઈક વખત પહાડના શિખર પરથી પડયો. ૧૪૯

કોઈક વઅત શૂળીએ ચડાવાયો તથા કોઈક વખત ઊંધે મસ્તકે બાંધીને હણાયો, કોઈક વખત અસહ્ય કષ્ટ પડે તેવી સેવા કરી તથા કોઈક વખત જેનાથી ગુંગળીને મરી જવાય એવો ધૂપ મારી આગળ ધરવામાં આવ્યો. ૧૫૦

કોઈક વખત અગ્નિમાં પડવાથી અને કોઈક વખત પાણીમાં પડવાથી મોત આવ્યું. કોઈક વખત હાથીએ છુંદી નાંખ્યો. કોઈ વખત સિંહે ફાડી નાંખ્યો. ૧૫૧

કોઈ વખત તરસથી મર્યો, કોઈક વખત ભૂખની વેદનાથી સૂકાઈને મર્યો, કોઈક વખત શ્વાપદે ખાધો, કોઈક વખત સર્પે ડંખ દીધો. ૧૫૨

कत्थइ चोरविलुत्तो, कत्थइ भुत्तो म्हि सन्निवाएणं।
कत्थइ सिंभेण पुणो, कत्थइ हो! वात-पित्तेहिं ॥१५३॥

कत्थइ इट्ठविओए, संपत्तीए अणिट्ठलोयस्स।
कत्थइ सज्झसभरिओ उव्वाओ कत्थइ मओ हं ॥१५४॥

कत्थइ चक्केण हओ, भिण्णो कुंतेहिं लउडपहरेहिं।
छिण्णो खग्गेण मओ, कत्थइ सेल्लेण भिण्णो हं ॥१५५॥

कत्थइ असिघेणूए, कत्थइ मंतेहिं नवर निहओ हं।
कत्थइ सीएण मओ, कत्थइ उण्हेण सोसियओ ॥१५६॥

अरईए कत्थवि मओ, मुत्तनिरोहेण कत्थइ मओ मि।
कत्थइ वच्चनिरोहे, कत्थइ य अजिन्नदोसेणं ॥१५७॥

कत्थवि कुंभीपाए, कत्थइ करवत्तफालिओ निहओ।
कत्थइ कडाहडड्ढो, कत्थइ कत्तीसमुक्कत्तो ॥१५८॥

कत्थइ जलयरगिलिओ, कत्थइ पक्खीविलुत्तसव्वंगो।
कत्थइ अवरोप्पपरयं, कत्थ वि जंतम्मि छूढो हं ॥१५९॥

કોઈક વખત ચોરે મારી નાંખ્યો, કોઈક વખત સનેપાતથી મૃત્યુ પામ્યો, કોઈક વખત બળખો અટકવાથી મૃત્યુ પામ્યો, કોઈક વખત વાત-ચિત્તથી મૃત્યુ પામ્યો. ૧૫૩

કોઈક વખત ઈષ્ટ-જનના વિયોગથી અને કોઈક અનિષ્ટ-લોકોના સંયોગથી મૃત્યુ પામ્યો, કોઈક વખત ભયથી પૂર્ણ ઉદ્વેગથી મૃત્યુ પામ્યો. ૧૫૪

કોઈક વખત ચક્રથી મૃત્યુ પામ્યો. કોઈક વખત ભાલાથી ભેદાયો. કોઈ વખત લાકડીથી મરાયો. કોઈક વખત તલવારથી છેદાઈને મર્યો. કોઈક વખત બાણથી ભેદાયો. ૧૫૫

કોઈક વખત છરીથી, તો કોઈક વખત મંત્રથી મૃત્યુ પામ્યો, કોઈક વખત તાપથી શોષ પામી મૃત્યુ પામ્યો, કોઈક વખત ઠંડીથી મૃત્યુ પામ્યો. ૧૫૬

કોઈક વખત અરતિથી મૃત્યુ પામ્યો, કોઈક વખત પૂરમાં તણાવાથી મૃત્યુ પામ્યો, કોઈક વખત મરડાથી તો કોઈક વખત અજીર્ણના દોષથી મૃત્યુ પામ્યો. ૧૫૭

કોઈક વખત કુંભીપાકથી, તો કોઈક વખત કરવતથી કપાઈને મૃત્યુ પામ્યો, કોઈક વખત કઢાઈમાં તળાયો, કોઈક વખત વાંસલાથી છોલાયો. ૧૫૮

કોઈક વખત જળચરથી ગળાયો, કોઈ વખત પક્ષીઓથી સર્વ અંગ ખવાઈ ગયો, કોઈક વખત પરસ્પર લડતાં મૃત્યુ પામ્યો, કોઈક વખત યંત્રમાં પિલાયો. ૧૫૯

कत्थइ सत्तूहिं हओ, कत्थइ कसघायजज्जरो पडिओ ।
साहसबलेण कत्थइ मच्चू, विसभक्खणेणं च ॥१६०॥

मणुयत्तणम्मि एवं बहुसो एक्केक्कयं मए पत्तं ।
तिरियत्तणम्मि एण्हिं साहिज्जंतं णिसामेह ॥१६१॥

रे जीव ! तुमं भणिमो कायर ! मा जूर मरणकालम्मि ।
चिंतेसु इमाइं खणं हियएणाणंतमरणाइं ॥१६२॥

जइया रे ! पुढविजिओ आसि तुमं खणण-खारमाईहिं ।
अवरोप्परसत्थेहि य अव्वो ! कह मारणं पत्तो ॥१६३॥

किर जिणवरेहिं भणियं दप्पियपुरिसेण आहओ थेरो ।
जा तस्स होइ वियणा पुढविजियाणं तहक्कंते ॥१६४॥

रे जीय - जंलजियत्ते बहुसो पीओ सि खोहिओ सुक्को ।
अवरोप्परसत्थेहिं सी-उण्हेहिं च सोसविओ ॥१६५॥

કોઈક વખત ચાબુકના પ્રહારથી મૃત્યુ પામ્યો, કોઈક વખત સાહસ કરતાં અને કોઈક વખત ઝેર ખાતાં મૃત્યુ પામ્યો. ૧૬૦

એ પ્રમાણે મનુષ્યપણામાં એક એક જાતિનાં અનેક વખત મરણ પામ્યો. હવે તિર્યંચગતિમાં એ વિશે કહું છું તે સાંભળો. ૧૬૧

## તિર્યંચગતિ વિષે

હે જીવ ! તને કહું છું તું મરણ સમયે કાયર ન બન, ઉદ્વેગ ન પામ, તારા હૃદયમાં આવા અનંત મરણોનો ક્ષણ વાર વિચાર કર. ૧૬૨

જ્યારે તું પૃથ્વીકાય જીવ હતો ત્યારે ખોદાયા ઉપર ક્ષારાદિકનું પડવું તથા ઉપર ઓજારોનું પડવું એ વડે તું કેટલીય વાર મરણ પામ્યો. ૧૬૩

વળી જિનવરે કહ્યું કે જેમ કોઈ અહંકારી યુવાન પુરૂષ ઘરડા માણસને મારે તેથી તેને વેદના થાય તેવી રીતે પૃથ્વીને ચાંપવાથી તે કાયાના જીવોને વેદના થાય છે.

હે જીવ ! જળકાયમાં તું હતો ત્યારે ઘણી વખત પિવાયો, સૂકાયો, ક્ષુભિત થયો, પરસ્પર સમૂહમાં શીત અને ઉષ્ણ વેદનાથી શોષાયો. ૧૬૫

अगणिजियत्ते बहुसो जल-धूलि-कलिंचवरिसणिवहेणं।
रे रे ! दुक्खं पत्तो तं सरमाणो सहसु एण्हिं ॥१६६॥

सी-उण्हखलणदुक्खे अवरोप्परसंगमे य जं दुक्खं।
वाउक्कायजियत्ते तं सरमाणो सहसु एण्हिं ॥१६७॥

छेयण-फालण-डाहे मुसुमूरण भंजणे य जं मरणं।
वणकायमुवगएणं तं बहुसो विसहियं जीव ! ॥१६८॥

तसकायत्ते बहुसो खइओ जीवेण जीवमाणो हं।
अक्कंतो पाएहिं मओ उ सी-उण्हदुक्खेहिं ॥१६९॥

सेल्लेहिं हओ बहुसो सूयरभावम्मि तं मओ रण्णे।
हरिणत्तणे वि निहओ खुरप्प-सरभिन्नपोट्टिल्लो॥१७०॥

सिंधेण पुणो खइओ मुसुमूरियसंधिबंधणावयवो।
एयाइं चिंतयंतो विसहसु वियणाओ धोराओ ॥१७१॥

तित्तिर-कवोयसउणत्तणम्मि तह ससय-मोरपसुभावे।
पासत्थं चिय मरणं बहुसो पत्तं तए जीय ! ॥१७२॥

અગ્નિકાયમાં હતો ત્યારે પાણી, ધૂળ, કાદવ અને વર્ષાના સમૂહથી ઘણી વખત તું દુઃખ પામ્યો. હવે તે દુઃખને યાદ કરી તું આ દુઃખોને સહન કર. ૧૬૬

વાયુકાયમાં શીત ઉષ્ણ નિપતન તથા પરસ્પરના સંગમમાં જે દુઃખો ભોગવ્યાં તેને યાદ કરીને આ દુઃખોને સહન કર. ૧૬૭

હે જીવ ! વનસ્પતિકાયમાં છેદન ફાડણ, ભંજન, અને મસળાવું વગેરેના લીધે ઘણા પ્રકારે મરણ પામ્યો. તેની વેદના તેં ઘણી વખત સહન કરી. ૧૬૮

ત્રસકાયમાં હું બીજા જીવોથી ઘણી વખત ખવાયો. પગથી ચંપાઈને મૃત્યુ પામ્યો. તથા શીતોષ્ણતાના દુઃખથી મરણ પામ્યો. ૧૬૯

ડુક્કરપણામાં હતો ત્યારે પથ્થરોથી અરણ્યમાં ઘણી વાર હણાયો. હરણના ભવમાં અસ્ત્રા જેવી અણીવાળા બાણથી પેટ ભેદાતાં મૃત્યુ પામ્યો. ૧૭૦

સિંહથી વળી હાડકાં, સાંધા, અવયવો તોડાઈને ખવાયો, આ બધાનો વિચાર કરીને આવેલી અનેક વેદનાઓ સમભાવથી સહન કર. ૧૭૧

હે જીવ ! તેતર, કબૂતર, વગેરે પક્ષીઓના ભવમાં તથા સસલું મોર વગેરે પશુઓના ભવમાં તે ઘણી વાર મરણ પ્રાપ્ત કર્યા. ૧૭૨

पारद्धिएण पहओ णट्ठो सरसल्लवेयणायिल्लो ।
ण य तं मओ ण जीओ मुच्छामोहं उवगओ सि ॥१७३॥

दट्ठूण पदीवसिहं किर एयं णिम्मलं महारयणं ।
'गेण्हामि' त्ति सयण्हं पयंगभावम्मि दड्ढो सि ॥१७४॥

बडिसेण मच्छभावे, गीएण मयत्तणे विवण्णो सि ।
गंधेण महुयरत्ते बहुसो रे ! पाविओ मरणं ॥१७५॥

किं वा बहुएण भणिएण ?
जाइं जाइं जाओ अणंतसो एक्कमेक्कभेयाए ।
तत्थ य तत्थ मओ हं अव्वो ! बालेण मरणेणं ॥१७६॥

णरयम्मि जीव ! तुमए णाणादुक्खाइं जाइं सहियाइं ।
एण्हि ताइं सरंतो विसहेज्जसु वेयणं एयं ॥१७७॥

करवत्त-कुंभि-रुक्खे सिंबलि-वेयरणि-बालुयापुलिणे ।
जइ सुमरसि एयाइं ता विसहसु वेयणं एयं ॥१७८॥

तेत्तीससागराइं णरए जा वेयणा सहिज्जंति ।
ता कीस खणं एक्कं विसहामि ण वेयणं एयं ॥१७९॥

देवत्तणम्मि बहुसो रणंतरसणाओ गुरुणियंबाओ ।
मुक्काओ देवीओ मा रज्जसु असुइणारीसु ॥१८०॥

પારધી વડે બાણથી હણાયેલો, તેની વેદનાવાળો તું મૃત્યુ ન પામ્યો, ન જીવ્યો પરંતુ મૂર્છા પામ્યો. અને અંતે નાશ પામ્યો. ૧૭૩

પતંગિયાના ભવમાં દીવાની શિખાને જોઈને તેને નિર્મળ-મહારત્ન માની તૃષ્ણાપૂર્વક જ્યાં પકડવા ગયો ત્યાં જ મૃત્યુ પામ્યો. ૧૭૪

ભમરાના ભવમાં હતો ત્યારે ગંધના લોભથી મૃત્યુ પામ્યો. દેહ વિષે મૂર્ચ્છા ન કરવી. વધારે કહેવાથી શું? ૧૭૫

જે જે એક એક જાતિમાં અનંત વખત જન્મ્યો ત્યાં અનેક વેદના સહન કરી બાલમરણથી મર્યો. ૧૭૬

હે જીવ ! તે જુદા જુદા પ્રકારની અનેક વેદનાઓ સહન કરી તે યાદ કરીને આ વેદના સહન કર. ૧૭૭

કરવત, કુંભી, કાંટાળા વૃક્ષો, સંબલી, વૈતરણી, વાલુકા, પુલિન વગેરેને યાદ કરીને આ વેદના સહન કર. ૧૭૮

નરકમાં તેત્રીસ સાગરોપમના કાળની વેદનાઓ જો સહન કરી તો અહીં એક ક્ષણની વેદના કેમ સહન કરતો નથી. ૧૭૯

દેવલોકમાં રણકાર કરતાં કંદોરાવાળી, અને મોટા નિતંબવાળી ઘણી યુવતીઓ ત્યજી દીધી. માટે આ અશુચિમય સ્ત્રીઓમાં મોહ ન કર. ૧૮૦

वज्जिंदनील-मरगयसमप्पभं सासयं वरं भवणं ।
मुक्कं सग्गम्मि तए वोसिर जरकडणिकयमेयं ॥१८१॥

णाणामणि-मोत्तियसंकुलाओ आबद्धदइंदचावाओ ।
रयणाणं रासीओ मोत्तुं मा रज्ज अत्थेसु ॥१८२॥

ते के वि देवदूसे दिव्वंगे दिव्वभोगफरिसिल्ले ।
मोत्तूणं तुमं तइया संपइ मा रज्ज कंथडए ॥१८३॥

वररयणणिम्मियं पिव कणयमयं कुसुमरेणुसोमालं ।
चइऊण तत्थ देहं कुण जरदेहम्मि मा मुच्छं ॥१८४॥

मा तेसु कुण नियाणं सग्गे किर एरिसीओ रिद्धीओ ।
मा चिंतेसु य सुपुरिस !, होइ सयं चेव जं जोग्गं ॥१८५॥

देहं असुइसगब्भं भरियं पुण मुत्त-पित्त-रुहिरेण ।
रे जीव ! इमस्स तुभं मा उवरि कुणसुं पडिबंधं ॥१८६॥

पुण्णं पावं च दुवे वच्चंति जिएण नवरि सह एए ।
जं पुण इमं सरीरं कत्तो तं चलइ ठाणाओ ? ॥१८७॥

સ્વર્ગમાં વજ્રેન્દ્ર નીલમણી, મરકતમણિ, જેવી કાંતિવાળા શાશ્વતા શ્રેષ્ઠ ભવનો છોડી દીધાં તો પછી આ જૂના મકાનને છોડી દે. ૧૮૧

અનેકવિધ મણિ મૌક્તિકના સંગ્રહો તથા જાણે ઈન્દ્રધનુષ્ય હોય તેવા રત્નના ઢગલાઓ છોડી દીધા. માટે હવે વૈભવમાં રાચ નહિ. ૧૮૨

દેવીઓના દિવ્યભોગ સહિત દેવદૂષ્યો છોડી દીધાં તો હવે અહીંની કંથાને બહુ યાદ ન કર. ૧૮૩

જાણે શ્રેષ્ઠ રત્નથી બનાવ્યું હોય અને સુવર્ણમય હોય તથા પુષ્પના પરાગથી દિવ્ય એવું શરીર છોડયું તો હવે ઘડપણવાળા શરીરમાં મમતા ન કર. ૧૮૪

હે પુરુષ ! સ્વર્ગમાં આટલી રિદ્ધિ છે. એમ યાદ કરીને તે વિષે નિયાણું ન કરતો, તેનો વિચાર ન કરતો. જેને જે યોગ્ય હશે, તેમ જ થશે. ૧૮૫

હે જીવ ! આ દેહ અશુચિથી ભરેલો તથા મળ મૂત્ર, પિત્ત, રુધિરથી ભરેલો છે. એવા દેહ ઉપર મમતા ન કર. ૧૮૬

જીવની સાથે માત્ર પુણ્ય અને પાપ એ બે જ જવાનાં છે. પરંતુ આ શરીર તો અહિં જ પડી રહેવાનું છે. ૧૮૭

मा मह सीयं होहिइ ठइओ विविहेहिं वत्थ-पोत्तेहिं।
वच्चंते उण जीए खलस्स कण्णं पि नो चलियं ॥१८८॥

मा मह उण्हं होहिइ इमस्स देहस्स छत्तयं धरियं।
तं जीवगमणसमए खलस्स सव्वं पि पम्हुट्ठं ॥१८९॥

मा मह छुहा भवीहिइ इमस्स देहस्स संबलं वूढं।
तं जीवगमणकाले कह व कयग्घेण णो सरियं ? ॥१९०॥

मा मे तण्हा होहिइ मरुत्थलीसुं पि पाणियं वूढं।
तेण च्चिय देह ! तुमं खलगहिओ किं ण सुकएण ? ॥१९१॥

तहलालियस्स तहपालियस्स तहगंध-मल्लसुरहिस्स।
खलदेह ! तुज्झ जुत्तं पयं पि णो देसि गंतव्वे ॥१९२॥

अव्वो ! जणस्स मोहो धम्मं मोत्तूण गमणसुसहायं।
देहस्स कुणइ पेच्छसु तद्दियहं सव्वकज्जाइं ॥१९३॥

णत्थि पुहईए अण्णो अविसेसो जारिसो इमो जीवो।
देहस्स कुणइ सव्वं, धम्मस्स ण गेण्हए नामं ॥१९४॥

પોતાને ઠંડી ન લાગે માટે વિવિધ કપડાં પહેરી લે છે, પરંતુ જીવ ગયા પછી દુર્જન શરીર એક ટુકડાને પણ ઈચ્છતું નથી. ૧૮૮

પોતાને તાપ ન લાગે માટે શરીર પર છત્ર ધારણ કરે છે. પરંતુ જીવ જાય છે તે સમયે ખલ શરીર સર્વ ગુમાવે છે. ૧૮૯

પોતાના દેહને ભૂખ ન વેઠવી પ્રડે એ માટે તે સાથે ઘણું ભાથું રાખે છે. પરંતુ મરણકાળે તે કૃતઘ્ને (પુણ્યનું ભાતું) કેમ તૈયાર ન કર્યું? ૧૯૦

પોતાને મરુભૂમિમાં તરસ ન લાગે તે માટે સાથે પાણી લીધું. પરંતુ એ જ દેહે તારા માટે સુકૃત કેમ ઉપાર્જન ન કર્યું? ૧૯૧

શરીરનું ખૂબ લાલન-પાલન કર્યું. સુગંધિ પુષ્પોથી સુવાસિત કર્યું. છતાં પ્રયાણ સમયે તારી સામે તે ખલશરીર એક ડગલું પણ આવવાનું નથી. ૧૯૨

અહો ! જુઓ કે જીવનું કેટલું અજ્ઞાન છે કે મુસાફરીમાં સારા સહાયક ધર્મમિત્રને છોડીને દેહ માટે આખો દિવસ સર્વ કાર્યો કરે છે. ૧૯૩

આ પૃથ્વીમાં આ જીવ જેવો બીજો કોઈ અવિશેષ (મૂર્ખ) નથી. કારણ કે શરીર માટે તે સર્વ કરે છે. પરંતુ એક માત્ર ધર્મનું નામ યાદ કરતો નથી. ૧૯૪

धम्मेण होइ सुगई देहो वि विलोट्टए मरणकाले ।
तह वि कयग्धो जीवो देहस्स सुहाइं चिंतेइ ॥१९५॥

छारस्स होइ पुंजो, अहवा किमियाण सिलिसिलेंताण ।
सुक्खइ रविकिरणेहिं वि, होहिइ पूयस्स व पवाहो ॥१९६॥

भत्तं व सउणयाणं, भक्खं वा साण-कोल्हुयाईणं ।
होहिइ पत्थरसरिसं अव्वो ! सुक्कं व कट्ठं वा ॥१९७॥

ता एरिसेण संपइ अहमसरीरेण जइ तवो होइ ।
लद्धं जं लहियव्वं मा मुच्छं कुणसु देहम्मि ॥१९८॥

अवि य -

देहेण कुणह धम्मं अंतम्मि विलोट्टए पुणो देहं ।
फग्गुणमासं खेल्लह परसंतेणेव पिट्ठेणं ॥१९९॥

ताविज्जउ कुणह तवं भिण्णं जीवाओ पुग्गलं देहं ।
कट्ठजलंतिंगाले परहत्थेणेव तं जीव ! ॥२००॥

देहेण कुणह धम्मं अंतिम्म विलोट्टए पुणो एयं ।
उट्टस्स पामियंगस्स वाहियं जं तयं लद्धं ॥२०१॥

ધર્મથી સદ્ગતિ થાય છે, દેહ તો મરણકાળે રગદોળાઈ જવાનો છે, છતાં કૃતઘ્ન જીવ શરીરના સુખનો વિચાર કરે છે. ૧૯૫

અંતે શરીર કાં તો રાખનો ઢગલો થશે, અથવા સળવળતા કીડાઓથી ખવાશે, અથવા સૂર્યકિરણોથી શોષાશે અથવા પરુના પ્રવાહવાળું થશે. ૧૯૬

અથવા પક્ષીઓનું ભોજન થશે, અથવા શિયાળ વગેરેનું ભક્ષણ થશે, અથવા સુકાઈને પથ્થર જેવું કે લાકડા જેવું થશે. ૧૯૭

માટે જો આ અસાર દેહનું આ પ્રમાણે થવાનું જ હોય તો તપ કરીને તેની પાસેથી જે મેળવવા જેવું હોય તે મેળવી લેવું જોઈએ. પણ દેહમાં મૂર્છા ન રાખવી. ૧૯૮

વળી દેહથી ધર્મ કરો. અંતે તો તે દગો દેવાનું જ છે. ફાગણ મહિનાની હોળીની જેમ તેની પણ હોળી થવાની છે. ૧૯૯

હે જીવ ! બીજાઓ સળગતા લાકડાના અગ્નિથી આ પુદ્ગલ - દેહને તપાવવાનાં છે. માટે તું તપ કરીને દેહને તપાવ. ૨૦૦

દેહથી ધર્મ કરવો, અંતે તે પાછો વળી જવાનો છે, ઊંટના ઉપર જેટલો ભાર વહન કરાવાય. તેટલો લાભ થવાનો છે. ૨૦૧

पोग्गलमइयं कम्मं हम्मउ देहेण पोग्गलमएणं।
रे जीव! कुणसु एयं विल्लं विल्लेण फोडेसु ॥२०२॥

अवस-वसएहिं देहो मोत्तव्वो ता वरं सवसएहिं।
जो हसिररोइरीए वि पाहुणो ता वरं हसिरी ॥२०३॥

रे जीव! तुमं भण्णसि निसुणेंतो मा करे गयणिमीलं।
देहस्स उवरि मुच्छं णिब्बुद्धिय! मा करेज्जासु ॥२०४॥

किंच रे जीव! तए चिंतणीयं, अवि य -
सो णत्थि कोइ जीवो जयम्मि सयलम्मि एत्थ रे जीव!
जो जो तए ण खइओ, सो वि हु तुमए भंमतेणं ॥२०५॥

सो णत्थि कोइ जीवो जयम्मि सयलम्मि तुह भमंतस्स।
ण य आसि कोइ बंधू तुह जीव! ण जस्स तं बहुसो
॥२०६॥

सो णत्थि कोइ जीवो जयम्मि सयलम्मि सुणसु ता जीव!।
जो णासि तुज्झ मित्तं सत्तू वा तुज्झ नो आसि ॥२०७॥

जे पेच्छसि आगासे धरणीए वणे णई तलाए वा।
ते जाण मए सव्वे सयहुत्तं भक्खिया आसि ॥२०८॥

કર્મ પુદ્‌ગલ સ્વરૂપ છે, માટે પુદ્‌ગલમય દેહથી તેને હણો, હે જીવ ! કોઠું કોઠાથી ફોડાય એ પ્રમાણે કર. ૨૦૨

સ્વાધીનતા કે પરાધીનતાથી દેહ છોડવાનો જ છે. તો સ્વાધીનતાથી કેમ ન છોડવો ? હસો કે રડો, મહેમાન ઘેર આવ્યા છે. તો પછી હસવું કેમ નહિ ? ૨૦૩

હે જીવ ! આટલું તને કહ્યું. તે સાંભળવામાં હાથીની નિદ્રાની જેમ વિકલ્પ ન કર. હે નિર્બુદ્ધિ ! આ દેહ ઉપર મૂર્છા ન કર. વળી હે જીવ ! તારે વિચારવાનું છે કે = ૨૦૪

હે જીવ ! સકલ સંસારમાં પરિભ્રમણ કરતા એવા તેં કોઈ જીવ એવો નથી કે જેને આરોગ્યો ન હોય. ૨૦૫

સકળ જગતમાં પરિભ્રમણ કરી રહેલા એવા તારા માટે એવો કોઈ જીવ નથી કે જેનો તું અનેકવાર બંધુ ન થયો હોય. ૨૦૬

હે જીવ ! સાંભળ સકલ જગતમાં એવો કોઈ જીવન નથી કે જે તારો મિત્ર કે શત્રુ ન થયો હોય અને જેનો મિત્ર કે શત્રુ તું થયો ન હોય. ૨૦૭

પહાડ પર, પૃથ્વી પર, વનમાં, નદીમાં, તળાવમાં જે વનસ્પતિ તું જુએ છે તે સર્વનું તેં અનેકવાર ભક્ષણ કર્યું છે તેમ જાણ. ૨૦૮

जं जं पेच्छसि एयं पोग्गलरूवं जयम्मि रे जीव ! ।
तं तं तुमए भुत्तं अणंतसो तं च एएण ॥२०९॥

तं णत्थि किं पि ठाणं चोद्दसरज्जुम्मि एत्थ लोगम्मि ।
जत्थ ण जाओ ण मओ अणंतसो, मुणसु रे जीव ! ॥२१०॥

गोसे मज्झण्हे वा पओसकालम्मि अहव राईए ।
सो णत्थि कोइ कालो जाओ य मओ य णो जम्मि ॥२११॥

जाओ जलम्मि, निहओ थलम्मि, थलवड्ढिओ जले निहओ ।
ते णत्थि जलथले वा जाओ य मओ य णो जत्थ ॥२१२॥

जाओ धरणीए तुमं निहओ गयणम्मि निवडिओ धरणिं ।
गयण-धरणीण मज्झे जाओ य मओ य तं जीव ! ॥२१३॥

जीवम्मि तुमं जाओ निहओ जीवेण पालिओ जीवे ।
जीवेण य जीवंतो जीयत्थं भक्खिओ जीव ! ॥२१४॥

जीवेण य तं जाओ, जीवावियओ य तं च जीवेणं ।
संवड्ढिओ जिएणं, जीवेहि य मारिओ बहुसो ॥२१५॥

ता जत्थ जत्थ जाओ सच्चित्ता-ऽच्चित्त-मीसजोणीसु ।
ता तत्थ तत्थ मरणं तुमए रे पावियं जीव ! ॥२१६॥

હે જીવ ! જગતમાં પુદ્ગલ સ્વરૂપ જે કંઈ તને દેખાય છે. તેનું તે અનેક વખત ભક્ષણ કર્યું છે. તું પણ બીજા જીવો વડે ઘણી વખત ભક્ષણ કરાયો છે. ૨૦૯

હે જીવ ! સાંભળ, ચૌદ રાજલોકમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં તેં અનંત વખત જન્મ અને મરણ ન કર્યાં હોય. ૨૧૦

સવાર, બપોર, સાંજ, દિવસ કે રાત્રિનો એવો કોઈ કાળ નથી કે જે કાળમાં તું જન્મ્યો કે મર્યો ન હોય. ૨૧૧

જળમાં જન્મ્યો, સ્થળમાં મર્યો, સ્થળમાં વૃદ્ધિ પામ્યો અને જળમાં મર્યો એવું કોઈ જળ કે સ્થળ નથી કે જ્યાં તુ જન્મ્યો કે મર્યો ન હોય. ૨૧૨

હે જીવ ! તુ ધરણીમાં જન્મ્યો, આકાશમાં મર્યો, પાછો ધરતી ઉપર પડયો. આકાશ અને ધરતી વચ્ચે જન્મ્યો અને મર્યો. ૨૧૩

તું જીવમાં જન્મ્યો, જીવ વડે હણાયો અને પળાયો, અને જીવ વડે જીવાડાતો તું જીવ વડે ભક્ષિત થયો. ૨૧૪

હે જીવ ! જીવથી તું જન્મ્યો, જીવ દ્વારા મરાયો, જીવે તને પાળ્યો અને જીવ વડે જીવિત માટે જીવતો તું ખવાયો. ૨૧૫

સચિત્ત અચિત્ત કે મિશ્રયોનિમાં જ્યાં જ્યાં તું જન્મ્યો ત્યાં ત્યાં, હે જીવ ! તેં મરણ પ્રાપ્ત કર્યું. ૨૧૬

मरणाइं अणंताइं तुमए पत्ताइं जाइं रे जीव ! ।
सव्वाइं ताइं जाणसु अयाणुया ! बालमरणाइं ॥२१७॥
किं तं पंडियमरणं ? - 'पंडा' बुद्धि त्ति, तीए जो जुत्तो ।
सो 'पंडिओ' त्ति भण्णइ, तस्स हु मरणं इमं होइ ॥२१८॥

पायवमरणं एक्कं इंगिणिमरणं लगंडमरणं च ।
संथारयम्मि मरणं, सव्वाई णियमजुत्ताइं ॥२१९॥

छज्जीवनिकायाणं रक्खापरमं तु होइ जं मरणं ।
तं चिय पंडियमरणं, विवरीयं बालमरणं तु ॥२२०॥

आलोइयम्मि मरणं जं होही पंडियं तयं भणियं ।
होइ पडिक्कमणेण य, विवरीयं जाण बालं ति ॥२२१॥

दंसण-णाण-चरित्ते आराहेउं हवेज्ज जं मरणं ।
तं हो पंडियमरणं, विवरीयं बालमरणं ति ॥२२२॥

तित्थयराइपणामे जिणवरवयणम्मि वट्टमाणस्स ।
तं हो पंडियमरणं, विवरीयं बालमरणं तु ॥२२३॥

किं वा बहुणा ? एत्थं पंडियमरणेण सग्ग-मोक्खाई ।
बालमरणेण एसो संसारो सासओ होइ ॥२२४॥

આવી આવી રીતે તેં અનંતાનંત મરણો મેળવ્યાં. તે સર્વ મરણોને, હે અજ્ઞ જીવ ! બાલમરણ જાણ. ૨૧૭

તો અહીં પંડિત મરણ કોને કહેવાય ? પંડા એટલે બુદ્ધિ તેનાથી જે યુકત હોય તે પંડિત કહેવાય. તેનું જે મરણ તે પંડિતમરણ કહેવાય છે. ૨૧૮

એક પાદપમરણ, બીજું ઈંગીનીમરણ અને ત્રીજું લગંડમરણ એમ પંડિતમરણનાં ત્રણ ભેદ છે. તે સર્વ સંથારાના વિષે નિયમથી યુકતમરણ હોય છે. ૨૧૯

છ કાય જીવોની રક્ષા જે મરણમાં હોય તે પંડિતમરણ. તેથી વિપરીત બાલમરણ હોય છે. ૨૨૦

આલોચના જેમાં લેવાઈ હોય તે પંડિત મરણ કહેવાય. આલોચના ન લીધી હોય - શલ્ય બાકી રહ્યાં હોય. પાપનું પ્રતિક્રમણ ન થયું હોય તેને બાલમરણ જાણવું. ૨૨૧

દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનાપૂર્વક જે મરણ થાય તે પંડિતમરણ અને તેથી વિપરીત બાલમરણ છે. ૨૨૨

તીર્થંકરાદિને પ્રણામ કરનાર તથા જિનવચન અનુસાર વર્તનારને પંડિતમરણ હોય છે. વિપરીતને બાલમરણ હોય છે. ૨૨૩

વધારે વર્ણન શું કરવું ? પંડિતમરણથી સ્વર્ગ કે મોક્ષ મળે છે. બાલમરણથી આ શાશ્વત સંસાર મળે છે. ૨૨૪

एयं नाऊण तुमं रे जीव ! सुहाइं नवर पत्थेंतो ।
चइऊण बालमरणं, पंडियमरणं मरसु एण्हि ॥२२५॥

छेयण-भेयण-ताडण-अवरोप्परभक्खणाइं णरएसु ।
एयाइं संभरंतो पंडियमरणं मरसु एण्हि ॥२२६॥

णत्थण-वाहण-अंकण-अवरोप्परभक्खणाइं तिरिएसु ।
एयाइं संभरंतो पंडियमरणं मरसु एण्हि ॥२२७॥

जाइ-जरा-मरणाइं रोगायंके य तह य मणुएसु ।
जइ सुमरसि एयाइं पंडियमरणं मरसु एण्हि ॥२२८॥

इट्ठविओओ गरुओ, अणिट्ठसंपत्ति-चवणदुक्खाइं ।
एयाइं संभरंतो पंडियमरणं मरसु एण्हि ॥२२९॥

रे जीव ! तुमे दिट्ठो अणुभूओ जो सुओ य संसारो ।
बालमरणेहिं एसो, पंडियमरणं मरसु तम्हा ॥२३०॥

भणियं च -

एक्कं पंडियमरणं छिंदइ जाईसयाइं बहुयाइं ।
तं मरणं मरियव्वं जेण मुओ सुम्मओ होइ ॥२३१॥

सो सुम्मओ त्ति भन्नइ जो ण वि मरिही पुणो वि संसारे ।
निद्धूयसव्वकम्मो सो सिद्धो जइ परं मोक्खो ॥२३२॥

આટલું જાણીને હે જીવ ! સુખની પ્રાર્થના કરતો હોય તો બાલમરણનો ત્યાગ કરી પંડિતમરણ અંગીકાર કર. ૨૨૫

નારકીમાં છેદન ભેદન, તાડન, પરસ્પર ઘાત કરવા વગેરે દુઃખનું સ્મરણ કરી હવે પંડિતમરણ અંગીકાર કર. ૨૨૬

ભાર વહન કરવો, બંધાવું, એક બીજાનું ભક્ષણ કરવું વગેરે તિર્યંચગતિના દુઃખોને યાદ કરતો હવે પંડિતમરણને સ્વીકાર. ૨૨૭

મનુષ્યગતિમાં જન્મ લેવો, વૃદ્ધાવસ્થા ભોગવવી, રોગથી ત્રાસ પામવો વગેરે દુઃખોને યાદ કરતો હવે પંડિતમરણ અંગીકા કર. ૨૨૮

ઈષ્ટનો વિયોગ, અનિષ્ટ સંપત્તિ, અને અનિષ્ટના વચનો મોટાં છે એને યાદ કરતો હવે પંતિમરણથી દેહ છોડ. ૨૨૯

હે જીવ ! આ સંસારમાં તેં જે જોયું, અનુભવ્યું કે સાંભળ્યું હોય તેવા બાલમરણ ઘણા કર્યા હવે પંડિતમરણને સ્વીકાર કર. કહ્યું છે કે - ૨૩૦

એક જ પંડિતમરણ સેંકડો જન્મને છેદે છે, તેવા મરણથી મરવું કે જેથી મરણ સુંદર મરણ થાય. ૨૩૧

તેનું જ સુમરણ કહેવાશે કે જે હવે સંસારમાં ફરી મરશે નહિ. સમગ્ર કર્મોને બાળી નાંખનાર સિદ્ધો એ જ પરમ સાધ્ય મોક્ષ છે. ૨૩૨

नत्थि मरणस्स नासो तित्थयराणं पि अहव इंदाणं।
तम्हा अवस्समरणे पंडियमरणं मरसु एक्कं ॥२३३॥

जइ मरणेण न कज्जं, खिन्नो मरणेहिं, भयसि मरणाइं।
ता मरणदुक्खभीरुय ! पंडियमरणं मरसु एण्हिं ॥२३४॥

अह इच्छसि मरणाइं, मरणेहि य नत्थि तुज्झ निव्वेओ।
ता अच्छसु वीसत्थो जम्मण-मरणारहट्टम्मि ॥२३५॥

इय बाल-पंडियाणं मरणं नाऊण भावओ एण्हिं।
एसो पंडियमरणं पडिवण्णो भवसउत्तारं ॥२३६॥

## (सु. २३७. सयंभुदेवमुणिणो अंतगडकेवलित्तं)

एवं भणमाणस्स सयंभुदेवस्स महारिसिणो अउव्वकरणं। खवगसेढीए अणंतरं केवलवरनाण-दंसणं समुप्पण्णं, समएणं च आउयकम्मक्खयओ गओ अणुत्तरगइं सयंभुदेवमहारिसि त्ति ॥२३७॥

## ॥ चतुर्थ्याराधना समाप्तेति ॥

તીર્થંકરો કે ઈન્દ્રોના પણ મરણનો નાશ નથી. માટે આપણે મરવું એ જો અવશ્ય હોય તો પછી પંડિતમરણથી કેમ ન મરવું? ૨૩૩

જો હવે તારે મરણની જરૂર નથી, મરણથી કંટાળ્યો જ હોય, મરણનો ત્યાગ કરવો હોય, મરણના દુઃખથી ભીરુ બન્યો હોય તો ફકત પંડિતમરણ અંગીકાર કર. ૨૩૪

તને સંસારમાં મરણો પસંદ હોય, મરણથી તને કંટાળો આવ્યો ન હોય. તો વિશ્વસ્ત બની જન્મમરણની રેંટમાળમાં ભલે શાંતિથી વાસ કર. ૨૩૫

એ પ્રમાણે હવે બાલ - પંડિતમરણ ભાવથી જાણીને ભવનો પાર કરનાર પંડિતમરણ તે (સ્વયંભૂ દેવમુનિ) સ્વીકારે છે. ૨૩૬

આ પ્રમાણે સ્વયંભૂદેવ મહર્ષિને અપૂર્વકરણ, ક્ષપકશ્રેણી અને ત્યારપછી ઉત્તમ કેવળજ્ઞાન, દર્શન, ઉત્પન્ન થયાં. તે જ સમયે આયુષ્યનો પણ ક્ષય થયો. તેથી તે સ્વયંભૂદેવ મહર્ષિ અંતગડકેવળી થયા. ૨૩૭

**આ પ્રમાણે ચોથી આરાધના સમાપ્ત થઈ.**

## (सु. २३८. महारहमुणिणो संलेहणापडिवत्ती)

एवं च वच्चंतेसु दियहेसु महारहसाहू वि नाऊण थोवसेसं आउयं दिन्नगुरुयणालोयणो पडिक्कंतसव्वपावट्ठाणो संलेहणासंलिहियंगो सव्वहाकयसव्वकायव्वो उवविट्ठो संथारए। तत्थ य नमोक्कारपरमो अच्छिउं पयत्तो ॥२३८॥ अवि य -

## (गा. २३९-३१७. महारहमुणिकया पंचपरमेट्ठिनमोक्काररूवा आराहणा)

एस करेमि पणामं अरहंताणं विसुद्धकम्माणं।
सव्वाइसयसमग्गा अरहंता मंगलं मज्झ ॥२३९॥

उसभाईए सव्वे चउवीसं जिणवरे नमंसामि।
होहिंति जे वि संपइ ताणं कओ नमोक्कारो ॥२४०॥

ओस (? उस्स)प्पिणि तह अवसप्पिणीसु सव्वासु जे समुप्पण्णा।
तीयाणागयभूए सव्वे वंदामि अरहंते ॥२४१॥

भरहे अवरविदेहे पुव्वविदेहे य तह य एरवए।
पणमामि पुक्खरद्धे धायइसंडे य अरहंते ॥२४२॥

अच्छंति जे वि अज्ज वि णर-तिरिए देव-नरयजोणीसु।
एगाणेगभवंतरभविए वंदामि तित्थयरे ॥२४३॥

## (૫) શ્રી મહારથ મુનિવરની આરાધના

એવી રીતે દિવસો પસાર થઈ રહ્યા હતા તે સમયે ગુરુએ આલોયણા આપેલ, સર્વ પાપસ્થાનકોને પ્રતિક્રમનાર, સર્વ અંગને સંલેખનાથી સંલિખિત કરનાર સર્વથા કરવા યોગ્ય સર્વ કરનાર મહારથ સાધુ પોતાનું અલ્પાયુ જાણી સંથારા ઉપર બેઠા અને પરમમંત્ર નવકાર ગણવામાં લીન બન્યા. ૨૩૮

વિશુદ્ધ કર્મવળા અરિહંતોને હું આ નમસ્કાર કરું છું, સર્વાતિશયવાળા સમગ્ર અરિહંતો મને મંગળરૂપ થાઓ. ૨૩૯

ઋષભાદિક સર્વે ચોવીસ જિનવરોને નમસ્કાર કરું છું, ભૂતકાળના તેમજ ભવિષ્યકાળના જિનેશ્વરોને પણ નમસ્કાર કરું છું. ૨૪૦

ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં જે સર્વ સમુત્પન્ન થયા તે સર્વ, ભૂતકાળમાં જે થયા અને ભવિષ્યમાં જે થશે તે સર્વ અરિહંતોને વંદન કરું છું. ૨૪૧

ભરત, પૂર્વવિદેહ અને પશ્ચિમ વિદેહ, ઐરવત, પુષ્કર-વરદ્વીપ તથા ઘાતકીખંડના અરિહંતોને વંદન કરું છું. ૨૪૨

આજે પણ નરક તિર્યંચ મનુષ્ય દેવ ગતિમાં એક ભવ કે અનેક ભવ કરનાર ભાવિ તીર્થંકરોને પ્રણામ કરું છું. ૨૪૩

तित्थयरनाम-गोयं वेएंते बंधमाण बद्धे य।
बंधिंसु जे वि जीवा अज्जं चिय ते वि वंदामि ॥२४४॥

विहरंति जे मुणिंदा छउमत्था अहव जे गिहत्था वा।
उप्पन्ननाणरयणा सव्वे तिविहेण वंदामि ॥२४५॥

जे संपइ परिसत्था अहवा जे समवसरणमज्झत्था।
देवच्छंदगया वा जे वा विहरंति धरिणयले ॥२४६॥

साहेंति जे वि धम्मं जे वि न साहेंति छिन्नमयमोहा।
वंदामि ते वि सव्वे तित्थयरे मोक्खमग्गस्स ॥२४७॥

तित्थयरीओ तित्थंकरे य सामे य कसिणगोरे य।
मुत्ताहल-पउमाभे सव्वे तिविहेण वंदामि ॥२४८॥

उज्झियरज्जे अहवा कुमारए दारसंगहसणाहे।
सावच्चे निरवच्चे सव्वे तिविहेण वंदामि ॥२४९॥

भव्वाण भवसमुद्दे निबुड्डमाणाण तरणकज्जम्मि।
तित्थं जेहिं कयमिणं तित्थयराणं नमो ताणं ॥२५०॥

तित्थयराण पणामो जीवं तारेइ दुक्खजलहीओ।
तम्हा पणमह सव्वायरेण ते चेय तित्थयरे ॥२५१॥

આજે પણ જે જીવો તીર્થંકર નામગોત્ર વેદતા હોય, બાંધ્યું હોય કે બાંધવાના હોય તેઓને વંદન કરું છું. ૨૪૪

જે મુનિવરો ગૃહસ્થપણે કે છદ્મસ્થપણે વિચરતા હોય અને જેમને કેવળજ્ઞાન રત્ન ઉત્પન્ન થયું હોય તે સર્વેને ત્રિવિધે વંદન કરું છું. ૨૪૫

જે પર્ષદામાં હોય અથવા સમવસરણમાં બેઠેલા હોય, દેવ છંદામાં હોય, અથવા પૃથ્વી ઉપર વિચરી રહ્યા હોય. ૨૪૬

મદમોહને છિન્ન કરનાર જે ધર્મ કહી રહ્યા હોય, અને જે ન કહી રહ્યા હોય તે મોક્ષમાર્ગના પ્રરૂપક સર્વ તીર્થંકરોને વંદન કરું છું. ૨૪૭

શ્યામ, શ્યામ-ગોરા, મુકતાફળ કે પદ્મ જેવા વર્ણવાળા હોય તે સર્વ તીર્થંકરોને ત્રિવિધે વંદન કરું છું. ૨૪૮

રાજ્ય ત્યાગ કર્યો હોય, કુમારપણામાં હોય, પત્નીવાળા હોય, પુત્રવાળા કે પુત્ર વગરના હોય તે સર્વ તીર્થંકરોને ત્રિવિધે પ્રણામ કરું છું. ૨૪૯

ભવ સમુદ્રમાં ડૂબતા ભવ્યાત્માને તારવા માટે જેમણે તીર્થ કર્યું હોય એવા તીર્થંકરોને નમસ્કાર થાઓ. ૨૫૦

તીર્થંકરોને કરવામાં આવેલો પ્રણામ જીવને દુઃખસમુદ્રથી તારે છે તેથી તે તીર્થંકરોને સર્વ આદરથી પ્રણામ કરો. ૨૫૧

लोगगुरूणं ताणं तित्थयराणं च सव्वदरिसीणं।
सव्वण्णूणं ताणं नमो नमो सव्वभावेणं ॥२५२॥

अरहंतनमोक्कारो जइ कीरइ भावओ इह जणेणं।
ता होइ सिध्दिमग्गो भवे भवे बोहिलाभाय ॥२५३॥

अरहंतनमोक्कारो तम्हा चिंतेमि सव्वभावेणं।
दुक्खसहस्सविमोक्खं अह मोक्खं जेण पावेमि ॥२५४॥

सिध्दाण णमोक्कारो करेमु भावेण कम्मसुद्धाणं।
भवसयसहस्सबध्दं धंतं कम्मिंधणं जेहिं ॥२५५।

सिज्झंति जे वि संपइ सिध्दा सिज्झिसु कम्मखययाए।
ताणं सव्वाण नमो तिविहेणं करणजोएणं ॥२५६॥

जे केइ तित्थसिध्दा अतित्थसिध्दा व एक्कसिध्दा वा।
अहवा अणेगसिद्धा ते सव्वे भावओ वंदे ॥२५७॥

जे वि य सलिंगसिध्दा गिहिलिंगे कह वि जे कुलिंगे वा।
तित्थयरसिध्दसिध्दा सामण्णा जे वि ते वंदे ॥२५८॥

इत्थीलिंगे सिध्दा पुरिसेण णपुंसएण जे सिध्दा।
पत्तेयबुध्दसिध्दा बुध्द-सयंबुध्दसिद्धा य ॥२५९॥

સર્વદર્શી, લોકગુરુ, સર્વજ્ઞને સર્વભાવથી નમસ્કાર કરો, અરિહંતોને ભાવથી જો નમસ્કાર કરવામાં આવે તો તે ભવોભવ બોધિલાભ કે સિદ્ધિમાર્ગ અપાવનાર થાય છે. ૨૫૨, ૨૫૩

હજારો દુઃખથી મુક્ત કરાવનાર, મોક્ષને મેળવી આપનાર તેવા અરિહંતના નમસ્કારને સર્વભાવથી ચિંતવું છું. ૨૫૪

## સિદ્ધોને નમસ્કાર

લાખો ભવથી બાંધેલા કર્મરૂપી ઈંધણને બાળીને ભસ્મ કરી નાંખનાર કર્મ શુદ્ધ સિદ્ધોને ભાવથી નમું છું. ૨૫૫

કર્મ ખપાવી જેઓ સિદ્ધ થયા હોય, થઈ રહ્યા હોય, અને થવાના હોય તે સર્વ સિદ્ધોને ત્રિવિધ કરણથી નમસ્કાર હો. ૨૫૬

તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, એકસિદ્ધ અથવા અનેકસિદ્ધ તે સર્વને ભાવથી નમું છું. ૨૫૭

સ્વલિંગ, અન્યલિંગ, કુલિંગસિદ્ધ, તીર્થંકરસિદ્ધ, સામાન્યસિદ્ધ તે સર્વને હું વંદન કરું છું. ૨૫૮

સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુંસકલિંગસિદ્ધ, પ્રત્યેક બુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિંદ્ધ બેઠેલાસિદ્ધ, ઢળી પડેલા-કાઉસગ્ગમાં રહેલા તથા પડખે સૂતેલા જે સિદ્ધ થયા હોય તે સર્વને ત્રિવિધે વંદુ છું. ૨૫૯, ૨૬૦

जे वि निसन्ना सिद्धा अहव निवण्णा ठिया व उस्सग्गे।
उत्ताणय-पासेल्ला सव्वे वंदामि तिविहेणं ॥२६०॥

निसि दियह पदोसे वा सिद्धा मज्झण्ह-गोसकाले वा।
कालविवक्खोसिद्धा सव्वे वंदामि तिविहेणं ॥२६१॥

जोव्वणसिद्धा बाला थेरा तह मज्झिमा य जे सिद्धा।
दीवऽन्नदीवसिद्धा सव्वे तिविहेण वंदामि ॥२६२॥

दिव्वावहारसिद्धा समुद्दसिद्धा गिरीसु जे सिद्धा।
जे केइ भावसिद्धा सव्वे तिविहेण वंदामि ॥२६३॥

जे जत्थ केइ सिद्धा काले खेत्ते य दव्वभावे वा।
ते सव्वे वंदे हं सिद्धे तिविहेण करणेणं ॥२६४॥

सिद्धाण नमोक्कारो जइ लब्भई उवठिए मरणकाले।
ता होइ सुगइमग्गो अन्ने सिद्धिं पि पावेंति ॥२६५॥

सिद्धाण नमोक्कारो जइ कीरइ भावओ असंगेहिं।
रुंभइ कुगईमग्गं सग्गं सिद्धिं च पावेइ ॥२६६॥

सिद्धाण नमोक्कारं तम्हा सव्वायरेण काहामि।
छेत्तूण मोहजालं सिद्धिपुरिं जेण पावेमि ॥२६७॥

કાળની વિવક્ષાએ રાત્રે, દિવસે, સંધ્યા સમયે મધ્યાહ્ને કે સવારે સિદ્ધ થયા હોય તે સર્વને ભાવથી વંદુ છું. ૨૬૧

બાળપણે, યૌવનમાં, વૃદ્ધાવસ્થામાં, મધ્યમવયમાં, દ્વીપમાં, જંગલમાં સિદ્ધ થયા હોય તે સર્વને ત્રિવિધે ત્રિવિધે વંદું છું. ૨૬૨

સમુદ્રમાં, દેવતાએ હરણ કરેલ હોય, પર્વતને વિષે સિદ્ધ થયા હોય તે સર્વ ભાવસિદ્ધોને ત્રિવિધે વંદના કરું છું. ૨૬૩

વળી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં સિદ્ધ થયા હોય તે સર્વ ભાવસ્દ્ધિો ને ત્રિકરણયોગે વંદન કરું છું. ૨૬૪

આવેલા મરણ સમયે સિદ્ધોને ભાવથી કરેલો નમસ્કાર જે પામે છે. તે સદ્ગતિ અપાવે છે - સિદ્ધિ પમાડે છે. ૨૬૫

જેઓ અસંગપણે સિદ્ધોને ભાવથી નમસ્કાર કરે છે તે દુર્ગતિને રોકે છે, તથા સ્વર્ગ કે સિદ્ધિ પામે છે. ૨૬૬

માટે હું સંર્વાદરથી સિદ્ધોને નમસ્કાર કરીશ કે જેથી મોહ રૂપી જાળને છેદી સિદ્ધિનગરી મેળવું. ૨૬૭

पणमामि गणहराणं जिणवयणं जेहिं सुत्तबंधेणं ।
बंधेऊण तह कयं पत्तं अम्हारिसा जाव ॥२६८॥

चोद्दसपुव्वीण नमो, आयरियाणं तहूणपुव्वीणं ।
वायगवसभाण नमो, नमो य एक्कारसंगीणं ॥२६९॥

आयारधराण नमो धारिज्जइ जेहिं पवयणं सयलं ।
नाणधराणं ताणं आयरियाणं पणिवयामि ॥२७०॥

नाणायारधराणं दंसण-चरणे विसुद्धभावाणं ।
तव-विरियधराण नमो आयरियाणं सुधीराणं ॥२७१॥

जिणवयणं दिप्पंतं दीवंति पुणो पुणो ससत्तीए ।
पवयणपभासयाणं आयरियाणं पणिवयामि ॥२७२॥

गूढं पवयणसारं अंगोवंगे समुद्दसरिसम्मि ।
अम्हारिसेहिं कत्तो तं नज्जइ थोयबुद्धिहिं ? ॥२७३॥

## શ્રી આચાર્યને નમસ્કાર

અમારા જેવાને આજ સુધી મળી રહેલાં જિનવચનોને સૂત્રપણે ગુંથનાર ગણધર ભગવંતોને પ્રણામ કરું છું. ૨૬૮

ચૌદ પૂર્વી, તેથી ઓછા પૂર્વના જ્ઞાનવાળા, વાચનાચાર્ય, તથા અગ્યાર અંગને ધારણ કનારા સર્વ આચાર્યોને નમસ્કાર હો. ૨૬૯

આચારને ધરનારા તથા સકલ પ્રવચનને ધારણ કરનાર, જ્ઞાની આચાર્યોને નમસ્કાર કરું છું. ૨૭૦

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર વિશુદ્ધ ભાવથી પાળનારા સુધીર આચાર્યોને નમસ્કાર હો. ૨૭૧

જિનવચન પ્રકાશિત કરનાર, પોતાની શકિત અનુસાર જૈનશાસનની વારંવાર પ્રભાવના કરનારા આચાર્યોને નમસ્કાર કરું છું. ૨૭૨

પ્રવચનના સારનો ગૂઢ મર્મ સમજાવનારા આચાર્ય ભગવંતોની ગેરહાજરીમાં અમારા જેવા મંદબુદ્ધિવાળાઓ સમુદ્ર જેવા શાસ્ત્રના રહસ્યોને ક્યાંથી સમજી શકે? ૨૭૩

तं पुण आयरिएहिं पारंपरएण दीवियं एत्थ ।
जइ होज्ज न आयरिया को तं जाणेज्ज सारमिणं ?
॥२७४॥

सूयणमेत्तं सुत्तं, सूइज्जइ केवलं तहिं अत्थो ।
जं पुण से वक्खाणं तं आयरिया पगासेंति ॥२७५॥

बुद्धीसिणेहजुत्ता आगमजलणेण सुट्ठु दिप्पंता ।
कह पेच्छह एस जणो सूरिपईवा जहिं णत्थि ? ॥२७६॥

चारित्तसीलकिरणो अन्नाणतमोहनासणो विमलो ।
चंदसमो आयरियो भविए कुमुए व्व बोहेइ ॥२७७॥

दंसणविमलपयावो दसदिसिपसरंतनाणकिरणिल्लो ।
जत्थ ण रवि व्व सूरी मिच्छत्ततमंधओ देसो ॥२७८॥

उज्जोयओ व्व सूरो, फलओ कप्पद्दुमो व्व आयरिओ ।
चिंतामणि व्व सुहओ जंगमतित्थं पणिवयामि ॥२७९॥

એવાં ગૂઢ સૂત્રરહસ્ય આચાર્યની પરંપરાએ પ્રકાશિત કર્યું છે. જો આવા આચાર્યો ન હોત તો આવાં ગંભીર રહસ્યો શી રીતે જાણી શકત ? ૨૭૪

સૂત્ર તો માત્ર સૂચન કરનાર હોય છે, તેમાં અર્થ કેવળ સૂચવેલો હોય છે. પણ તેની વ્યાખ્યા તો આચાર્યો જ પ્રકાશિત કરે છે. ૨૭૫

બુદ્ધિ રૂપી તેલથી યુક્ત આગમ રૂપી જ્યોતિથી સુંદર શોભતા સૂરિ રૂપી પ્રદીપો જ્યાં નથી ત્યાં લોકો શી રીતે જોઈ કે જાણી શકતા હશે ? ૨૭૬

ચારિત્રરૂપી કિરણવાળા, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર નિર્મળચંદ્ર આચાર્યો ભવ્યો રૂપી કુમુદવનને પ્રતિબોધિત કરે છે. ૨૭૭

દર્શનરૂપી નિર્મળપ્રતાપવાળા, દશદિશામાં ફેલાયેલાં જ્ઞાનરૂપી કિરણોવાળા સૂર્ય જેવા સૂરિ જ્યાં નથી ત્યાં મિથ્યાત્વરૂપી અંધકારવાળો દેશ હોય છે. ૨૭૮

સૂર્યની જેમ ઉદ્યોત કરનારા, કલ્પવૃક્ષની જેમ ઈચ્છા પ્રમાણે ફળ આપનારા, ચિંતામણિરત્ન જેવા, સૌભાગ્યવંત, જંગમ તીર્થરૂપ આચાર્યોને પ્રણામ કરું છું. ૨૭૯

जे जत्थ केइ खेत्ते काले भावे व सव्वहा अत्थि।
तीताणागय-भूया ते आयरिए पणिवयामि ॥२८०॥

आयरियनमोक्कारो जइ लब्भइ मरणकालवेलाए।
भावेण कीरमाणो सो होहिइ बोहिलाभाए ॥२८१॥

आयरियनमोक्कारो जइ कीरइ तिविहजोगजुत्तेहिं।
तो जम्म-जरा-मरणे छिंदइ बहुए न संदेहो ॥२८२॥

आयरिनमोक्कारो कीरंतो सल्लगत्तणो होइ।
होइ नरामरसुहओ अक्खयफलदाणदुल्ललिओ॥२८३॥

तम्हा करेमि सव्वायरेण सूरीण हो! नमोक्कारं।
कम्मकलंकविमुक्को अइरा मोक्खं पि पावेस्सं ॥२८४॥

उज्झायाणं च नमो संगोवंगं सुयं धरताणं।
सिस्सगणस्स हियट्ठा झरमाणाणं च तं चेव ॥२८५॥

सुत्तस्स होइ अत्थो सुत्तं पाढेंति ते उवज्झाया।
अज्झावयाण तम्हा पणमह परमेण विणएण ॥२८६॥

ક્ષેત્ર કાળ અને ભાવમાં સર્વથા જે છે. તથા ભૂતકાળમાં જે થયા તથા ભવિષ્યમાં જે થશે તે સર્વ આચાર્યોને નમસ્કાર કરું છું. ૨૮૦

મરણ કાળ સમયે જો આચાર્યને નમસ્કાર કરવાનો યોગ મળી જાય તો ભાવથી કરવામાં આવેલો તે નમસ્કાર બોધિ લાભ માટે થાય છે. ૨૮૧

ત્રિવિધ યોગયુક્ત આચાર્યને નમસ્કાર કરાય તો ઘણા ભવના જન્મ, જરા અને મરણ છેદાઈ જાય છે એ વાતમાં સંદેહ નથી. ૨૮૨

આચાર્યને કરાયેલો નમસ્કાર આત્માને શલ્યરહિત કરી મનુષ્ય કે દેવલોકનાં સુભગ અક્ષય ફળ આપવામાં સમર્થ બને છે. ૨૮૩

તે કારણથી સર્વાદરથી સૂરિભગવંતોને નમસ્કાર હો, જેથી કર્મકલંકથી વિમુકત બની જલ્દી મોક્ષ પામું. ૨૮૪

## શ્રી ઉપાધ્યાયજીને વંદન

અંગો-ઉપાંગો સાથેનું શ્રુતજ્ઞાન ધારણ કરનાર, શિષ્યોના સમુદાયના હિતાર્થે તે શ્રુતનો ઝરો નિરંતર વહેવડાવનાર પાઠકવર્યશ્રી ઉપાધ્યાયજીને હવે વંદન કરું છું. ૨૮૫

સૂત્રનો જે અર્થ હોય તે ઉપાધ્યાયજી ભણાવે છે તેથી તે ઉપાધ્યાયજીને ઉત્કૃષ્ટ ભાવથી નમસ્કાર કરો. ૨૮૬

सज्झायसलिलनिवहं झरंति जे गिरियड व्व तद्दियहं।
उज्झायाण य ताणं भत्तीए अहं पणिवयामि ॥२८७॥

जे कम्मखयट्ठाए सुत्तं पाढेंति सुद्धलेसिल्ला।
न गणेंति निययदुक्खं पणओ अज्झावए ते हं ॥२८८।

उज्झायाणं तेसिं भद्दं जे नाण-दंसणसमिद्धा।
बहुभवियबोहिजणयं झरंति सुत्तं सयाकालं ॥२८९॥

अज्झावयस्स पणमह जस्स पसाएण सव्वसुत्ताणि।
नज्जंति पढिज्जंति य पढमं चिय सव्वसाहूहिं ॥२९०॥

उवझायनमोक्कारो कीरंतो मरणदेसकालम्मि।
कुगइं रुंभइ सहसा, सोग्गइमग्गम्मि उवणेइ ॥२९१॥

उवझायनमोक्कारो लाभं बोहीए कुणइ कीरंतो।
तम्हा पणमह सव्वायरेण अज्झावयं साहुं ॥२९२॥

उवझायनमोक्कारो सुहाण सव्वाण होइ तं मूलं।
दुक्खक्खयं च काउं जीवं ठावेइ मोक्खम्मि ॥२९३॥

પર્વતના શિખર ઉપરથી જેમ જળસમુહ ઝરે છે. તેમ તેમના મુખથી શ્રુતઝરણું નિરંતર વહ્યા કરે છે. તેવા ઉપાધ્યાયજીને ભક્તિથી હું વંદુ છું. ૨૮૭

તેઓ કર્મક્ષય માટે શુદ્ધ લેશ્યાવાળું શ્રુતજ્ઞાન ભણાવે છે, તેમ ભણાવવામાં પોતાના દુઃખની જરાપણ દરકાર ન કરનાર ઉપાધ્યાયજીને હું પ્રણામ કરું છું. ૨૮૮

ઘણા ભવ્યોને બોધ ઉત્પન્ન કરનાર, સદાકાળ શ્રુતનો સ્વાધ્યાય કરનાર, જ્ઞાનદર્શનની સમૃદ્ધિવાળા તે ઉપાધ્યાયજીનું કલ્યાણ હો. ૨૮૯

જેમના પ્રસાદથી સર્વ સૂત્રો જાણી શકાય છે, સર્વ સાધુઓ જેમની પાસે પ્રથમ અભ્યાસ કરે છે તેવા ઉપાધ્યાયજીને પ્રણામ કરો. ૨૯૦

મરણના નજીકના સમયે ઉપાધ્યાયજીને કરેલો નમસ્કાર સહસા દુર્ગતિને રોકી સદ્‌ગતિ તરફ ખેંચી જાય છે. ૨૯૧

ઉપાધ્યાયજીને કરેલો નમસ્કાર બોધિલાભ કરે છે. માટે હે મુનિઓ ! ઉપાધ્યાયજીને સર્વાદરથી નમસ્કાર કરો. ઉપાધ્યાયજીને કરેલ નમસ્કાર સર્વ સુખનું મૂળ છે. સર્વ દુઃખનો ક્ષય કરી તે જીવને મોક્ષમાં સ્થાપન કરે છે. ૨૯૨, ૨૯૩

साहूण नमोक्कारं करेमि तिविहेण करणजोएणं।
जेण भवलक्खबद्धं खणेण पावं विणासेमि ॥२९४॥

पणमह तिगुत्तिगुत्ते विलुत्तमिच्छत्तपत्तसम्मत्ते।
कम्मकरवत्तपत्ते उत्तमसत्ते पणिवयामि ॥२९५॥

पंचसु समिईसु जए तिसल्लपडिपेल्लणम्मि गुरुमल्ले।
चउविकहापम्मुक्के मय-मोहविवज्जिए धीरे ॥२९६॥

पणमामि सुद्धलेसे कसायपरिवज्जिए जियाण हिए।
छज्जीवकायरक्खणपरे य पारंपरं पत्ते ॥२९७॥

चउसण्णाविप्पजढे दढव्वए वयगुणेहिं संजुत्ते।
उत्तमसत्ते पणओ अपमत्ते सव्वकालं पि ॥२९८॥

परिसहबलपडिमल्ले उवसग्गसहे पहम्मि मोक्खस्स।
विकहा-पमायरहिए सहिए वंदामि समणे हं ॥२९९॥

## સાધુને વંદન

ત્રિકરણયોગે ત્રણે પ્રકારે સાધુઓને વંદન કરું છું જેથી લાખો ભવમાં ઉપાર્જન કરેલ કર્મનો ક્ષણવારમાં નાશ કરું. ૨૯૪

ત્રણ ગુપ્તિથી ગુપ્ત, મિથ્યાત્વનો લોપ કરી સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારને નમસ્કાર હો. કર્મને કાપી નાંખવામાં કરવત જેવા ઉત્તમસમ્યક્ત્વવાળા તેમને પ્રણામ કરું છું. ૨૯૫

પાંચ સમિતિને વિષે જયણાવાળા, ત્રણ શલ્યને દબાવવા માટે મોટા મલ્લસમાન, ચાર વિકથાથી સર્વથા મુકત, અહંકાર મોહથી રહિત, ધીર, શુદ્ધ લેશ્યાવાળા, કષાયોથી પરિવર્જિત, જીવોના હિત માટે યત્ન કરનાર છકાયના જીવોનું રક્ષણ કરવાવાળા, પાર પામેલા મુનિવરોને નમસ્કાર હો ! ૨૯૬, ૨૯૭

ચાર સંજ્ઞા (આહાર - ભય - મૈથુન - પરિગ્રહ) થી મુકત, વ્રતમાં દૃઢતાવાળા વ્રત ગુણોથી યુકત, ઉત્તમ સત્વવાળા, સર્વકાળ અપ્રમત મુનિવરોને નમસ્કાર હો. ૨૯૮

પરીષહ રૂપી સેના હરાવવામાં પ્રતિમલ્લ, મોક્ષમાર્ગની વચમાં આવતા ઉપસર્ગોને સહન કરનાર, વિકથાના પ્રમાદથી રહિત, સ્વહિત સાધનારા શ્રમણ ભગવંતોને વંદના કરું છું. ૨૯૯

सुमणे समणे सुयणे सुमणे, समणे य पावपंकस्स ।
सवए समए सुहए सहए समणे अहं वंदे ॥३००॥

साहूण नमोक्कारो जइ लब्भइ मरणदेसकालम्मि ।
चिंतामणि व्व लद्धे किं मग्गसि कायमणियाइं ? ॥३०१॥

साहूण नमोक्कारो कीरंतो अवहरेज्ज जं पावं ।
पावाण कत्थ हियए णिवसइ एसो अउण्णाणं ? ॥३०२॥

साहूण नमोक्कारो कीरंतो भावमेत्तसंसुद्धो ।
सयलसुहाणं मूलं मोक्खस्स य कारणं होइ ॥३०३॥

तम्हा करेमि सव्वायरेण साहूण तं नमोक्कारं ।
तरिऊण भवसमुद्दं मोक्खद्दीवं च पावेमि ॥३०४॥

एए जयम्मि सारा पुरिसा पंचेव ताण नवकारो ।
एयाण उवरि अन्नो को वा अरिहो पणामस्स ? ॥३०५॥

सेयाण परं सेयं, मंगल्लाणं च परममंगल्लं ।
पुन्नाण परं पुन्नं, फलं फलाणं च जाणेज्जा ॥३०६॥

પાપરૂપી કાદવનો લેપ ન થવા દેવામાં સાવધન મનવાળા, સૌભાગી, વ્રતવાળા શાસ્ત્રની સત્ય પ્રરૂપણા કરનાર સાધુ મહાત્માઓને વંદન કરું છું. ૩૦૦

મરણ સમયે સાધુમહારાજને કરેલો નમસ્કાર ચિંતામણિ રત્ન મળ્યા બરાબર છે. પછી કાચના બનાવટી મણિ કેમ માંગે છે ? ૩૦૧

સાધુને નમસ્કાર કરાય તો તે પાપને દૂર કરનાર થાય. પુણ્ય વગરના પાપીઓના હૃદયમાં આ નમસ્કારનો વાસ કયાંથી હોય ? ૩૦૨

ભાવ માત્રથી નિર્મળ એવો સાધુને નમસ્કાર કરાય તો સર્વ સુખનું મૂળ અને મોક્ષનું કારણ બને છે. ૩૦૩

તે કારણે સર્વાદરથી સાધુને નમસ્કાર કરું છું. જેથી ભવસમુદ્ર તરીને મોક્ષદ્વીપ પ્રાપ્ત કરું. ૩૦૪

## પંચ પરમેષ્ઠિને નમસ્કાર

જગતમાં શ્રેષ્ઠ એવા આ પંચપરમેષ્ઠિને નમસ્કાર હો ! એનાં કરતાં ચડિયાતા બીજા કોણ નમસ્કારને યોગ્ય છે ? ૩૦૫

દરેક શ્રેયમાં શ્રેય માંગલિકોમાં પરમ માંગલિક, પવિત્રમાં પવિત્ર અને ફળોમાં મોટું ફળ આ જ છે. ૩૦૬

एयं होइ पवित्तं वरयरयं सासयं तहा अमयं।
सारं जीयं पारं पुव्वाणं चोद्दसण्हं पि ॥३०७॥

एयं आराहेउं किं वा अन्नेहिं एत्थ कज्जेहिं ?।
पंचनमोक्कारमणो अवस्स देवत्तणं लहइ ॥३०८॥

चारित्तं पि ण वड्डइ नाणं नो जस्स परिणयं किंचि।
पंचनमोक्कारफलं अवस्स देवत्तणं तस्स ॥३०९॥

एयं दुहसयजलयरतरंगरंगतभासुरावत्ते।
संसारसायरम्मी रयणं व कयाइ नो पत्तं ॥३१०॥

एयं अब्भुरुहुल्लं एयं अप्पत्तपत्तयं मज्झ।
एयं परमरहस्सं चोज्जं कोड्डं परं सारं ॥३११॥

विज्झइ राहा वि फुडं, उम्मूलिज्जइ गिरी वि मूलाओ।
गम्मइ गयणपहेणं दुलहो एसो नमोक्कारो ॥३१२॥

जलणो वि होज्ज सीओ, पडिवहहुत्तं वहेज्ज सुरसरिया।
न य नाम न देज्ज इमो मोक्खफलं जिणनमोक्कारो ॥३१३॥

આ પવિત્ર, શ્રેષ્ઠ, ચડિયાતો ચૌદ પૂર્વનો સાર જીવને પાર પમાડનાર છે. એની જ આરાધના કરો. બીજા કાર્યોથી શું ? પંચ નમસ્કારમાં મનવાળો હોય તે અવશ્ય દેવત્વ પામે છે. ૩૦૭, ૩૦૮

ચારિત્ર પણ ન હોય તથા જ્ઞાન હજુ જરા પણ પરિણમ્યું ન હોય તો પણ પંચનમસ્કારનું ફળ જે દેવલોક તેને અવશ્ય મેળવે છે. ૩૦૯

સેંકડો દુઃખ રૂપ જળચરોથી વ્યાપ્ત તથા મોટા આવર્તોથી ભયંકર આ સંસાર સમુદ્રમાં કદી પણ આ નમસ્કાર રત્ન મને મળ્યું નથી. ૩૧૦

મેં નહી મેળવેલી વસ્તુ મેળવી, આ મહાભય હરનારું આશ્ચર્યકારી સારભૂત કૌતુક છે. ૩૧૧

રાધાવેધ કરવો, મૂળથી પહાડ ઉખેડી નાંખવો, આકાશમાર્ગે જવું તે કરતાં નમસ્કાર દુર્લભ છે. ૩૧૨

અગ્નિ શીતલ બની જાય અને આકાશગંગાનું વહેણ અવળી દિશામાં વહે, એવું ન બનવાનું કદાચ બની જાય. પણ જિનેશ્વરને કરેલો નમસ્કાર મોક્ષફળ આપે નહિ એવું કદાપિ ન બને. ૩૧૩

णूणं अलद्धउव्वो संसारमहोयहिं भमंतेणं ।
जिणसाहुनमोक्कारो तेणज्ज वि जम्म-मरणाइं ॥३१४॥

जइ पुण पुव्विं लद्धो ता कीस न होइ मज्झ कम्मखओ ? ।
दावाणलम्मि जलिए तणरासी केच्चिरं ठाइ ? ॥३१५॥

अहवा भावेण विणा दव्वेणं पाविओ मए आसि ।
जाव न गहिओ चिंतामणि त्ति ता किं फलं देइ ? ॥३१६॥

ता संपइ पत्तो मे आराहेयव्वओ पयत्तेणं ।
जइ जम्मण-मरणाणं दुक्खाणं अंतमिच्छामि ॥ ३१७॥
एयं भणमाणो महारहसाहू अउव्वकरणेणं खवगसेणिं समारूढो । कहं ? -

## (गा. ३१८-२९. महारहमुणिणो खवगसेढि समारोहपुव्वं मोक्खगमणं)

झोसेइ महासत्तो सुक्कज्झाणानलेण कम्मतरुं ।
पढमं अणंतनामे चत्तारि वि चुण्णिए तेण ॥३१८॥

अन्नसमएण पच्छा मिच्छत्तं सो खवेइ सव्वं पि ।
मीसं च पुणो सम्मं खवेइ जं पुग्गलं आसि ॥३१९॥

મેં પૂર્વે કદાપિ પણ જિન-સાધુને નમસ્કાર મેળવેલ નથી તેથી જ આજે જન્મ મરણ ચાલુ છે. ૩૧૪

જો પહેલાં મેં આ નવકાર મંત્ર મેળવ્યો હોત તો કર્મક્ષય કેમ ન થયો ? દાવાનળ સળગ્યા પછી ઘાસની ગંજી કેટલો વખત સ્થિર રહી શકે ? ૩૧૫

અથવા કદાચ જો મેળવ્યો હશે તો ભાવ વગર માત્ર દ્રવ્યથી મેળવ્યો હશે. જ્યાં સુધી ચિંતામણિ તરીકે ન ઓળખ્યો હોય ત્યાં સુધી તે કેવી રીતે ફળ આપે ? ૩૧૬

હવે મારે એ પ્રયત્નપૂર્વક આરાધવો જોઈએ. "જો હું જન્મમરણનાં દુઃખનો અંત ઈચ્છતો હોઉં તો આમ બોલીને મહારથ સાધુ અપૂર્વકરણ કરીને ક્ષપકશ્રેણી પર આરૂઢ થયા. કેવી રીતે ? ૩૧૭

તે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ મોક્ષગતિને પામ્યા તેનો ક્રમ આ પ્રમાણે છે -

તે મહાસત્ત્વવાળો શુકલધ્યાન રૂપી અગ્નિવડે કર્મવૃક્ષને બાળે છે. પ્રથમ સમયે અનંતાનુબંધી નામની ચારે કષાયોની ચોકડી તેણે ચૂરી નાંખી. ૩૧૮

બીજા સમય વડે પછી તે સર્વ મિથ્યાત્વ ખપાવે છે. પછી મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયના પુદ્ગલો ખપાવે છે. ૩૧૯

एयं नियट्टिठाणं खाइयसम्मत्तलाभदुल्ललियं।
लंघेऊणं अट्ठ वि कसायरिवुडामरे हणइ ॥३२०॥

झोसेइ णपुंसत्तं इत्थीवेयं च अन्नसमएणं।
हासाइछक्कमन्नं समएणं णिद्दहे वीरो ॥३२१॥

नियजीववीरिएणं खग्गेण व कयलिखंभसमसारं।
पच्छा णिययं वेयं खवेइ लेसाहिं सुज्झंतो ॥३२२॥

कोहाई संजलणे एक्केक्कं सो खवेइ लोभंतं।
पच्छा करेइ खंडे असंखमेत्ते उ लोभस्स ॥३२३॥

एक्केक्कं खवयंतो पावइ जा अंतिमं तयं खंडं।
भेत्तूण करेइ तओ अणंतखंडेहिं किट्टीओ ॥३२४॥

तं वेयंतो भन्नइ महामुणी सुहुमसंपराओ त्ति।
अहखायं पुण पावइ चारित्तं तं पि लंघेउं ॥३२५॥

पंचक्खरउग्गिरणं कालं ज़ा वीसमित्तु सो धीरो।
दोहिं समएहिं पावइ केवलणाणं महासत्तो ॥३२६॥

દુર્લભતાથી મેળવી શકાય તેવા ક્ષાયિક સમ્યક્ત્વ મેળવવાના નિવૃત્તિસ્થાનનું ઉલ્લંઘન કરી આઠ ભયંકર કષાયરૂપી શત્રુઓને હણે છે. ૩૨૦

પછીના અન્ય સમયે નપુંસકવેદ અને સ્ત્રીવેદ ખપાવે છે. પછી તે વીરાત્મા હાસ્ય, રતિ વગેરે છને અન્ય સમયે બાળી નાંખે છે. ૩૨૧

પછી તે વિશુદ્ધ લેશ્યાવાળો પોતાના જીવ-વીર્ય રૂપી તલવાર વડે કેળના થાંભલા જેવા નિઃસાર પુરુષવેદને ખપાવે છે. ૩૨૨

ક્રોધાદિક સંજ્વલનમાં તે લોભ સુધી એકેકને ખપાવે છે. પછી લોભના અસંખ્યાતા ખંડો કરે છે. ૩૨૩

તે એક એક ખંડનો ક્ષય કરતો જ્યારે છેલ્લા ખંડે આવે છે ત્યારે તેને ભેદી અનંત ખંડોવાળી કિટ્ટીઓ કરે છે. ૩૨૪

તેને વેદતો સૂક્ષ્મસંપરાયવાળો મહામુનિ કહેવાય છે તેને પણ ઉલ્લંઘી તે પછી યથાખ્યાત નામનું ચારિત્ર પામે છે. ૩૨૫

તે ધીરપુરુષ પાંચ હ્રસ્વાક્ષરો બોલાય તેટલો સમય વિસામો લે છે પછી તે મહાસત્ત્વવાળો બે સમયમાં કેવળ જ્ઞાન પામે છે. ૩૨૬

पयलं निद्दं पढमं पंचविहं दंसणं चउवियप्पं।
पंचविहमंतरायं खवइत्ता केवली होइ ॥३२७॥

आउयकम्मं च पुणो खवेइ गोत्तेण सह य नामेण।
सेसं पि वेयणीयं जोगनिरोहेण सो मुक्को ॥३२८॥

अह पुव्वपओएणं बंधणखुडियत्तणेण उड्ढगई।
लाउय एरंडफले अग्गी धूमे य दिट्ठंता ॥३२९॥

## (गा. ३३०-३२ सिद्धिगयाणं पंचण्हं अंतगडमुणीणं सरूवं)

ईसीपब्भाराए पुढ्ढईए उवरि होइ लोयंतो।
गंतूण तत्थ पंच वि तणुरहिया सासया जाया ॥३३०॥

नाणमणंतं ताणं दंसण-चारित्त-वीरियसणाहं।
सुहुमा निरंजणा ते अक्खयसोक्खा परमसिद्धा ॥३३१॥

अच्छेज्जा अब्भेज्जा अव्वत्ता अक्खरा निरालंबा।
परमप्पाणो सिद्धा अणायसिद्धा य ते सव्वे ॥३३२॥

પ્રથમ પ્રચલાનિદ્રા પાંચ પ્રકારનું કે ચાર પ્રકારનું દર્શન, પાંચ પ્રકારનું અંતરાય કર્મ ખપાવીને કેવલી થાય છે. ૩૨૭

પછી ગોત્ર અને નામકર્મ સાથે આયુષ્યકર્મ ખપાવે છે. બાકી રહેલા વેદનીય કર્મથી શૈલેશીમાં મુકત થાય છે. ૩૨૮

હવે પૂર્વપ્રયોગ વડે તથા બંધન છૂટી જાય એટલે ઉર્ધ્વગતિ થાય, તુંબડા પરનો માટીનો થર પાણીમાં દૂર થાય. એરંડાનું ફળ છૂટી જાય ને જેમ ઉપર જાય કે અગ્નિની જ્યોત કે ધૂમાડો જેમ ઊંચે જાય તેમ જીવ કર્મથી સર્વથા મુકત બને ત્યારે તેની ઉર્ધ્વગતિ થાય છે. ૩૨૮

ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વીના લોકાંતવાળા ઉપરના ભાગમાં જઈને તે પાંચે શરીર વગરની શાશ્વત પદવી પામ્યા. ૩૩૦

તેઓને અનંતજ્ઞાન હોય છે. તેમ જ સાથે દર્શન, ચારિત્ર, વીર્ય પણ અનંત હોય છે. સૂક્ષ્મ, નિરંજન, અક્ષય સુખવાળા તેઓ પરમ પવિત્ર બની ગયા. ૩૩૧

તે સર્વે અછેદ્ય, અભેદ્ય, અવ્યકત, અક્ષર, નિરાલંબ, અપ્રગટ પરમાત્મા અજ્ઞાત સિદ્ધો થયા. ૩૩૨

## (गा. ३३३-३५. सिद्धिसरूवं)

सा सिवपुरि त्ति भणिया, अयला सा चेव स च्चियापावा।
अपवग्गो निव्वाणं अयलो मोक्खो य सो होइ ॥३३३॥

खेमंकरी य सुहया होइ अणाउट्टि सिद्धठाणं च।
सेयं दीवं तं चिय, तं चिय हो बंभलोय ति ॥३३४॥

तत्थ न जरा, न मच्चू, न वाहिणो, णेय सव्वदुक्खाइं।
अच्चंतसासयं चिय भुंजंति अणोवमं सोक्खं ॥३३५॥

॥ पञ्चम्याराधना समाप्तेति ॥

## સિદ્ધિનું સ્વરૂપ

તે શિવપુરી, તેમ જ અચલા, નિત્ય, અપાપા કહેવાય છે. તેને દ્વીપ અથવા બ્રહ્મલોક પણ કહે છે. ૩૩૩

તે ક્ષેમંકરી, સુભગા, સિદ્ધસ્થાનક, અપવર્ગ, નિર્વાણ, મોક્ષ, સૌખ્ય-સ્થાનક પણ કહેવાય છે. ૩૩૪

ત્યાં જરા નથી, મૃત્યુ નથી, વ્યાધિ નથી, તેમ જ સર્વ દુઃખો નથી. ત્યાં શાશ્વત અનુપમ સુખ ભોગવાય છે. ૩૩૫

**આ પ્રમાણે પાંચમી આરાધના પૂર્ણ થઈ.**

# श्री चिरन्तराचार्य विरचितं महाप्रभावकं

## ।। श्री शत्रुञ्जयतीर्थाधिराज स्तोत्रम् ।।

नम्रेन्द्रमण्डलमणीमय मौलिमाला -

मीलन्-मरीचि-चयचुम्बित-पादपीठम् ।

नत्वा युगादि जिनमादिमतीर्थराजं,

शत्रुञ्जयं गिरिपतिं प्रयतः स्तवीमि ।।१।।

पुण्यं चिनोति नरजन्मफलं तनोति,

पापं लुनाति नयनानि सतां पुनाति ।

दूरेऽपि दर्शनपथं समुपागतो यः,

श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ।।२।।

श्रीपादलिप्तपुर-पावन-पार्श्वनाथ -

श्रीवर्धमानजिनराजयुगं नमन्ति ।

नेमीश्वरं च भविका यदधोविभागे,

श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ।।३।।

# પ્રાચીન જૈનાચાર્ય વિરચિત

# મહાપ્રભાવક

## શ્રી શત્રુંજય તીર્થાધિરાજસ્તોત્ર

નમેલા ઈન્દ્રોના મસ્તકમાં રહેલા મણિમય મુગટોના કાન્તિસમૂહથી ઝળહળતા પાદપીઠવાળા તીર્થાધિપતિ શ્રી આદિનાથ ભગવાનને નમસ્કાર કરીને ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની પ્રયત્નપૂર્વક - ભાવથી સ્તુતિ કરૂં છું. ૧

દૂરથી દષ્ટિગોચર થયેલા જે ગિરિરાજ સજ્જનોને પુણ્યનો સંચય કરે છે, મનુષ્ય જન્મના ફળને આપે છે. પાપને દૂર કરે છે અને તેઓને પવિત્ર કરે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૨

જેની નીચેના ભાગમાં પાદલિપ્તનગર (પાલિતાણા) ને પાવન કરનાર શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી વર્ધમાનસ્વામી ભગવાન તથા શ્રી નેમિનાથ ભગવાનને ભાવિકો નમસ્કાર કરે છે. એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૩

शृङ्गं च यस्य भविका अधिरूढवन्तः,
प्रासादपङ्क्तिममलामवलोकयन्तः ।
लोकोत्तरं किमपि सौख्यमहो लभन्ते,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥४॥

लक्षत्रयी विरहिता द्रविणस्य कोटी -
स्तिस्रो विविच्य किल वाग्भटमन्त्रिराजः ।
यस्मिन् युगादिजिनमन्दिरमुद्दधार,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥५॥

कर्पूर-पूरधवला किल यत्र दृष्टा,
मूर्तिः प्रभोर्जिनगृहप्रथमप्रवेशे ।
सम्यग्दृशाममृत-पारणमातनोति,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥६॥

श्रीमूलनायकजिनः प्रणतः स्तुतो वा,
सम्पूजितश्च भविकैर्भवकोटिबद्धम् ।
यत्रोच्छिनत्ति सहसाऽखिलकर्मजालं,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥७॥

જેના શિખર ઉપર ચડનારા ભાવિકો નિર્મળ મંદિરોની શ્રેણી જોઈને ખરેખર કંઈક અપૂર્વ આનંદને પ્રાપ્ત કરે છે. એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૪

જેની ઉપર રહેલા શ્રી આદીશ્વરપ્રભુના મંદિરોનો મંત્રિરાજ વાગ્ભટે (બાહડે) ૨ ક્રોડ ૯૭ લાખ દ્રવ્યનો વ્યય કરીને જીર્ણોદ્ધાર કરાવ્યો તે શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૫

જ્યાં જિનમંદિરમાં પેસતાંની સાથેજ ભાવિકોની નજરમાં આવેલી કપૂરના પૂર જેવી ઉજ્જવલ શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ સમ્યગ્દષ્ટિવાળા આત્માોને અમૃતનું પારણું કરાવે છે - નેત્રમાં આનંદની તૃપ્તિ કરાવે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૬

જ્યાં ભાવિકો દ્વારા નમસ્કાર કરાયેલ, સ્તુતિ કરાયેલ તથા પૂજાયેલ મૂલનાયક શ્રી આદિનાથ ભગવાન ક્રોડો ભવોમાં બાંધેલા સઘળાં કર્મોનો ઉચ્છેદ કરે છે. એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૭

अष्टोत्तरे च किल वर्षशते व्यतीते,
श्री विक्रमादथ बहुद्रविणव्ययेन।
यत्र न्यवीविशत जावडिरादिदेवं,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥८॥

मम्माणनाम-मणि-शैल-तटीसमुत्थ -
ज्योतिरसाऽऽख्यवररत्नमयश्च यत्र।
दृष्टोऽप्यपूर्व इव भाति युगादिदेवः,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥९॥

यत्रार्चिते भगवतीह करौ कृतार्थौ,
वाणी स्तुते च सफला प्रणते च भालम्।
द्रष्टव्यदर्शनफले नयने च दृष्टे,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१०॥

यत्रादिमो भगवतः किल दक्षिणाङ्गे,
वामे च जावडिनिवेशितमूर्तिरन्यः।
श्री पुण्डरीकयुगलं भवभीतिभेदि,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥११॥

જ્યાં વિક્રમસંવત-૧૦૮ની સાલમાં શ્રેષ્ઠીશ્રી જાવડશાએ ઘણા દ્રવ્યોનો વ્યય કરીને શ્રી આદીશ્વર ભગવાનને ગાદીનશીન કર્યા એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૮

જ્યાં મમ્માણ નામના પર્વતની ખાણમાંથી ઉત્પન્ન થયેલ જ્યોતિરસ નામના શ્રેષ્ઠરત્નસમાન પાષાણમાંથી નિર્મિત શ્રી આદિનાથ ભ.ની પ્રતિમા જોતાં અપૂર્વ - અદ્ભુત લાગે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૯

જ્યાં બિરાજમાન પરમાત્માને પૂજવાથી બે હાથ સાર્થક થાય છે, સ્તુતિ કરવાથી (જીભ) વાણી સફલ બને છે, નમસ્કાર કરવાથી લલાટ સાર્થક થાય છે અને દર્શનથી આંખો જોવાલાયક વસ્તુ જોવારૂપ ફળને મેળવે છે. એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૦

જ્યાં ભગવાનની જમણી બાજુ આદીશ્વર ભગવાન અને ડાબી બાજુ શ્રેષ્ઠી જાવડશાએ સ્થાપન કરેલ મૂર્તિ તથા સંસારના ભયને ભેદનાર બે પુંડરીક સ્વામીજી બિરાજમાન છે એવા શ્રી પુંડરિક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૧

इक्ष्वाकु-वृष्णि-कुलजा मुनिकोटिकोट्यः,
सङ्ख्यातिगाः शिवसुख-श्रियमत्र भेजुः ।
इत्याह यत्र तिलकं किल कोटिकोटेः,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१२॥

पंचापि पाण्डुतनयाः सहिता जनन्या,
कुन्त्याऽऽख्यया शिवमगुः शिखरे यदीये ।
तन्मूर्तयः षडिति शासति यत्र लेप्याः,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१३॥

यत्र प्रियालुरिति चैत्यतरुश्चिरत्नः,
श्रीसंघपुण्यमहिमाऽद्भुतदुग्धवर्षी ।
शस्तं समस्त्यनुपमाऽऽख्यसरोवरं च,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१४॥

श्रीपादुकां भगवतः प्रणिपत्य यत्र,
भालस्थले तिलकिता नखजैर्मयूरवैः ।
भव्या भवन्ति शुभगाः शिवसौख्यलक्ष्म्याः
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१५॥

ઈક્ષ્વાકુ વંશમાં તથા યાદવકુલમાં જન્મેલા કોડાકોડિ અસંખ્ય મુનિઓ અહીં મોક્ષસુખ લક્ષ્મીને મેળવનારા થયા એ પ્રમાણે ખરેખર કોટાકોટિ આત્માઓનું જેને તિલક કહ્યું, એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૨

જેના શિખર ઉપર કુન્તામાતાની સાથે પાંચે પાંડવોએ મોક્ષ મેળવ્યો છે. એવી વાત ત્યાં તેઓની લેવ્યમય છ મૂર્તિઓ કહી રહી છે: એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૩

જ્યાં પ્રાચીન શ્રી સંઘના પુણ્યમહિમા-પ્રભાવને દર્શાવનાર - અદ્ભુત દૂધની વર્ષા કરનાર પ્રિયાલુ એટલે રાયણનું વૃક્ષ તથા સુંદર અનુપમા નામનું સરોવર શોભે છે. એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૪

જ્યાં ભગવાનની પાદુકાને નમસ્કાર કરીને તેના નખથી નીકળતા કિરણોથી કપાળ ભાગમાં તિલકવાળા થયેલા ભવ્યો શિવસુખલક્ષ્મીને પ્રાપ્ત કરનારા થાય છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૫

हिंसाजुषोऽपि पशवोऽपि मयूरमुख्याः,
स्पृष्ट्वा यदीयशिखरं परिपूतदेहाः ।
आसादयन्ति तरसा सुरसम्पदोऽपि,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१६॥

द्वाविंशतिर्जिनवरा अजितादयस्ते,
स्व-स्व-प्रभाञ्चित-सपादुकलेप्यबिम्बैः ।
अत्रैयरुः श्रुतमिति द्रढयन्ति यत्र,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१७॥

वामे च पार्श्वे इह सत्यपुरावतारः,
स्याद् दक्षिणे शकुनिकांकितसद्विहारः ।
अष्टापदो भगवतः किल यत्र पृष्ठे,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१८॥

नन्दीश्वरस्य गिरिनार-गिरीश्वरस्य,
श्रीस्तंभनस्य भविका अवतारतीर्थम् ।
संवीक्ष्य यत्र परमां मुदमुद्वहन्ति,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥१९॥

હિંસક એવા પણ વાઘસિંહ વગેરે પશુઓ તથા મોર વગેરે પક્ષીઓ જેના શિખરનો સ્પર્શ કરીને પવિત્ર શરીરવાળા થયેલા જલ્દીથી સ્વર્ગની સંપત્તિને પણ મેળવે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૬

શ્રી અજિતનાથ ભગવાન વગેરે બાવીશ તીર્થંકર પરમાત્માઓ અહિં પધાર્યા હતા એવી સંભળાતી વાતને જ્યાં બિરાજમાન પાદુકા સહિત લેપ્યમય તેઓની મૂર્તિઓ દઢ કરે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૭

જ્યાં ડાબી બાજુના ભાગમાં સત્યપુરાવતાર (મહાવીર-સ્વામી ભગવાન) જમણી બાજુના ભાગમાં શકુનિકા વિહાર (મુનિસુવ્રતસ્વામીજી ભગવાન) તથા પાછળના ભાગમાં અષ્ટાપદજી શોભે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૮

જ્યાં રહેલી નંદીશ્વર દ્વીપની રચના, ગિરનાર તીર્થની રચના તથા સ્તંભનાવતાર તીર્થની રચનાના દર્શન કરીને ભાવિકો ઘણા આનંદને પ્રાપ્ત કરે છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૧૯

स्वर्गाधिरोहभवने जगतां कृपालु-
र्यत्र प्रभुर्विनमिना नमिना च सेव्यः ।
तत् खड्ग-बिम्बनकृतापररूपयुग्मः,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥२०॥

श्रीषोडशो जिनपतिः प्रथमो जिनेशः,
श्रेयांस-नेमिजिन-वीर-जिनेन्द्रमुख्याः ।
शृङ्गं द्वितीयमिह यत्र पवित्रयन्ति,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥२१॥

त्रैलोक्यलोचन-चकोरक-चन्द्रिकाभा,
सुस्वामिनी शिवगता मरुदेविनाम्नी ।
यत्र प्रयच्छति निजं सुखसंविभागं,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥२२॥

यत्रैष भव्यजनकल्पितकल्पवृक्षः,
श्रीसंघरक्षणमहर्निशबद्धकक्षः ।
अष्टासु दिक्षु वितनोति कपर्दियक्षः,
श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः ॥२३॥

જ્યાં સ્વર્ગમાં ચડાવનાર હોય એવા મંદિરમાં નમિ/વિનમિ દ્વારા સેવાતા દયાળુ શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે - કે જેમણે બે બાજુ તેઓની હાથમાં રહેલી તલવારના પ્રતિબિંબ તરીકે (ત્રણ જગતનો ઉદ્ધાર કરવા માટે જ જાણે ન હોય એમ) બીજા બે રૂપ ધારણ કર્યા છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૨૦

જેના બીજા શિખરને સોળમા શાંતિનાથ ભગવાન, પહેલા આદીશ્વર ભગવાન, શ્રી શ્રેયાંસનાથ ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી મહાવીર સ્વામી ભગવાન પવિત્ર કરી રહ્યા છે એવા શ્રી પુંડરિક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૨૧

જ્યાં ત્રણ લોકના આત્માઓના નેત્ર ચોકર માટે ચંદ્રની ચાંદની જેવા શ્રી મરુદેવા માતા મોક્ષમાં ગયા છતાં જાણે પોતાના સુખનો ભાગ આપી રહ્યા હોય તેવા શોભી રહ્યા છે એવા શ્રી પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૨૨

જ્યાં ભવ્યજનો માટે કલ્પવૃક્ષ સરખા, દિવસ ને રાત સેવા કરવાના લક્ષવાળા શ્રી કપર્દીયક્ષ (કવડજક્ષ) આઠે દિશાઓમાં શ્રી સંઘની રક્ષા કરી રહ્યા છે એવા પુંડરીક ગિરિરાજ વિજયવંતા વર્તો. ૨૩

इत्येवंविधपुण्डरीकशिखर-
स्तोत्रं पवित्रं मुदा,
श्रीमन्नाभिनरेन्द्रनन्दनजिन-
ध्यानैकतानव्रतः ॥
श्रद्धाबन्धुरमानसः पठति यः,
सन्ध्याद्वये नित्यशः ।
स्थानस्थोऽपि निरन्तरं स लभते,
तत्तीर्थयात्राफलम् ॥२४॥

इति श्री चिरन्तनाचार्य विरचितं
श्री शत्रुञ्जयतीर्थाधिराजस्तोत्रम् ॥

लिखितं जामनगरे पूज्याचार्यवर-
श्री विजय देवसूरीश्वरान्तिषदा
विजयहेमचन्द्रसूरिणा ॥
वि.सं. २०४८ ज्ये. शु. चतुर्थ्याम् ॥

**॥ श्रेयोऽस्तु श्री श्रमणसंघस्य ॥**

આ પ્રમાણે શ્રીમાન્ પુંડરીક ગિરિરાજનું પવિત્ર સ્તોત્ર, જે શ્રી નાભિનરેન્દ્રનંદન એટલે શ્રી આદીશ્વર ભગવાનના ધ્યાનમાં એકતાન થયેલો શ્રદ્ધાથી નિર્મળ ચિત્તવાળો રોજ સવાર/ સાંજ બોલે છે તે પોતાના સ્થાનમાં રહેલો છતાં શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાના ફળને મેળવે છે. ૨૪

આં પ્રમાણે પ્રાચીન જૈનાચાર્ય વિરચિત મહાપ્રભાવક શ્રી શત્રુંજય તીર્થાધિરાજનું સ્તોત્ર પૂજ્ય આચાર્ય શ્રી વિજય દેવ-સૂરીશ્વરજી મહારાજશ્રીના અન્તેવાસી આચાર્ય શ્રી વિજય હેમચંદ્ર સૂરિજીએ જામનગરમાં વિ.સં. ૨૦૪૮ના જેઠ સુદિ ચોથના દિવસે હસ્ત લિખિત પાનાના આધારે લખ્યું છે.

**"શ્રી શ્રમણસંઘનું કલ્યાણ થાઓ"**

अध्यात्मसार -आत्मानुभवाधिकार श्लोक ३८ : ४५

निन्द्यो न कोऽपि लोके,
पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।
पूज्या गुणगरिमाढ्या,
धार्यो रागो गुणलवेऽपि ॥१॥

निश्चित्यागमत्त्वं,
तस्मादुत्सृज्य लोकसंज्ञां च ।
श्रद्धाविवेकसारं,
यतितव्यं योगिना नित्यम् ॥ २॥

ग्राह्यं हितमपि बाला -
दालापैर्दुर्जनस्य न द्वेष्यम् ।
त्यक्तव्या च पराशा,
पाशा इव सङ्गमा ज्ञेयाः ॥३॥

स्तुत्या स्मयो न कार्यः,
कोपोऽपि च निन्दया जनैः कृतया ।
सेव्या धर्माचार्या-
स्तत्त्वं जिज्ञासनीयं च ॥४॥

निन्द्यो न कोऽपि વગેરે આઠ શ્લોકોનો પદ્યાનુવાદ

(પ્રાભાતિકરાગ)

નિન્દ્ય ના આતમા કોઈ આ જગવિષે,
ભવસ્થિતિ ભાવવી પાપીને પણ વિષે;
જેહ ગુણવન્ત તેને સદા પૂજવા,
રાગ ધરવો ભલે હોય ગુણ જૂજવા. ૧

આગમ તત્ત્વનો નિશ્ચય વળી કરી,
લોકસંજ્ઞા તથા દૂરથી પરિહરી;
સાર શ્રદ્ધા વિવેકાદિ છે જેહમાં,
યોગીએ યત્ન કરવો સદા તેહમાં. ૨

ગ્રહણ કરવા વચન હિતકર બાલથી,
દ્વેષ ધરવો નહિ ખલ તણાં વાક્યથી;
રાખવી ના કદી પરતણી આશને,
સંગમો જાણવા પાશ જિમ ખાસ તે. ૩

સ્તુતિ થકી કોઈની હર્ષ નવિ આણવો,
કોપ પણ તિમ ન નિન્દા થકી લાવવો;
ધર્મના જેહ આચાર્ય તે સેવવા,
તત્ત્વના જ્ઞાનની કરવી નિત ખેવના. ૪

शौचं स्थैर्यमदम्भो,

वैराग्यं चात्मनिग्रहः कार्यः ।

दृश्या भगवतदोषा-

श्चिन्त्यं देहादिवैरूप्यम् ॥५॥

भक्तिर्भगवति धार्या,

सेव्यो देशः सदा विविक्तश्च ।

स्थातव्यं सम्यक्त्वे,

विश्वस्यो न प्रमादरिपुः ॥६॥

ध्येयात्मबोधनिष्ठा,

सर्वत्रैवागमः पुरस्कार्यः ।

त्यक्तव्याः कुविकल्पताः,

स्थेयं वृद्धानुवृत्त्या च ॥७॥

साक्षात्कार्यं तत्त्वं,

चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।

हितकारी ज्ञानवता,

मनुभववेद्यः प्रकारोऽयम् ॥८॥

શૌર્ય ને સ્થૈર્ય ધરી, દંભને ત્યજી કરી,
રાખી વૈરાગ્ય તિમ આત્મનિગ્રહ કરી;
દોષ સંસારના નિત નિત દેખવા,
દેહ વૈરૂપ્ય તિમ મન સદા ભાવવા. ૫
ભક્તિ ભગવન્તમાં દઢમને ધારવી,
દેશ એકાન્ત નિત સેવવો ભાવથી;
સ્થિર સદા રહેવું સમ્યક્ત્વમાં મેરુ જિમ,
પ્રમાદ રિપુનો ન વિશ્વાસ કરવો તિમ. ૬
ધ્યાવવી આત્મ તણી બોધનિષ્ઠા સદા,
કાર્ય કરતાં સવિ આગમ માનવા;
કરવો કુત્સિત વિકલ્પો તણો ત્યાગ વળી,
રહેવું સુખ શાન્તિમાં વૃદ્ધજન અનુસરી. ૭
કરવું ઈમ આતમ તત્ત્વશુભ દર્શન,
જ્ઞાન આનન્દ ભરપૂર થવું સંતત;
હિતકર જ્ઞાનીને અનુભવવેદ્ય આ,
પ્રકાર આપે યશોવિજય સુખ સંપદા. ૮

અધ્યાત્મસાર -આત્માનુભવાધિકાર (૨૦)ના શ્લોક ૩૮ થી ૪૫
સુધીનો પદ્યાનુવાદ.

- પૂજ્યાચાર્ય શ્રી વિજય દેવસૂરીશ્વરજીના શિષ્ય વિજય હેમચંદ્રસૂરિ.

## અનન્ત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામી ભગવાનની પ્રાતઃ પાઠ કરવા યોગ્ય ભાવવાહી સ્તુતિ ...

જેનું અદ્‌ભુત રૂપ નિરખતાં ઉરમાં નહિ આનંદ સમાય,
જેના મંગલ નામે જગમાં સઘળાં વાંછિત પૂરણ થાય;
સુરતરુ સુરમણિ સુરઘટ કરતાં જેનો મહિમા અધિક ગણાય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદ પંકજ નમું શીષ નમાય. ૧

વીરપ્રભુના શિષ્ય પ્રથમ જે સકલ લબ્ધિ તણાં ભંડાર,
વસુભૂતિ દ્વિજ નંદન નવલા પૃથ્વીમાત હૃદયના હાર;
જગમાં નહિ કોઈ એહવું કારજ જે તસ નામે ના સિદ્ધ થાય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદ પંકજ નમું નમુ શીષ નમાય. ૨

વીર વદનથી વેદ વચનના અર્થ યથાર્થ સુણી તત્કાલ,
બોધ લહી પણસય સહ છાત્રે સ્વીકાર્યું સંયમ અસરાલ;
ત્રિપદી પામી અંત મુહૂર્તે દ્વાદશ અંગ રચ્યા ક્ષણમાંય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદ પંકજ નમું શીષ નમાય. ૩

પંદરસો તાપસ પ્રતિ બોધી પળમાં કેવળ નાણી કર્યા,
નિજ લબ્ધે અષ્ટાપદ ચડીને ચઉ વિશ જિનપર પયપ્રણમ્યા;
જીવનભર પ્રભુ વીર ચરણની જેણે ભકિત કરી સુખદાય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદ પંકજ નમું શીષ નમાય. ૪

માન થયું જસબોધ નિમિત્તક ને ગુરુભકિત નિમિત્તક રાગ,
થયો વિષાદ ખરેખર જેનો કેવલવર દાયક મહા ભાગ;
નિરખી જસ અદ્‌ભુત આ જીવન કોને મન નવિ અચરજ થાય,
એવા શ્રી ગુરુ ગૌતમ ગણધર પદ પંકજ નમું શીષ નમાય. ૫

*રચયિતા : પૂ.આ. શ્રી વિજયદેવ સૂરિ પટ્ટધર વિજયહેમચંદ્ર સૂરિ.*

## ❊ શરણાષ્ટક ❊

હે વિભો ! અનાદિ અનંત આ જગતમાં નિરંતર ભમતાં એવા મારા માટે અત્યારે આપ જ એક શરણરૂપ છો. ૧

જ્યાં ત્યાં જઈને અને જેને તેને પ્રણામ કરીને હે નાથ ! મેં જે પાપ ઉપાર્જન કર્યું છે તે સર્વને આજે હું ખમાવું છું. ૨

હે સ્વામિન્ ! સંસાર સમુદ્રમાં ડૂબતા એવા મારો ઉદ્ધાર કરવા માટે (આપના સિવાય) માતા, પિતા, ભાઈ, પતિ કે પત્ની કોઈ જ સમર્થ નથી. ૩

હે જિનેશ્વર દેવ ! આપનામાં જ આસક્ત બનેલું મારું મન ઘરમાં કે વનમાં, દુકાનમાં કે ઉદ્યાનમાં કોઈ જગ્યાએ આનંદ પામતું નથી. ૪

હે નાથ ! હું કેવો મંદભાગ્યવાળો છું કે આપના જેવા નાથ હોવા છતાં આપના ચરણ કમળની સેવા છોડીને હું સંસારમાં મજા કરું છું. ૫

હે પરમેશ્વર ! મારો હાથ પકડીને આપ મને અહિં સુધી લઈ આવ્યા છો તો હવે રસ્તામાં અધવચ્ચે નિરાધાર એવા મને આપ કેમ છોડી દ્યો છો ? ૬

હે નાથ ! આપના ગુણોનો કોઈ પાર નથી અને આપની ઉદારતા પણ ઘણી છે તો તે ગુણોમાંથી એક ગુણ મને આપ કેમ આપતા નથી ? ૭

કરુણાના સાગર હે દેવાધિદેવ ! આ મારી વાત ચોક્કસ જાણજો કે ક્રોડો કપટો વડે પણ આપને છોડીને બીજા કોઈ દેવનો આશ્રય હું નહિં કરું. ૮

## ※ पूज्य साध्वी श्री पद्मलताश्री महाराज ※
## गुणस्तुतित्रयी

वात्सल्यमुखा यस्या,
गुणा विराजन्ति जगति चित्रकराः ।
पद्मलताऽऽख्या जननी,
साध्वी सा जयतु धन्यतमा ॥१॥ आर्या वृत्तम् ।

વાત્સલ્ય, કરુણા, સરળતા વગેરે જગતમાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા ગુણો જેમનામાં શોભી રહ્યા છે તે અત્યંત ધન્યવાદને પાત્ર સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી મ. (બા મહારાજ) જય પામો - વિજય પામો. ૧

यस्याः संस्कारबलात्
स्वामी पुत्री च पुत्रयुगलं च ।
प्रव्रजिता भवं त्यक्त्वा
नितरां सा धन्यवादार्हा ॥२॥

જેમના સંસ્કારબળથી પોતાના પતિ, બે પુત્રો તથા પુત્રી સંસારનો ત્યાગ કરી સંયમનો સ્વીકાર કરનારા થયા તે અત્યંત ધન્યવાદને યોગ્ય છે.

हृदयं सद्भावमयं
जिनगुणगाने रता सदा रसना ।
कायश्च तपोनिरतः,
यस्याः सा धन्यतमचरिता ॥३॥

હૃદય જેમનું નિર્મળ ભાવનામય છે, જીભ જેમની જિનેશ્વર પરમાત્માના ગુણ ગાન કરવામાં હંમેશા તત્પર છે, અને શરીર જેમનું તપશ્ચર્યામાં પરાયણ છે એવા તે સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી મ.નું જીવન ધન્ય છે.